દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 308 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માર્ગશીર્ષ વદ - ૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 27 December 2024, Friday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
શુક્રવાર ૨૭ ડિસેમ્બર ૨૦૨૪, (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બાંગ્લાદેશમાં હિન્દુઓ પછી હવે ખ્રિસ્તીઓ પર હુમલા

બાંગ્લાદેશઃ બાંગ્લાદેશમાં હિન્દુઓ પછી હવે ખ્રિસ્તીઓ પર હુમલા થવા માંડ્યા છે. બાંગ્લાદેશના બંડારબન જિલ્લામાં ગામવાસીઓ જ્યારે ક્રિસમસની પ્રાર્થના માટે ચર્ચમાં ગયા હતા ત્યારે ગામમાં વસતા ત્રિપુરાના ખ્રિસ્તી સમુદાયના લોકોનાં ૧૭ ઘર સળગાવી દેવામાં આવ્યાં હતાં.

આ ઘટનામાં ગામમાં ખ્રિસ્તી સમુદાયનાં કુલ ૧૯માંથી ૧૭ ઘર સંપૂર્ણપણે બળીને રાખ થઈ ગયા હતા. બનવાજોગ ક્રિસમસના તહેવાર દરમિયાન જ આ ઘટના બની છે.

શેખ હસીનાના પતન બાદ મુહમ્મદ યુનુસના વડપણ હેઠળ વચગાળાની સરકારે શાસનનો હવાલો સંભાળ્યા બાદ બાંગ્લાદેશમાં ધાર્મિક લઘુમતીઓ પર કરવામાં આવી રહેલા હુમલાઓનો કોઈ અંત નથી જણાઈ રહ્યો.

ઉલ્લેખનીય છે કે ખ્રિસ્તી ધર્મનું પાલન કરતા ત્રિપુરા સમુદાયના લોકોને ત્રિપુરાના ખ્રિસ્તી સમુદાયના લેખવામાં આવે છે.

એક અહેવાલ મુજબ ગામવાસીઓ પડોશી ગામમાં ક્રિસમસની પ્રાર્થના માટે ચર્ચમાં ગયા હતા તે સમયે એટલે કે પચીસ ડિસેમ્બરે આ ઘટના બની હતી. હુમલો કરવામાં આવ્યો ત્યારે ગામમાં કોઈ જ નહોતું.

તોફાનીઓએ ગામવાસીઓની ગેરહાજરીનો લાભ લઈ આ દુષ્કૃત્ય કર્યું હતું. અસરગ્રસ્તોનું સલામત સ્થળે પુનર્વસન કરવામાં આવ્યું હતું.

ઘટના અંગે કોઈ ફરિયાદ મળી નથી એમ જણાવતાં પોલીસ અધિકારીએ કહ્યું હતું કે ફરિયાદ મળ્યા બાદ જ તપાસ અને કાર્યવાહી કરવામાં આવશે. (એજન્સી) ■

## એમપીમાં ટ્રાન્સમિશન ટાવર ધરાશાયી થતાં ત્રણ મજૂરનાં મોત, છ ઘાયલ

સિધીઃ મધ્ય પ્રદેશના સિધી જિલ્લામાં ગુરુવારે ૪૦૦ કે વી ટ્રાન્સમિશન લાઇનનો ટાવર તેમના પર પડતાં ત્રણ મજૂરનાં મોત થયાં હતાં અને છ અન્ય ઘાયલ થયા હતા.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આ ઘટના રામપુર નાઈકિન તહસીલ હેઠળના આમદાદ ગામમાં લગભગ ૧૨.૩૦ વાગ્યે બની હતી.

સિધીના એસ પી રવિન્દ્ર વર્માએ જણાવ્યું હતું કે ''મજૂરો જૂના ટ્રાન્સમિશન ટાવરને બદલીને નવા લગાવી રહ્યા હતા. મજૂરોના જૂથ પર એક ટાવર ધરાશાયી થયો હતો, જેમાં બેના ઘટનાસ્થળે જ મોત થયાં હતાં, જ્યારે ત્રીજી વ્યક્તિનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું.

અન્ય છ વ્યક્તિ ઘાયલ થઇ છે અને તેમને સંજય ગાંધી મેડિકલ કોલેજ, રીવામાં દાખલ કરવામાં આવ્યા છે.''

તેમણે ઉમેર્યું હતું કે, મૃતકો પશ્ચિમ બંગાળના છે, તેમની ઓળખ કરવામાં આવી રહી છે. ■

## ડૉલર સામે રૂપિયો ૧૨ પૈસા પટકાઈને નવાં તળિયે


(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં આગળ ધપતો સુધારો, સાંકડી વધઘટે અથડાઈ ગયેલી સ્થાનિક ઈક્વિટી માર્કેટ અને ટ્રમ્પની વેપાર અને વેરાની નીતિ અંગેની અનિશ્ચિતતાને કારણે માસાન્તને કારણે ડૉલરમાં આયાતકારોની આક્રમક લેવાલી જળવાઈ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સતત ત્રીજા સત્રમાં પીછેહઠ જળવાઈ રહેતાં વધુ ૧૨ પૈસા પટકાઈને ૮૫.૨૭ના નવાં તળિયે બંધ રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત મંગળવારના ૮૫.૧૫ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૫.૨૩ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૨૮ અને ઉપરમાં ૮૫.૨૩ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે ૧૨ પૈસા ગબડીને ૮૫.૨૭ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ક્રિસમસ નિમિત્તે સ્થાનિક ફોરેક્સ માર્કેટ સત્તાવાર ધોરણે બંધ રહી હતી.

વૈશ્વિક સ્તરે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ ઉપરાંત અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ વધીને સાત મહિનાની ઊંચી સપાટી આસપાસ પ્રવર્તી રહી હોવાથી રૂપિયો દબાણ હેઠળ રહે (જુઓ પાનું ૨) ▸▸

## ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહનું નિધન



નવી દિલ્હીઃ દેશના ભૂતપૂર્વ વડા પ્રધાન અને ભારતની આર્થિક ઉદારીકરણ નીતિના જનક ડો. મનમોહન સિંહનું ગુરુવારે રાત્રે અવસાન થયું હતું. તેઓ ૯૨ વર્ષના હતા. ગુરુવારે તેમની તબિયત બગડ્યા બાદ મોડી સાંજે તેમને દિલ્હીની એઈમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

મનમોહનસિંહની વર્ષ ૨૦૦૬માં બીજી વખત બાયપાસ સર્જરી કરવામાં આવી હતી, જે બાદ તેઓ ખૂબ જ બીમાર હતા. ગુરુવારે, તેમને શ્વાસ લેવામાં તકલીફ અને બેચેનીથી પીડાતા એઇમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા.

દેશના ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહનું ગુરુવારે નિધન થયાની રોબર્ટ વાડ્રાએ ટ્વીટ કરી જાણકારી આપી હતી. વડા પ્રધાન મનમોહન સિંહ લાંબા સમયથી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓનો સામનો કરી રહ્યા હતા. આ પહેલા પણ તેમને સ્વાસ્થ્યના કારણોસર ઘણી વખત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

તેઓ ૨૦૦૪થી ૨૦૧૪ સુધી બે વખત દેશના વડા પ્રધાન રહ્યા હતા અને તેમની ગણના ભારતના મહાન અર્થશાસ્ત્રીઓમાં થતી હતી. તેમણે ચંડીગઢની પંજાબ યુનિવર્સિટી અને ગ્રેટ બ્રિટનની કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં શિક્ષણ મેળવ્યું હતું. તેમણે ઓક્સફર્ડ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં ડોક્ટરેટની પદવી મેળવી. મનમોહનસિંહને તેમના સરળ અને શાંત સ્વભાવ માટે હંમેશાં યાદ કરવામાં આવશે.

મનમોહનસિંહ ૧૯૮૨થી ૧૯૮૫ સુધી રિઝર્વ બેંકના ગવર્નર પણ રહી ચૂક્યા હતા. તેઓ પહેલા કોંગ્રેસ તરફથી રાજ્યસભામાં ચૂંટાયા હતા. તેમને ૧૯૯૧માં દેશના નાણાપ્રધાન બન્યા હતા અને એ વખતે દેશ ભયંકર આર્થિક કટોકટીમાંથી પસાર થઈ રહ્યો હતો. આ સમયે તત્કાલીન વડા પ્રધાન પી.વી. નરસિંહ રાવની આગેવાની હેઠળ મનમોહનસિંહે દેશના અર્થતંત્રના દરવાજા ખોલ્યા હતા અને દેશને આર્થિક વિકાસના પંથે મૂક્યો હતો. ■

## ગુજરાતના વાતાવરણમાં આવ્યો પલટો

### પૂર્વ અમદાવાદમાં હળવો વરસાદ

અમદાવાદઃ અમદાવાદના વાતાવરણમાં ભરશિયાળે પલટો આવ્યો હતો. અમદાવાદ પૂર્વમાં ખાસ કરીને મણિનગર, વટવા, ઈસનપુર સહિતના પૂર્વના કેટલાક વિસ્તારમાં ક-મોસમી વરસાદી ઝાપટા પડવાને કારણે શહેરમાં ઠંડીનો જોરદાર ચમકારો જોવા મળ્યો છે. માવઠાના કારણે વાતાવરણ ઠુંગાર થઈ ગયું હતું. અચાનક વરસાદી ઝાપટું પડતાં લોકો સલામત જગ્યા શોધીને ઉભા રહી ગયા હતા, જ્યારે અમુક લોકોએ ભીંજાવાની મજા માણી હતી. વરસાદી ઝાપટાંના કારણે કાંકરિયા કાર્નિવલના કાર્યક્રમમાં લોકોના રંગમાં ભંગ પડ્યો હતો. લોકો કાર્નિવલનો કાર્યક્રમ છોડીને બહાર નીકળી ગયા હતા. હવામાન વિભાગ ગુજરાતમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન (જુઓ પાનું ૨) ▸▸

## મેલબર્નમાં પહેલો દિવસ ઑસ્ટ્રેલિયન બૅટર્સનો, બુમરાહે પણ બતાવ્યો પરચો



મેલબર્નઃ ઑસ્ટ્રેલિયાએ અહીં બૉક્સિંગ-ડે ટેસ્ટ (સવારે ૫.૦૦ વાગ્યાથી)ના પ્રથમ દિવસે પહેલા દાવમાં બૅટિંગ પસંદ કર્યા પછી શરૂઆત સારી કરી હતી અને ટોચના ચારેય બૅટર (સૅમ કૉન્સ્ટેસ, ઉસમાન ખ્વાજા, માર્નસ લાબુશેન, સ્ટીવ સ્મિથ)ની હાફ સેન્ચુરીની મદદથી રમતના અંત સુધીમાં છ વિકેટે ૩૧૧ રન બનાવી લીધા હતા, પરંતુ વર્લ્ડ નંબર-વન બોલર જસપ્રીત બુમરાહ ફરી કટોકટીના સમયે ટીમ ઇન્ડિયાની વહારે આવ્યો હતો અને ૭૫ રનમાં ત્રણ વિકેટ લઈને તેણે યજમાન ટીમને વધુ મોટો સ્કોર બનાવતાં રોકી હતી.

ભારતીય બોલર્સ શુક્રવારે ઑસ્ટ્રેલિયન ટીમને કેટલા સ્કોર સુધી સીમિત રાખશે એના પર મૅચના પરિણામનો આધાર રહેશે. ઉલ્લેખનીય છે કે ભારત મેલબર્નમાં આ પહેલાંની સતત બે ટેસ્ટ જીત્યું હતું અને હવે અહીં વિજયની હૅટ-ટ્રિક કરવાનો ટીમ ઇન્ડિયાને મોકો છે.

૧૯ વર્ષનો નવો ઓપનિંગ બૅટર સૅમ કૉન્સ્ટેસ (૬૦ રન, ૬૫ બૉલ, બે સિક્સર, છ ફોર) ગુરુવારના પહેલા દિવસનો સ્ટાર-અટ્રૅક્શન હતો. તેણે ૮૦,૦૦૦-પ્લસ પ્રેક્ષકોથી ખીચોખીચ ભરાયેલા સ્ટેડિયમ વચ્ચે બુમરાહ (જુઓ પાનું ૨) ▸▸

## યુવાનો ટૅક્નોલૉજીમાં કૌશલ્ય વિકસાવેઃ વડા પ્રધાન મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ યુવાનોને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, અત્યાધુનિક મશીન સહિતની વિવિધ નવી ટૅક્નોલૉજીમાં કૌશલ્ય વિકસાવવા ગુરુવારે અનુરોધ કર્યો હતો.

મોદીએ 'વીર બાળક દિવસ' નિમિત્તે યોજાયેલા કાર્યક્રમને સંબોધતા જણાવ્યું હતું કે દુનિયામાં વિવિધ ક્ષેત્રે નવી ટૅક્નોલૉજી અને નવા પડકાર આવી રહ્યા છે અને યુવાનો તે શીખે તેના માટે સરકાર યુવાનોને ધ્યાનમાં રાખીને નીતિ તૈયાર કરે છે.

તેમણે જણાવ્યું હતું કે અમારી સરકાર યુવાનોને નવી ટૅક્નોલૉજી શીખવામાં અને તેઓમાં આત્મવિશ્વાસ વધારવા માટે જરૂરી સહાય કરવા કટિબદ્ધ છે.

મોદીએ જણાવ્યું હતું કે ગુરુ ગોવિંદસિંહનાં સંતાનોએ ૩૦૦ કરતાં વધુ વર્ષ પહેલાં મોગલ સામ્રાજ્યના દમનની સામે બહાદુરી બતાવી હતી અને બલિદાન આપ્યું હતું. તેઓ આપણને સૌને શીખવી ગયા હતા કે કોઇ પણ ખરાબ સંજોગ અને મુશ્કેલીમાં પણ રાષ્ટ્રના હિતને પ્રાધાન્ય આપવું જોઇએ.

વડા પ્રધાને ૧૪ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંના 'પ્રધાન મંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર'ના ૧૭ વિજેતા બાળકોની સાથે વાતચીત પણ કરી હતી અને તેઓને અભિનંદન (જુઓ પાનું ૨) ▸▸

## ટીડીએસ સિસ્ટમને પડકારતી અરજી સુપ્રીમ કોર્ટમાં કરાઈ

નવી દિલ્હીઃ ઇન્કમ ટૅક્સ (આવકવેરા)ની ટૅક્સ ડિડક્શન ઍટ સોર્સ (ટીડીએસ)ની સિસ્ટમને પડકારતી જાહેર હિતની અરજી ગુરુવારે સર્વોચ્ચ અદાલતમાં કરાઇ હતી.

અરજદારે આક્ષેપ કર્યો હતો કે ટૅક્સ ડિડક્શન ઍટ સોર્સની સિસ્ટમ 'સમાનતા સહિતના બંધારણમાં અપાયેલા વિવિધ મૂળભૂત અધિકાર'નો ભંગ કરે છે.

ચુકવણી કરનારે આવકવેરા ધારા (ઇન્કમ ટૅક્સ ઍક્ટ) હેઠળ ટીડીએસ કાપીને તે આવકવેરા વિભાગમાં જમા કરાવવો ફરજિયાત છે. બાદમાં જેનો ટીડીએસ કપાયો હોય તે કરદાતા ઇન્કમ ટૅક્સ રિટર્ન ફાઇલ કરે (જુઓ પાનું ૨) ▸▸

## ગઠબંધનમાં તિરાડઃ કેજરીવાલ અને આતિશી સામે કાર્યવાહી કરવાની કૉંગ્રેસે કરી માગ

નવી દિલ્હીઃ દિલ્હી વિધાનસભા ચૂંટણીનો સમય ધીમે ધીમે નજીક આવવાની સાથે કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટી એકબીજા પર પ્રહાર કરી રહ્યા છે. નવી દિલ્હી સીટથી કૉંગ્રેસના ઉમેદવાર સંદીપ દીક્ષિતે દિલ્હીના ઉપરાજ્યપાલ વી કે સક્સેનાને મળીને તેમને ત્રણ ફરિયાદ કરી છે. સંદીપ દીક્ષિતે આમ આદમી પાર્ટી દ્વારા મુખ્ય પ્રધાન મહિલા સમ્માન યોજના અંતર્ગત થઈ રહેલા રજિસ્ટ્રેશન પર અખબારોમાં દિલ્હી સરકારે આપેલી જાહેરાતનો ઉલ્લેખ કરી આમ આદમી પાર્ટી પર મહિલાઓ સાથે છેતરપિંડીનો આરોપ લગાવ્યો છે.

કૉંગ્રેસ નેતા સંદીપ દીક્ષિત દિલ્હી પોલીસને કાર્યવાહી કરવાની માગ કરી છે. ઉપરાંત આ મામલે આમ આદમી પાર્ટી સામે ઉચ્ચ સ્તરીય તપાસની માગ કરી છે. અરવિંદ કેજરીવાલ અને દિલ્હીના મુખ્ય પ્રધાન આતિશી સામે કલમ ૪૨૦ અંતર્ગત કાર્યવાહી કરવાની માગ કરી છે. સંદીપ દીક્ષિતે (જુઓ પાનું ૨) ▸▸

## જમ્મુ-કાશ્મીરમાં ભીષણ શીત લહેર

શ્રીનગરઃ સમગ્ર કાશ્મીર ગંભીર શીત લહેરની ઝપેટમાં છે અને લઘુતમ તાપમાન માઇનસ ડિગ્રીથી નીચે પહોંચી ગયું છે. અધિકારીઓએ ગુરુવારે આ માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે શુક્રવાર અને શનિવારે ઉંચાઇવાળા વિસ્તારોમાં હિમવર્ષા થવાની સંભાવના છે.

કાશ્મીર ખીણમાં રાત્રિના તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો, જેના કારણે ઘાટીમાં શીત લહેર યથાવત્ છે. તાપમાનનો પારો ગગડવાના કારણે અનેક જળાશયો અને વિવિધ વિસ્તારોમાં પાણી પુરવઠાની લાઈનોમાં પાણી જામી ગયું હતું. દાલ સરોવરમાં પણ બરફના થર જોવા મળ્યા હતા.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે બુધવારે રાત્રે શ્રીનગરમાં લઘુતમ તાપમાન માઈનસ સાત ડિગ્રી સેલ્સિયસથી નીચે નોંધાયું હતું, જ્યારે અગાઉ મંગળવારે રાત્રે તાપમાન માઈનસ ૭.૩ ડિગ્રી સેલ્સિયસથી નીચે નોંધાયું હતું.

બુધવારે રાત્રે નોર્થ કાશ્મીરના પ્રવાસી સ્થળ ગુલમર્ગમાં લઘુતમ તાપમાન માઈનસ છ ડિગ્રી સેલ્સિયસ અને પહેલગામમાં માઈનસ ૮.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાન વિભાગે જણાવ્યું હતું કે કાઝીગુંડમાં (જુઓ પાનું ૨) ▸▸

## રોપ-વે વિરુદ્ધની હડતાળના બીજા દિવસે વૈષ્ણોદેવીના શ્રદ્ધાળુઓની હાલાકી

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : જગવિખ્યાત તીર્થસ્થળ વૈષ્ણોદેવી આવનારા શ્રદ્ધાળુઓ સતત બીજા દિવસે હેરાનપરેશાન થઈ ગયા હતા. સંઘર્ષ સમિતિએ ત્રણ દિવસની હડતાળની હાકલ આપી હતી, પરંતુ સમિતિએ અટકમાં લેવાયેલા દેખાવકારોને મુક્ત ન કરવામાં એ સ્થિતિમાં બેમુદત હડતાળની ધમકી આપીવામાં હતી.

કટરામાં રોપવે સામેનો વિરોધ બીજા દિવસે પણ ચાલુ રહ્યો હતો. શ્રી માતા સંઘર્ષ સમિતિના થોડા સભ્યોને પહેલા દિવસે અટકમાં લેવામાં આવ્યા હતા. આને પગલે અમુક સ્થાનિક યુવાનો ભૂખ હડતાળ પર બેસી ગયા હતા. ગુરુવારે કટરામાં તેના સ્થાનિક લોકોએ હડતાળના સમર્થનમાં અને અટકમાં લેવાયેલા લોકોને છોડાવવાની માગણીના સમર્થનમાં શહેરમાં કાળા ઝંડા લગાડીને વિરોધ પ્રદર્શન કર્યું હતું.

અહીં એ ઉલ્લેખનીય છે કે શ્રી માતા વૈષ્ણોદેવી સંઘર્ષ સમિતિએ ૭૨ કલાકની હડતાળનો અનુરોધ કર્યો હતો. બુધવારથી આ હડતાળ ચાલુ છે. કટડા અને યાત્રા માર્ગના દુકાનદારો, પીઠુઓ,પાલખી અને ઘોડાવાળાઓએ હડતાળમાં ભાગ લીધો હતો. આ હડતાળ શ્રીમાતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડની કટડાથી સાંઝી છત સુધી રોપવે બાંધવાની યોજનાનો વિરોધમાં કરાઈ રહ્યો છે. હડતાળને લીધે વૈષ્ણોદેવીના દર્શન કરવા આવેલા હજારો શ્રદ્ધાળુને ભારે પરેશાની થઈ હતી.

૭૨ કલાકની હડતાળની જોરદાર અસર થઈ છે. યાત્રીઓનું કહેવું છે કે અમને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડ્યો, કારણ કે ખાનપાનની દુકાનો બંધ રહી હતી. પિઠ્ઠુ, પાલખી, ઘોડાવાળા આવતા નથી. શ્રદ્ધાળુઓએ એવી પણ સલાહ શ્રાઈન બૉર્ડને આપી હતી કે તે આંદોલનકારી સાથે ચર્ચા કરીને ઉકેલ કાઢે.

બીજી બાજુ શ્રાઈન બૉર્ડનું કહેવું હતું કે આ રોપવે પ્રકલ્પનો ફાયદો બીમાર, વિકલાંગ અને બાળકોને થશે. રોપવે પ્રોજેક્ટ શરૂ કરવાથી શ્રદ્ધાળુઓ કટરાથી ભવનનો રસ્તો છ મિનિટમાં કાપશે. જો પગપાળા જવામાં આવે તો સાત કલાક (જુઓ પાનું ૨) ▸▸

## બલિયામાં ભૂતપૂર્વ પ્રધાન શારદાનંદ અંચલની પ્રતિમાને તોડવામાં આવી

બલિયા (ઉત્તર પ્રદેશ) : રામપુર ચિટ ગામમાં તોફાનીઓએ ભૂતપૂર્વ પ્રધાન અને સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા શારદાનંદ અંચલની પ્રતિમા તોડી નાખી હતી.

ભૂતપૂર્વ સરપંચ કૃષ્ણ યાદવે ૨૦૧૩માં અંચલની કદાવર પ્રતિમા લગાડી હતી. આ પ્રતિમાને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે અને તેનું માથું તોડી નખાયું છે.

ભૂતપૂર્વ પ્રધાન અંબિકા ચૌધરી, ફેફનાના સમાજવાદી પાર્ટીના વિધાનસભ્ય સંગ્રામ સિંહ યાદવ અને સમાજવાદી પાર્ટીના વિધાનસભ્ય બૈરિયા જયપ્રકાશ અંચલ ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

કૃષ્ણ યાદવે પોલીસને આ બનાવની બુધવારે રાત્રે જાણ કરી હતી

સ્ટેશન હાઉસ ઓફિસર પ્રશાંત કુમાર ચૌધરીએ કહ્યું હતું કે યાદવની ફરિયાદને પગલે અજ્ઞાત ઈસમો સામે કેસ નોંધવામાં આવ્યો છે.

શાંતિ જાળવી રાખવા પોલીસના વધુ દળો મોકલવામાં આવ્યાં હતાં. ખંડિત પ્રતિમાને કપડા વડે ઢાંકી દેવાઈ છે. (એજન્સી) ■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કૉંગ્રેસ પાસે આપ સામે પડવા સિવાય વિકલ્પ નથી

દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલાં જ ભાજપ વિરોધી પક્ષોના બનેલા ઈન્ડિયા જોડાણમાં ડખો પેઠો છે અને આમ આદમી પાર્ટી અને કૉંગ્રેસ સામસામે આવી ગયાં છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીની જાહેરાત થઈ અને કૉંગ્રેસ તથા આપ જોડાણ નહીં કરે એ નક્કી થયું ત્યારથી જ ડખાની શરૂઆત થઈ ગયેલી કેમ કે કૉંગ્રેસના નેતાઓએ કેજરીવાલ સામે પ્રહારો શરૂ કરી દીધેલા. તેમાં ક્રિસમસના દાડે કૉંગ્રેસ આમ આદમી પાર્ટીની સરકાર સામે ફરિયાદ નોંધાવી અને અજય માકેને અરવિંદ કેજરીવાલને દેશના સૌથી મોટા ફ્રોડ ગણાવ્યા તેમાં ધૂમધડાકા થઈ ગયા.

આમ આદમી પાર્ટીએ અજય માકેનને કૉંગ્રેસમાંથી તગેડી મૂકવા હાઈકમાન્ડને અલ્ટિમેટમ આપ્યું છે અને માકેનને કૉંગ્રેસ ના કાઢી મૂકે તો ઈન્ડિયા બ્લોકમાંથી કૉંગ્રેસને બહાર કાઢવાની માગ પણ કરી છે એ જોતાં દિલ્હી વિધાનસભાની ચૂંટણી પહેલાં આતિશીના રાજમાં ભારે આતશબાજી થશે એ નક્કી છે.

દિલ્હીમાં લોકસભાની ચૂંટણી વખતે સાત બેઠકો માટે આમ આદમી પાર્ટી અને કૉંગ્રેસે જોડાણ કરેલું પણ ભલી વાર આવ્યો નહોતો. દિલ્હી કૉંગ્રેસના નેતા આ જોડાણથી ખુશ નહોતા તેથી તેમણે આમ આદમી પાર્ટીના ઉમેદવારો માટે કામ ના કર્યું તેમાં બંનેનો વરઘોડો ઘરે આવેલો. એ વખતે જ વિધાનસભાની ચૂંટણીમાં તલવારબાજીનો તખ્તો ઘડાઈ ગયેલો.

વિધાનસભાની ચૂંટણીની જાહેરાત પછી કેજરીવાલે તેમની સ્ટાઈલમાં વચનોની લહાણી શરૂ કરી તેમાં કૉંગ્રેસના નેતા સામે પડ્યા તેમાં આપ અને કૉંગ્રેસ વચ્ચે ખુલ્લો જંગ જ છેડાઈ ગયો છે. આ જંગમાં યુથ કૉંગ્રેસે બળતામાં ઘી હોમવાનું કામ કર્યું. ૨૫ ડિસેમ્બર ને નાતાલે યુથ કોંગ્રેસે આમ આદમી પાર્ટીની દિલ્હીમાં મફત સારવારની જાહેરાત અને મહિલાઓને રૂપિયા ૨૧૦૦ આપવાની જાહેરાત સામે પોલીસ કેસ કરી નાખ્યો.

દિલ્હી પ્રદેશ કૉંગ્રેસ પ્રમુખ અક્ષય લાકરાએ કેજરીવાલ વિરુદ્ધ સંસદ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હોવાનો દાવો કરીને કહ્યું કે. સરકારી વિભાગો આ બંને યોજનાઓને નકારી રહ્યા છે ત્યારે આપ આવા દાવા કરીન લોકોને બેવકૂફ બનાવી રહ્યા છે. દિલ્હી સરકારના કેટલાક વિભાગોએ આપની યોજનાઓની પ્રામાણિકતા સામે સવાલ ઉઠાવ્યા છે એવો દાવો કરીને કૉંગ્રેસે આ યોજનાઓને ગેરમાર્ગે દોરનારી ગણાવીને જનતાને તેનાથી સાવધ રહેવાની ચેતવણી આપી છે. કૉંગ્રેસે કેજરીવાલ સામે કાયદાકીય કાર્યવાહી કરવાની માગ પણ કરી છે.

કૉંગ્રેસના દિગ્ગજ નેતા અજય માકેને ૨૫ ડિસેમ્બરે જ આ ફરિયાદના કલાકો પછી પ્રેસ કોન્ફરન્સ કરીને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલને દેશના ફ્રોડ કિંગ ગણાવ્યા. કેજરીવાલને દેશના સૌથી વધારે છેતરપિંડી કરનારા ગણાવીને માકેને કહ્યું કે, કેજરીવાલને એક શબ્દમાં વ્યાખ્યાયિત કરવો હોય તો એ શબ્દ 'ફજીર્વાલ' હશે. માકેને એમ પણ કહ્યું કે લોકસભા ચૂંટણી માટે આમ આદમી પાર્ટી સાથે ગઠબંધન કરવું એ કૉંગ્રેસની મોટી ભૂલ હતી અને હવે આ ભૂલ સુધારવી જોઈએ. માકને આ તેમનો અંગત અભિપ્રાય હોવાનો હાસ્યાસ્પદ દાવો પણ કર્યો. આ દાવો એટલે હાસ્યાસ્પદ કહેવાય કે, માકન કૉંગ્રેસની પ્રેસ કોન્ફરન્સમાં બેસીને આ દાવો કરતા હતા. માકેને કૉંગ્રેસ વતી આપ અને ભાજપ બંને વિરુદ્ધ ૧૨ પોઈન્ટનું શ્વેતપત્ર બહાર પાડતી વખતે પોતાનો કહેવાતો 'અંગત' અભિપ્રાય વ્યક્ત કર્યો તેનાથી વધારે હાસ્યાસ્પદ વાત બીજી કઈ કહેવાય?

કેજરીવાલને કૉંગ્રેસે ફજીર્વાલ ગણાવ્યા તેની સામે દિલ્હીના મુખ્યમંત્રી આતિશી અને આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા સંજય સિંહ ગુરૂવારે પ્રેસ કોન્ફરન્સ કરીને એલાન કર્યું કે, આમ આદમી પાર્ટી કૉંગ્રેસને ઈન્ડિયા બ્લોકમાંથી બહાર કરવા માગે છે અને આ માટે તે બીજા સાથી પક્ષો સાથે વાત કરશે. આતિશી અને સંજય સિંહે સવાલ કર્યો કે, અજય માકેને અમારા નેતા અરવિંદ કેજરીવાલને એન્ટી-નેશનલ એટલે કે દેશવિરોધી ગણાવે છે પણ તેમણે કદી ભાજપના કોઈ નેતા પર આવા આક્ષેપ કર્યા નથી તેનો અર્થ શો થાય?

આતિશીએ કૉંગ્રેસને અલ્ટિમેટમ આપતાં કહ્યું છે કે. કૉંગ્રેસ ૨૪ કલાકની અંદર માકેન વિરુદ્ધ કાર્યવાહી ના કરે તો અમે કૉંગ્રેસ પાર્ટીને ઈન્ડિયા (ઈન્ડિયા)ગઠબંધનમાંથી બહાર કરવા માટે અન્ય વિરોધ પક્ષો સાથે વાત કરીશું. સંજય સિંહના કહેવા પ્રમાણે, દિલ્હીમાં કૉંગ્રેસ ભાજપના પડકે ઊભી છે અને તેને ફાયદો કરાવવા મથી રહી છે. વિધાનસભા ચૂંટણીમાં ભાજપને ફાયદો થાય તે માટે અજય માકેન ભાજપની સ્ક્રિપ્ટ વાંચે છે અને ભાજપના ઈશારે આમ આદમી પાર્ટીના નેતાઓને નિશાન બનાવે છે.

અજય માકેન નહેરૂ-ગાંધી ખાનદાનના નજીકના માણસ છે અને દિલ્હી કૉંગ્રેસમાં રહી ગયેલા વધ્યાઘટ્યા નેતાઓમાંથી એક છે. માકેને ભલે પોતે અંગત રીતે બધું કહે છે એવું કહ્યું હોય પણ કૉંગ્રેસ હાઈકમાન્ડની મંજૂરી વિના કશું પણ કહેવાની તેમની તાકાત નથી. તેમાં પણ કૉંગ્રેસની સત્તાવાર પ્રેસ કોન્ફરન્સમાં બેસીને કેજરીવાલ સામે એ બોલે એ વાતમાં માલ નથી એ જોતાં કેજરીવાલ સામેની ફરિયાદ અને માકેનના આક્ષેપો બંને હાઈકમાન્ડને ઈશારે કરાયા છે તેમાં બેમત નથી. આ સંજોગોમાં આપના કહેવાથી કૉંગ્રેસ માકેન સામે કોઈ પણ પગલાં લે એ વાતમાં માલ નથી.

માકેન સહિતના કૉંગ્રેસના નેતા જે કંઈ કરી રહ્યા છે એ તેમની મજબૂરી પણ છે. દિલ્હીમાં કૉંગ્રેસે સળંગ ૧૫ વર્ષ રાજ કર્યું પછી અરવિંદ કેજરીવાલનો ઉદય થયો એ સાથે જ કોંગ્રેસનું પતન થઈ ગયું. કૉંગ્રેસની હાલત એટલી ખરાબ છે કે છેલ્લી ત્રણ લોકસભામાં કૉંગ્રેસ દિલ્હીમાં એક પણ બેઠક જીતી શકી નથી ને છેલ્લી બે વિધાનસભાની ચૂંટણીમાં પણ કૉંગ્રેસના નામે ઝીરો જ બોલે છે. કૉંગ્રેસે દિલ્હીમાં અસ્તિત્વ ટકાવવું હોય તો આપ સામે બોલ્યા વિના છૂટકો નથી. લોકસભાની ચૂંટણીમાં આપ સાથે જોડાણ કરીને અસ્તિત્વ ટકાવવાનો પ્રયોગ પણ કૉંગ્રેસે કરી લીધો પણ સફળતા ના મળી એ જોતાં કોંગ્રેસ સામે તલવાર તાણવા સિવાય વિકલ્પ નથી.

આપ પણ કૉંગ્રેસને ઈન્ડિયા બ્લોકમાંથી બહાર કાઢવાની વાતો કરે છે એ હાસ્યાસ્પદ છે. દિલ્હીમાં આપ અને કૉંગ્રેસ સામસામે લડી રહ્યાં છે એ જોતાં ઈન્ડિયા બ્લોક જેવું કશું રહ્યું જ નથી. વાસ્તવમાં હરિયાણા અને મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીનાં પરિણામો પછી દેશમાં મોટા ભાગનાં રાજ્યોમાં ઈન્ડિયા બ્લોક જેવું કશું રહ્યું નથી. ઝારખંડ. તમિલનાડુ, ઉત્તર પ્રદેશ વગેરે રાજ્યોમાં કૉંગ્રેસના સાથીઓ અરવિંદ કેજરીવાલના કહેવાથી હટવાના નથી એ જોતાં એ સિવાયના બીજા પક્ષો પણ કૉંગ્રેસ સાથે રહે કે ના રહે બહુ ફરક પડતો નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ/સૌર શિશિર ઋતુ, શુક્રવાર, તા. ૨૭-૧૨-૨૦૨૪,
અન્નપૂર્ણા વ્રત સમાપ્તિ, વિંછુડો પ્રારંભ

- ભારતીય દિનાંક ૬, માહે પૌષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માર્ગશીર્ષ વદ - ૧૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માર્ગશીર્ષ, તિથિ વદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૧૫મો દએપમહેર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૫મો દએપમહેર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૫મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૬મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર વિશાખા રાત્રે ક. ૨૦-૦૮ સુધી, પછી અનુરાધા.
- ચંદ્ર તુલામાં બપોરે ક. ૧૩-૫૬ સુધી, પછી વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત), વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૧ અમદાવાદ ક. ૦૭ મિ. ૨૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સવારે ક. ૦૮-૪૮, રાત્રે ક. ૨૨-૩૦
- ઓટઃ બપોરે ક. ૧૫-૨૧, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૨૩ (તા. ૨૮)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માર્ગશીર્ષ કૃષ્ણ - દ્વાદશી. અન્નપૂર્ણા વ્રત સમાપ્તિ, વિંછુડો પ્રારંભ ક. ૧૩-૫૬. જોરમેલા (પંજાબ)
- શુભાશુભ દિનશુદ્ધિઃ બપોરે ક. ૦૨-૩૬ સુધી શુભ.
- મુહૂર્ત વિશેષઃ ઈન્દ્રદેવતાનું પૂજન, અગ્નિદેવતાનું પૂજન, નવાં વસ્રો, આભૂષણ, ધાન્ય ઘરે લાવવું, પશુ લે-વેંચ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ વ્યવહારિક બાબતમાં સતર્કતા જરૂરી, બુધ-શનિ ચતુષ્કોણ સંકુચિત મનના, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ ભૂલકણો સ્વભાવ, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ સંગીતપ્રિય, ચંદ્ર-રાહુ ત્રિકોણ અતિ ઉત્સાહીપણું
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ, બુધ-શનિ ચતુષ્કોણ, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર-રાહુ ત્રિકોણ (તા. ૨૮)
- ગોચરગ્રહોઃ સૂર્ય-ધનુ, વક્રી મંગળ-કર્ક, માર્ગી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- મકર, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## કૉંગ્રેસના 'ઐતિહાસિક' સંમેલનમાં ભારતનો નકશો ખોટો લગાવ્યોઃ ભાજપ લાલઘૂમ, કૉંગ્રેસનું મૌન

બેંગલુરુઃ કર્ણાટકમાં ગુરુવારે કૉંગ્રેસ કાર્યસમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠક કૉંગ્રેસ માટે ખૂબ જ મહત્ત્વની માનવામાં આવી રહી છે. આથી જ એ મુદ્દો અત્યારે ચર્ચાનું કારણ બન્યો છે, પરંતુ આ સાથે જ આ બેઠક વિવાદનું પણ કેન્દ્ર બની છે. હકીકતે આ બેઠકને લઈને જે પોસ્ટર લગાવવામાં આવી રહ્યાં છે તેમાનાં એક પોસ્ટરમાં ભારતનો ખોટો નકશો દેખાડવામાં આવ્યો છે. જેને લઈને ભાજપે કૉંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા છે અને કૉંગ્રેસ પર તુષ્ટિકરણનો આરોપ લગાવ્યો હતો.

ભાજપના નેતા શેહઝાદ પુનાવાલાએ કહ્યું હતું કે કૉંગ્રેસનું 'ભારત જોડો'નું સૂત્ર એક ઢોંગ છે. બેલગાવી સંમેલનમાં મૂકવામાં આવેલા આ નકશા પરથી સ્પષ્ટ થાય છે કે કૉંગ્રેસની માનસિકતા હંમેશાં ભારતના ટુકડા કરવાની રહી છે. આ માત્ર ભારતની અખંડિતતા પર જ હુમલો નથી, પરંતુ તે તેમના રાજકીય ઈરાદાઓને પણ છતી કરે છે.

વધુમાં તેમણે કૉંગ્રેસના આ કૃત્યને 'અક્ષમ્ય ભૂલ' ગણાવતાં કહ્યું કે કૉંગ્રેસે આવું પહેલી વાર કર્યું નથી. તેમણે શશિ થરૂરના ઉલ્લેખ અને જ્યોર્જ સોરોસ વિવાદ દરમિયાન ઉપયોગમાં લેવાયેલા ખોટા નકશાનો પણ ઉલ્લેખ કર્યો હતો. આ વિવાદ મુદ્દે કૉંગ્રેસ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી. ભાજપના સતત આક્ષેપો છતાં કૉંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ મૌન જાળવી રાખ્યું છે.

આજે ૨૬ ડિસેમ્બરના રોજ કૉંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠકનું આયોજન કર્ણાટકના બેલગાવીમાં કરવામાં આવ્યું છે. આ બેઠકનું ખૂબ ઐતિહાસિક મહત્ત્વ છે કારણ કે ૧૦૦ વર્ષ પૂર્વે ૧૯૨૪માં મહાત્મા ગાંધીએ બેલગાવીમાં કૉંગ્રેસ વર્કિંગ કમિટીની અધ્યક્ષતા કરી હતી. આથી પાર્ટીએ આ જ જગ્યાએથી સીડબ્લ્યુસીની બેઠક બોલાવી છે.

આ બેઠકમાં કૉંગ્રેસ દેશમાં હાલમાં સૌથી વધુ ચર્ચિત મુદ્દાઓ પર તેની યોજના બનાવશે. જેમાં બંધારણનો મુદ્દો, બંધારણીય સંસ્થાઓનો દુરુપયોગ અને મોદી સરકાર દ્વારા અપનાવવામાં આવેલી વિભાજનકારી રાજનીતિ તેમ જ ગૃહમંત્રી અમિત શાહના નિવેદનનો મુદ્દો સામેલ છે. ■

## કૉંગ્રેસ આજે 'જય બાપુ, જય ભીમ, જય સંવિધાન' રેલી કાઢશે

### ગાંધીજી પક્ષના પ્રમુખ બન્યા તેના ૧૦૦ વર્ષની ઉજવણી

બેલગાવિઃ કૉંગ્રેસની કારોબારી સમિતિની અહીંના મહાત્મા ગાંધીનગર ખાતે ગુરુવારે 'નવ સત્યાગ્રહ બેઠક' યોજાઇ હતી અને શુક્રવારે 'જય બાપુ, જય ભીમ, જય સંવિધાન' રેલી યોજશે.

કૉંગ્રેસના લાખો કાર્યકર રેલીમાં ભાગ લે એવી આશા રખાય છે.

કૉંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે મહાત્મા ગાંધીની વિચારધારા પર પદ્ધતિસરના હુમલા કરાય છે અને અમે તેની સામે લડત ચલાવીશું.

વિપક્ષે આક્ષેપ કર્યો હતો કે કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે સંસદમાં બાબાસાહેબ આંબેડકરને સંબંધિત કરેલું નિવેદન તેમનું 'અપમાન' કરનારું હતું અને અમે તેનો સતત વિરોધ કરી રહ્યા છીએ તેમ જ આ પ્રકરણમાં ભાવિ પગલાં નક્કી કરાશે.

કૉંગ્રેસના મહામંત્રી જયરામ રમેશે સોશિયલ મીડિયા 'એક્સ' પરની પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે મહાત્મા ગાંધી ૧૯૨૪ની ૨૬ ડિસેમ્બરે એટલે કે આજથી ૧૦૦ વર્ષ પહેલાં કૉંગ્રેસની બેલગામ (હાલમાં બેલગાવિ) બેઠક વખતે પક્ષના પ્રમુખ બન્યા હતા. તે બેઠક ઐતિહાસિક હતી. આજે કૉંગ્રેસ કારોબારીની એ જ સ્થળે 'નવ સત્યાગ્રહ બેઠક' યોજાઇ રહી છે.આ બેઠકમાં બે ઠરાવ પસાર કરાયા હતા. કૉંગ્રેસ કારોબારી સમિતિના સભ્યો, પક્ષની કેન્દ્રીય ચૂંટણી સમિતિના સભ્યો, પ્રદેશ કૉંગ્રેસ સમિતિના સભ્યો સહિત અનેક નેતાએ આ બેઠકમાં ભાગ લીધો હતો. (એજન્સી) ■

## કાનપુરથી ઝાંસી તરફ જતી માલગાડીના બે ડબ્બા પાટા પરથી ઊતરી ગયા

ઝાંસીઃ કાનપુરથી ઝાંસી તરફ જતી માલગાડીના બે ડબ્બા ગુરુવારે પાટા પરથી ઊતરી ગયા હતા, જેના કારણે લગભગ ત્રણ કલાક સુધી રેલ ટ્રાફિક ખોરવાઈ ગયો હતો, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

સરકારી રેલવે પોલીસ (જીઆરપી)ના અધિક્ષક વિપુલ કુમાર શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે ઝાંસીના મહારાણી લક્ષ્મીબાઈ રેલવે જંકશનથી કાનપુર જતી ટ્રેન આઉટર સિગ્નલ લાઈન પાસે પાટા પરથી ઊતરી ગઈ હતી.

તેમણે જણાવ્યું હતું કે લગભગ ત્રણ કલાક સુધી રેલ વ્યવહાર ખોરવાઈ ગયો હતો, જોકે એક રેલ લાઇન કાર્યરત હતી.અધિકારીએ જણાવ્યું હતું કે રેલવે અધિકારીઓએ રેલ ટ્રાફિક પુનઃસ્થાપિત કર્યો છે, પાટા પરથી ઊતરી જવાના કારણો હજુ સુધી શોધી શકાયા નથી. ■

## ઉત્તર પ્રદેશના સંભલમાં મળ્યો 'મૃત્યુ કૂપ', સ્નાન કરવાથી મોક્ષ મળતો હોવાની સ્થાનિકોમાં માન્યતા

સંભલ (ઉત્તર પ્રદેશ): ઉત્તર પ્રદેશના સંભલમાં ૪૬ વર્ષથી બંધ પડેલા શિવ મંદિર બાદ ધાર્મિક મહત્ત્વ સાથે જોડાયેલાં સ્થળોની શોધ માટે ખોદકામ કરવામાં આવી રહ્યું છે. દરમિયાન સરથલ ચોકી પાસે એક જૂનો કૂવો મળી આવ્યો છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે આ કૂવાને 'મૃત્યુ કૂપ' નામથી ઓળખવામાં આવતો હતો. એવી માન્યતા છે કે તેમાં સ્નાન કરવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે.

જિલ્લા વહીવટીતંત્રે ગુરુવારે સંભલમાં કોટ પૂર્વમાં પ્રાચીન 'મૃત્યુ કૂપ'નું ખોદકામ અને જીર્ણોદ્ધારનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. સંભલમાં પુરાણોમાં વર્ણવવામાં આવેલા, અતિપ્રાચીન અને ધાર્મિક મહત્ત્વ માનવામાં આવેલા કૂવાઓની ઓળખ કરીને તેમનું ખોદકામ અને જીર્ણોદ્ધાર કરવા માટે આ કાર્ય કરવામાં આવી રહ્યું છે.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ વર્ષો પહેલાં આ કૂવાઓને આમ જ છોડી દેવામાં આવ્યા હતા અને તેમાં કચરો નાખવાના કારણે તે ભરાઈ ગયા હતા. આ કૂવાનું ઐતિહાસિક મહત્ત્વ છે. આ કૂવાઓને પવિત્ર સ્થળો માનવામાં આવે છે. લોકો માને છે કે આ કૂવામાં સ્નાન કરવાથી મોક્ષ મળે છે.

વિસ્તારના કાઉન્સિલર ગગન વાર્ષ્ણેયે કહ્યું હતું કે આજે સંભલના ઐતિહાસિક 'મૃત્યુ કૂપ'નું ખોદકામ શરૂ કરવામાં આવ્યું છે, જે ખૂબ જ પ્રાચીન કૂવો છે. પાલિકાના સહકારથી આ ખોદકામ કરવામાં આવી રહ્યું છે.

'મૃત્યુ કૂપ'ને લઈને એવી માન્યતા છે કે અહીં સ્નાન કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

સંભલ સબ ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટ (એસડીએમ) વંદના મિશ્રાએ જણાવ્યું હતું કે, ''આજે અમે એએસઆઈ (ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ)ની ટીમ સાથે હૌઝ ભદ્દે સરાઈ સ્થિત ભદ્રિકા આશ્રમ તીર્થ અને ચતુર્મુખ કૂવાનું નિરીક્ષણ કર્યું છે.''

તેમણે કહ્યું કે અહીં એક ઢાંચો મળી આવ્યો છે જેને એએસઆઈની ટીમે જોયો છે અને તેનો અભ્યાસ કર્યા બાદ ટીમ જણાવશે કે તે કેટલો જૂનો છે અને તેનું સંરક્ષણ કેવી રીતે કરવામાં આવે. અમે ૧૯ કૂવાઓમાંથી લગભગ ૧૫ કૂવાઓને ઓળખી કાઢ્યા છે અને આ તમામ ૧૯ કૂવાઓ ખૂબ જ પ્રાચીન છે. અત્યાર સુધીમાં ૨૪ તીર્થસ્થળોની પણ ઓળખ કરવામાં આવી છે. ■

પહેલા પાનાનું ચાલુ

### મેલબર્નમાં પહેલો દિવસ

તેમ જ બીજા ભારતીય બોલર્સનો સમજદારી અને હિંમતથી સામનો કર્યો હતો. તેણે ઉસમાન ખ્વાજા (૫૭ રન, ૧૨૧ બૉલ, છ ફોર) સાથે ૮૯ રનની ઓપનિંગ પાર્ટનરશિપ કરી હતી. ખ્વાજાને બુમરાહે મિડવિકેટ પર કે. એલ. રાહુલના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો.

જોકે બુમરાહે જ્યારે સૌથી ખતરારૂપ બૅટર ટ્રેવિસ હેડ (૦)ને ક્લીન બોલ્ડ કર્યો ત્યારે હજારો પ્રેક્ષકોમાંથી 'બૂમ...બૂમ...બુમરાહ'ની બૂમો પડી હતી. ટ્રેવિસ હેડ બૅક-ટુ-બૅક સેન્ચુરી ફટકાર્યા બાદ અહીં આવ્યો હતો, પણ પોતાના સાતમા જ બૉલમાં બુમરાહ દ્વારા પરફેક્ટ લાઇનમાં ફેંકવામાં આવેલો બૉલ ઑફ સ્ટમ્પ તરફના બૉલને હાથ ઊંચા કરીને પાછળની દિશામાં જવા દેવાના પ્રયાસમાં (ખોટા જજમેન્ટમાં) ક્લીન બોલ્ડ થયો હતો. તેના ઑફ સ્ટમ્પની બેલ ઊડી ગઈ હતી અને ભારતીય ખેલાડીઓમાં સેલિબ્રેશન શરૂ થઈ ગયું હતું.

પહેલા દિવસની રમતને અંતે પીઢ બૅટર સ્ટીવ સ્મિથ (૬૮ નૉટઆઉટ, ૧૧૧ બૉલ, એક સિક્સર, પાંચ ફોર) રમી રહ્યો હતો. તેની સાથે કૅપ્ટન પૅટ કમિન્સ આઠ રને દાવમાં હતો.

પહેલા બે સેશન ઑસ્ટ્રેલિયાના રહ્યા હતા, જ્યારે છેલ્લા સત્રમાં બુમરાહ જાદુઈ બોલિંગ બદલ છવાઈ ગયો હતો. ટૂંકમાં, સિરીઝમાં સૌથી વધુ ૨૪ વિકેટ લઈ ચૂકેલા બુમરાહે ઑસ્ટ્રેલિયનોને પ્રથમ દિવસે પૂરી પકડ જમાવતા રોક્યા હતા.

જોકે બુમરાહને સામા છેડા પરથી મોહમ્મદ સિરાજ (૧૫-૨-૬૯-૦)નો સપોર્ટ નહોતો મળ્યો. કમબૅકમૅન વૉશિંગ્ટન સુંદર (૧૨-૨-૩૭-૧)નો બુમરાહને સારો ટેકો મળ્યો હતો. તેણે માર્નસ લાબુશેન (૭૨ રન, ૧૪૫ બૉલ, સાત ફોર)ને મિડ-ઑફ પર વિરાટ કોહલીના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો.

રવીન્દ્ર જાડેજા (૧૪-૨-૫૪-૧)એ ભારતને વિકેટ અપાવવાનું શરૂ કર્યું હતું. તેણે આંતરરાષ્ટ્રીય કારકિર્દીની પહેલી જ મૅચમાં સેન્ચુરી ફટકારવાની આશા સાથે આવેલા ટીનેજર સૅમ કૉન્સ્ટેસને એલબીડબ્લ્યૂમાં પૅવિલિયન ભેગો કર્યો હતો. ઑસ્ટ્રેલિયન ઇનિંગ્સની ૨૦મી ઓવરમાં પડેલી એ પ્રથમ વિકેટ જાડેજાએ લીધી તો દિવસની છેલ્લી વિકેટ આકાશ દીપે (૧૯-૫-૫૯-૧) મેળવી હતી. તેણે વિકેટકીપર ઍલેક્સ કેરી (૩૧ રન)ને વિકેટકીપર રિષભ પંતના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો. એ પહેલાં, પંતે બુમરાહના બૉલમાં મિચલ માર્શ (૪ રન)નો પણ કૅચ પકડ્યો હતો.

નીતીશ કુમાર રેડ્ડીને પાંચ ઓવર બોલિંગ મળી હતી જેમાં ૧૦ રનમાં તેને એક પણ વિકેટ નહોતી મળી. ■

### ગઠબંધનમાં તિરાડ

એલજીને બીજી લેખિત ફરિયાદમાં આરોપ લગાવ્યો છે કે, પંજાબ પોલીસ તેની જાસૂસી કરી રહી છે. ફરિયાદમાં તેણે કહ્યું, પંજાબ પોલીસના બે જવાન તેના ઘરની નજીક જોવા મળ્યા હતા. આ વાતની પુષ્ટિ પંજાબ પોલીસનાં સૂત્રોએ પણ કરી છે, જોકે સંદીપે કહ્યું કે, તેઓ આ પ્રકારની ગતિવિધિથી ડરવાના નથી.

સંદીપ દીક્ષિત દ્વારા કરવામાં આવેલી ત્રીજી ફરિયાદમાં પંજાબ સરકાર પર પોલીસ વાહનો દ્વારા દિલ્હીમાં ગેરકાયદે રીતે પૈસા મોકલવાનો આરોપ લગાવ્યો છે. સંદીપ દીક્ષિતે લખ્યું છે, કેટલાક અધિકારીઓ દ્વારા તેમને આ જાણકારી મળી છે અને તેની પુષ્ટિ પંજાબ પોલીસનાં સૂત્રો પણ કરી રહ્યાં છે. તેમણે દિલ્હીના ઉપરાજ્યપાલને પંજાબ, હરિયાણા અને રાજસ્થાનના ડીજીપીને આ જાણકારી આપવા વિનંતી કરી છે. તેમ જ અન્ય રાજ્યોમાંથી આવતાં તમામ વાહનોનું ચેકિંગ કરવા તથા પૈસા રોકવા માટે જરૂરી પગલાં લેવામાં આવે તેવી નમ્ર વિનંતી છે. ■

### ડૉલર સામે

છે. વધુમાં ક્રૂડતેલના ભાવમાં વધારો, ડૉલરમાં આયાતકારોની લેવાલી અને સ્થાનિક ઈક્વિટીમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલી ગબડતા રૂપિયાને ઢાળ આપી રહી હોવાનું મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું કે વર્તમાન પરિબળોને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈતરફી વલણ રહેતાં ૮૫.૧૦થી ૮૫.૪૫ની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય. જોકે, રિઝર્વ બૅન્કનો બજારમાં હસ્તક્ષેપ અમુક અંશે રૂપિયાને ટેકો આપી શકે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ વધ્યા મથાળેથી સાધારણ ૦.૦૯ ટકા ઘટીને ૧૦૭.૯૩ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫૬ ટકા ઉછળીને બેરલદીઠ ૭૩.૯૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક સ્તરે આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં સાધારણ ૨૨.૫૫ પૉઈન્ટનો સુધારો આવ્યાના અહેવાલ હતા. તેમ જ ગત મંગળવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૪૫૪.૨૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલો સાથે રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

### રોપવે વિરુદ્ધની

લાગે. જોકે શ્રી માતા વૈષ્ણોદેવી સંઘર્ષ સમિતિનું કહેવું છે કે આની માઠી અસર અમારા વેપાર પર પડશે. તેમનો તર્ક એ છે કે કટરડાથી ભવન સુધી અનેક પડાવ છે, જેના પર માથું નમાવ્યા વિના યાત્રા પૂરી થતી નથી. આ પડાવોમાં બાણગંગા, ચરણપાદુકા, આધીકુવારી, સાઝીછત અને હાથીમાથા વગેરે સમાવેશ થાય છે. અહીં દર્શન કર્યા વિના યાત્રા પૂરી નહીં થાય. જાણકારોના કહેવા મુજબ યાત્રા પીઠ્ઠુ, પાલખી અને ઘોડાવાળાની સંખ્યા દસથી બાર હજારની છે. જો રોપવે લગાડવામાં આવે તો આ લોકો બેરોજગાર થઈ જશે. ઘોડાવાળાનું કહેવું છે કે અમે દરરોજના એક હજારથી બે હજાર રૂપિયા કમાઈએ છીએ. આવામાં રોપવે લગાડવામાં આવે તો અમે બેરોજગાર થઈ જઈએ. તેમનો આરોપ છે કે સરકાર અમારા રોજગાર પર સીધો પ્રહાર કરી રહી છે. માતા વૈષ્ણોદેવી મંદિરના ટ્રેક પર ૨૦૦૦થી ૨૫૦૦ દુકાન છે. દુકાનદારોનું કહેવું છે કે જો રોપવે લગાડવામાં આવે તો અમારો રોજગાર ખતમ થઈ જશે. અમે ક્યાં જઈએ. આ દુકાનોમાં હજારો લોકો કામ કરે છે અને તેમનું શું થશે? ■

### જમ્મુ-કાશ્મીરમાં

લઘુતમ તાપમાન માઈનસ સાત ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જ્યારે કોનિબલ વેલીમાં લઘુતમ તાપમાન માઇનસ નવ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતુ. આ સાથે કોનિબલ વેલી સૌથી ઠંડુ સ્થળ રહ્યું હતું.કુપવાડામાં લઘુતમ તાપમાન માઇનસ ૬.૭ ડિગ્રી સેલ્સિયસ જ્યારે કોકરનાગમાં માઈનસ ૫.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાન વિભાગે કહ્યું છે કે એક્ટિવ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની શુક્રવાર બપોરથી શનિવાર બપોર સુધી જમ્મુ અને કાશ્મીરને અસર થઇ શકે છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે આ સિસ્ટમની અસરને કારણે શનિવારે ઊંચાઈવાળા વિસ્તારોમાં હળવી હિમવર્ષા થવાની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૧ થી ૪ જાન્યુઆરી દરમિયાન કાશ્મીરમાં અલગ-અલગ સ્થળોએ હળવી હિમવર્ષા થવાની સંભાવના છે. ■

### યુવાનો ટૅકનોલૉજીમાં

આપ્યા હતા.મોદીએ જણાવ્યું હતું કે આ પુરસ્કાર વિજેતા બાળકોએ બતાવી આપ્યું છે કે દેશના યુવાનો દરેક ક્ષેત્રે પ્રગતિ કરીને આગળ આવવાની ક્ષમતા ધરાવે છે. દેશમાં યુવાનો સ્ટાર્ટઅપ્સથી લઇને વિજ્ઞાન, ટૅક્નોલૉજી, અવકાશ, રમતગમત વિવિધ ક્ષેત્રે ધાર્યું લક્ષ્ય પ્રાપ્ત કરી શકે છે. મોદીએ 'સુપોષિત ગ્રામ પંચાયત અભિયાન' શરૂ કરાવ્યું હતું.

### ટીડીએસ સિસ્ટમને

ત્યારે તેને ભરવા પડતા કરવેરાની સામે તેના કપાયેલા ટીડીએસની રકમ એડજસ્ટ કરાય છે. અશ્વિની ઉપાધ્યાય નામના અરજદારે વકીલ અશ્વની દુબે દ્વારા કરેલી જાહેર હિતની સંબંધિત અરજીમાં કેન્દ્ર, કાયદા અને ન્યાય મંત્રાલય, કાયદા પંચ અને નેશનલ ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયાને પક્ષકાર (પ્રતિવાદી) બનાવ્યા છે.અરજદારે જણાવ્યું હતું કે આવકવેરાની ટીડીએસ સિસ્ટમ આપખુદશાહીવાળી અને અયોગ્ય છે તેમ જ તે બંધારણની કલમ ૧૪ (સમાનતાના અધિકાર), ૧૯ (વ્યાવસાયિક પ્રેક્ટિસના અધિકાર) અને ૨૧ (વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકાર)નો ભંગ કરે છે. (એજન્સી) ■

### ગુજરાતના વાતાવરણમાં

વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં ત્રણ દિવસ ગાજવીજ સાથે કમોસમી વરસાદ પડી શકે છે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસે જણાવ્યું, આજથી ત્રણ દિવસ ગુજરાતમાં ગાજવીજ સહિત વરસાદની સંભાવના છે. મધ્ય ગુજરાતને બાદ કરતા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતાઓ છે. આ ઉપરાંત પવનની ગતિ પણ વધુ રહેશે. જે વિસ્તારમાં વરસાદની શક્યતાઓ છે, ત્યાં ૩૦થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની સાથે વીજળીનો ગડગડાટ પણ થશે. ગુજરાતમાં ૨૬, ૨૭ અને ૨૮ ડિસેમ્બરે રાજ્યમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદનો રાઉન્ડ શરૂ થશે. જેમાં શુક્રવારે છોટાઉદેપુર, નર્મદા, તાપી, ડાંગમાં બરફના કરા વરસી શકે છે. અહીં વીજળીના ચમકારાનું ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. ૩ દિવસ સુધી રાજ્યના છૂટાછવાયા વિસ્તારોમાં હળવાથી મધ્યમ એટલે કે, ૨.૫ મિમીથી માંડીને અઢી ઈંચ સુધીનો વરસાદ પડી શકે છે. બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, ભરૂચ, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, રાજકોટ, જૂનાગઢ, અમરેલી,ભાવનગર, ગીર સોમનાથ અને કચ્છમાં આજે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. ■

# ગુજરાતમાં જાન્યુઆરીમાં યોજાનાર ખેલ મહાકુંભ ૩.૦ માટે ૭૧ લાખ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આગામી ચોથી જાન્યુઆરીથી ખેલ મહાકુંભ ૩.૦નો પ્રારંભ થશે. જેનું ઉદ્‌ઘાટન રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એથ્લેટિક્સ મેદાન ખાતેથી મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને ગૃહરાજ્ય પ્રધાન હર્ષ સંઘવીના હસ્તે કરાશે. જેમાં આ વર્ષે કુલ ૭૧.૩૦ લાખ વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન થયું છે. ગત વર્ષ કરતાં આ વર્ષે ખેલમહાકુંભમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો નોંધાયો છે.

રાજકોટમાં મુખ્ય પ્રધાનની ઉપસ્થિતિમાં ખેલમહાકુંભ ૩.૦નું ઉદ્‌ઘાટન કરવામાં આવશે. સ્પોટ્‌ર્સ ઑથોરિટી ઑફ ગુજરાત દ્વારા ખેલ મહાકુંભના આયોજનની તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આ અંગે અધિકારી સૂત્રોએ કહ્યું હતું કે, આગામી ૪ જાન્યુઆરી ૨૦૨૫થી ખેલમહાકુંભ ૩.૦ નો પ્રારંભ થઈ રહ્યો છે અને આ કાર્યક્રમનું લોન્ચિંગ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવશે. આ વખતે ખેલમહાકુંભમાં વિકલાંગ વિદ્યાર્થીઓ પણ ભાગ લઈ શકશે. વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારી કરવામાં આવી રહી છે.

ગુજરાતના તત્કાલીન મુખ્ય પ્રધાન અને હાલના વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રાજ્યમાં વર્ષ ૨૦૧૦માં ખેલ મહાકુંભની શરૂઆત કરવામાં આવી હતી. તેનો મુખ્ય આશય યુવાનોમાં રમતગમત પ્રત્યે વધુ જાગૃતિ આવે, શારીરિક તદુંરસ્તી જળવાઈ રહે અને ગુજરાતમાં રમતગમતની સંસ્કૃતિનો વિકાસ થાય તે હેતુથી ખેલ મહાકુંભનું ગ્રામ્યકક્ષાથી રાજ્યકક્ષા સુધીની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વર્ષ ૨૦૧૦માં ૧૬ રમતોથી શરૂ થયેલો ખેલ મહાકુંભ વર્ષ ૨૦૨૩-૨૪માં ખેલ મહાકુંભ ૨.૦માં ૩૯ વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે ખેલ મહાકુંભ ૩.૦માં રેકોર્ડ બ્રેક ૭૧.૩૦ લાખથી વધુ ગુજરાતના રમતવીરોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. ■

# અમદાવાદના દિવ્યાંગ ઓમ વ્યાસને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના હસ્તે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના ૧૭ વર્ષીય દિવ્યાંગ તરુણ ઓમ જિજ્ઞેશ વ્યાસે રાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું નામ રોશન કર્યું છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે દિલ્હી ખાતે ઓમ વ્યાસને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત કરાયો હતો. ઓમ વ્યાસને કળા તેમ જ સંસ્કૃતિ ક્ષેત્રે તેની અદ્વિતીય સિદ્ધિઓ માટે આ નેશનલ એવોર્ડ એનાયત કરાયો હતો.

વીર બાળ દિવસ નિમિત્તે નવી દિલ્હીમાં આયોજિત સમારંભમાં દેશનાં ૧૭ બાળકોને તેમની અસાધારણ સિદ્ધિઓ માટે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. તેમાં ગુજરાતના દિવ્યાંગ બાળ ઓમ જિજ્ઞેશ વ્યાસને પણ બાળ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આ દિવ્યાંગ ઓમ વ્યાસની સિદ્ધિઓની સરાહના કરતાં ગુજરાતનું ગૌરવ વધારવા માટે તેને અભિનંદન પણ પાઠવ્યાં હતાં.

ઓમ વ્યાસ લખી કે વાંચી શકતો નથી, પરંતુ તેને સુંદરકાંડ તથા ભગવદગીતાના શ્લોકો સહિત સંસ્કૃતના ૨૦૦ જેટલા શ્લોકો કંઠસ્થ છે. આશ્ચર્યની વાત એ છે કે, ઓમ માત્ર ભક્તિનાં ગીતો અને શ્લોકોમાં જ રુચિ ધરાવે છે, તેના માટે મનોરંજનનું સાધન એટલે માત્ર આધ્યાત્મિક ભક્તિ ગીતો. ઓમની ઉંમર જેમ જેમ વધતી જાય છે તેમ તેમ આધ્યાત્મિક ક્ષેત્રે તેની અભિરુચિ વધતી જાય છે. આ ઉપરાંત હનુમાન ચાલીસા, શિવમહિમ્ન સ્તોત્ર, શિવમાનસ પૂજા, રામ રક્ષાસ્તોત્ર, શિવ તાંડવ, ગાયત્રી મંત્ર, ગાયત્રી ચાલીસા, સાંઈ ભવાનીના શ્લોકો અને મારી હૂંડી સ્વીકારો મહારાજ, શંભુ શરણે પડી વગેરે જેવાં ભજનો કંઠસ્થ છે અને નવાઈની વાત એ છે કે, આ બધું ઓમ વ્યાસે માત્ર સાંભળી સાંભળીને કંઠસ્થ કર્યું છે.

ઓમ વ્યાસે અત્યાર સુધી અનેક શો પણ કર્યા છે અને અનેક એવોર્ડ્ર્સ, મેડલ્સ, ટ્રોફી અને સર્ટિફિકેટથી તેનું સન્માન કરવામાં આવ્યું છે. ઓમની આવી ટેલેન્ટને કારણે તેનું લિમ્કા બુક ઑફ રેકોર્ડસ, એશિયા બુક ઑફ રેકોર્ડસ, ઇન્ડિયા બુક ઑફ રેકોર્ડસ જેવી અલગ અલગ ૧૮ રેકોર્ડ બુક્સમાં નામ પણ નોંધાયું છે. દિવ્યાંગ ઓમ વ્યાસને વર્ષ ૨૦૧૭માં તત્કાલીન રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે રાષ્ટ્રીય દિવ્યાંગજન પુરસ્કાર પણ એનાયત કરાયો હતો. ■

# વડોદરાના રોયલ મેળામાં રાઈડનું લોક ખૂલી જવાની ઘટનામાં ત્રણ લોકોની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના લાલબાગ બ્રિજ પાસે રોયલ મેળામાં બુધવારે રાત્રે મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. નાના બાળકોની હેલિકોપ્ટર રાઈડમાં અચાનક લોક ખૂલી જતાં બાળકો નીચે પટકાયાં હતાં. ત્યાં હાજર લોકોએ ચીસો પાડીને તાત્કાલિક રાઈડ બંધ કરાવી દીધી હતી. આ ઘટનામાં ચાર બાળકોને સામાન્ય ઈજા થઈ હતી. ભારે વિવાદ બાદ આખરે પોલીસે રાઈડના ઓપરેટર મેળાના આયોજક અને મેળાના મૅનેજર સામે ગુનો દાખલ કરી ત્રણ લોકોની અટકાયત કરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે વડોદરાના માંજલપુરમાં રોયલ મેળો ચાલી રહ્યો છે. જેમાં રોજ મોટી સંખ્યામાં લોકો ઊમટી રહ્યા છે. બુધવારે રાત્રે આ મેળામાં નાનાં બાળકોની હેલિકોપ્ટર રાઈડમાં લોક ખૂલી ગયું હતું.

એક બાળકી નીચે પડતાં લોકોએ બુમરાણ કરી હતી. રાઈડ ચલાવનારે તરત જ રાઈડ બંધ કરી દીધી હતી. સમગ્ર ઘટનાનો વીડિયો પણ વાયરલ થયો હતો.

રોયલ મેળામાં આવેલા લોકોએ જણાવ્યું હતું કે, આ હેલિકોપ્ટરની રાઇડ ઓવર સ્પીડિંગ થતાં લોકોએ ઓપરેટરને બૂમો મારી હતી, પણ એ ભાગી ગયો હતો. તેમાં બેઠેલાં બાળકો નીચે પડવા માંડ્યાં હતાં. જેમાં બાળકોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. જેથી લોકોએ હેલિકોપ્ટર પકડ્યા બાદ વાયર ખેંચીને રાઈડ બંધ કરી હતી. લોકોની સજાગતાને કારણે અહીં મોટી દુર્ઘટના થતાં અટકી ગઈ હતી.

રોયલ મેળાના સંચાલકે જણાવ્યું હતું કે, કેટલાંક બાળકોએ તોફાન કરતાં દરવાજો ખૂલી ગયો હતો. જ્યારે વાલીઓએ પણ હોબાળો કરતાં ઓપરેટર ગભરાઈને ભાગી ગયો હતો. આ ઘટના ઘટી તેનું અમને દુઃખ છે.

પોલીસે જણાવ્યું હતું કે, રોયલ મેળાના સુપરવાઇઝર હેમરાજ મોરે અને હેલિકોપ્ટર રાઈડના ઓપરેટર અને મૅનેજરની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

મેળામાં રાઈડ્સ માટે લેવાની જરૂરી પરવાનગી લેવામાં આવી છે કે નહીં તે દિશામાં પણ તપાસ થશે. ■

# પાટણ યુનિવર્સિટી થપ્પડકાંડમાં કૉંગી ધારાસભ્ય સહિત ૨૧ લોકો પોલીસ સમક્ષ હાજર થતાં અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તર ગુજરાતમાં પાટણની હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીમાં દારૂકાંડ મામલે કૉંગ્રેસના ધારાસભ્ય ડૉ. કિરીટ પટેલ અને કાર્યકરોએ વિરોધ કરવા જતાં પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. આ ઘટનામાં પોલીસે કાર્યવાહી કરતાં ૧૪ લોકોની અટકાયત કરી હતી. જ્યારે કોર્ટમાંથી જામીન મળવામાં વિલંબ થતાં કૉંગ્રેસના ધારાસભ્ય ડૉ. કિરીટ પટેલ અને ચંદનજી ઠાકોર સહિતના કાર્યકરો ગુરુવારે પોલીસ સમક્ષ હાજર થતાં તેમની અટકાયત કરવામાં આવી હતી.

પાટણની હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીમાં દારૂકાંડ મુદ્દે પાટણના ધારાસભ્ય કિરીટ પટેલ તેમ જ કૉંગ્રેસના આગેવાનો દ્વારા ધરણાં પ્રદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેના માટે તેમણે પોલીસની પરવાનગી લીધી ન હતી. જેથી જાહેરનામાનો ભંગ કરવા બદલ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી ૧૪ આગેવાનોની અટકાયત કરવામાં આવી હતી. ગુરુવારે ધારાસભ્ય કિરીટ પટેલ સહિતના આગેવાનો પોલીસ સ્ટેશનમાં હાજર થતાં પોલીસે ૨૧ લોકોની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી હતી.

પાટણની હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીમાં બાસ્કેટ બોલના ખેલાડીઓ રાતના સમયે હૉસ્ટેલમાં દારૂની મહેફિલ માણતાં ઝડપાયા હતા. જેના કારણે ભારે હોબાળો મચ્યો હતો. આ ઘટનાના વિરોધમાં ધારાસભ્ય કિરીટ પટેલ, કૉંગ્રેસ અને એનએસયુઆઈના આગેવાનોએ ભૂખ હડતાલ, ધરણાં અને પ્રદર્શનનો કાર્યક્રમ યોજ્યો હતો. તે દરમિયાન કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. એક કાર્યકરે ધારાસભ્યની કિરીટ પટેલની હાજરીમાં એક પોલીસકર્મીને લાફો ઝીંકી દીધો હતો. જેથી પોલીસ દ્વારા ૧૪નાં નામ જોગ તેમ જ ૨૦૦ લોકોનાં ટોળાં સામે પોલીસ કર્મચારીઓ પર હુમલા બાબતે ફરિયાદ નોંધવામાં આવી હતી. ■

# અમદાવાદ રાજકોટ હાઈવે પર ચાર વાહનો વચ્ચે અકસ્માત થયા બાદ આગ લાગીઃ બે લોકોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં માર્ગ અકસ્માતોની સંખ્યામાં દિવસે દિવસે વધારો થઈ રહ્યો છે. હાઈવે પર પૂરપાટ ઝડપે પસાર થતાં ભારે વાહનોને કારણે અકસ્માતોની ઘટનાઓ વધી રહી છે. અમદાવાદ રાજકોટ હાઈવે પર ચાર વાહનો વચ્ચે થયેલા અકસ્માત બાદ અચાનક બ્લાસ્ટ થતાં આગ લાગી હતી. જેમાં બે લોકોનાં મોત થયાં હતાં જ્યારે બે લોકોને ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદના બાવળા અને બગોદરા વચ્ચે ભમાસરા ગામ પાસે બગોદરાથી અમદાવાદ તરફ જતી કાપડની ટ્રકનું ટાયર ફાટતાં બાવળા તરફથી બગોદરા તરફ જતી ટ્રક સાથે અથડાઈ હતી. આ ઘટનામાં કુલ ૪ ભારે વાહનો અથડાતાં મોટો અકસ્માત થયો હતો. ટ્રક અથડાતાં બ્લાસ્ટ થઈને આગ લાગી હતી. આ અકસ્માત અને આગની ઘટનામાં ૧ ટ્રકમાં સવાર ૨ લોકોનાં મોત થયાં હતાં, જ્યારે બે લોકોને ગંભીર ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ થતાં બાવળા, બગોદરા અને કોઠ પોલીસ સ્થળે પહોંચી હતી. ધોળકા, સાણંદ સહિતના ફાયર બ્રિગેડની ટીમોએ પણ ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવ્યો હતો. પોલીસ દ્વારા આ મામલે તપાસ શરૂ કરવામાં આવી હતી.

આ ઘટના અંગે પોલીસે જણાવ્યું હતું કે અમદાવાદ રાજકોટ હાઈવે પર બાવળા નજીક ભમાસર ગામ પાસે અકસ્માત થયો હતો. બગોદરા તરફથી એક કાપડના રોલ ભરેલ આઇશર ગાડીના ચાલક કમલસિંગ હરિસિંગ દ્વારા આઇશર ગાડી પૂરઝડપે ચલાવી ડિવાઈડર કુદાવી સામેની સાઈડે બાવળા તરફથી આવતી આઇશરને ટક્કર મારી હતી. જેની પાછળ આવતી બીજી આઇશર તથા તેની પાછળ સિમેન્ટના બલ્કર સાથે અથડાઈ પલટી ખાઈ જતાં અકસ્માત કરનાર આઇશર તથા બાવળા તરફથી આવતી બે આઇશર તથા એક બલ્કરમાં આગ લાગી હતી. ફાયર બ્રિગેડે ભારે જહેમત બાદ આગને કાબૂમાં લીધી હતી. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી. ■

# સુરત પોલીસે ૩૧મી ડિસેમ્બર પહેલાં ડ્રગ્સ ડિટેક્શન એનેલાઇઝર મશીનથી લોકોનું ચેકિંગ શરૂ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં નાતાલના પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. તેની સાથે આગામી સમયમાં ૩૧મી ડિસેમ્બરે ઉજવણી માટે તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. પાડોશી રાજ્યોમાંથી ગુજરાતમાં ઘુસાડવામાં આવતા દારૂના જથ્થાને પકડી પાડવા પોલીસ પણ રાજ્યમાં એલર્ટ મોડમાં આવી ગઈ છે. બીજી તરફ ડ્રગ્સનું સેવન કરીને ફરતા લોકોને પકડી પાડવા માટે પોલીસે અભિયાન શરૂ કર્યું છે.

સુરત પોલીસે ન્યુ યર પાર્ટી અને રેવ પાર્ટીઓમાં ડ્રગ્સ સેવન પર લગામ કસવા માટે અદ્યતન ડ્રગ્સ ડિટેક્શન એનેલાઇઝર મશીન સાથે રોડ પર ઊતરી ચેકિંગ શરૂ કરી દીધું છે. આ મશીન માત્ર ૬૦ સેકન્ડમાં કોઈ પણ વ્યક્તિએ ડ્રગ્સ લીધું છે કે નહીં, તે જણાવી શકે છે. સુરત શહેરમાં પાલ રોડ અને રાંદેર જેવા હોટ સ્પોટ વિસ્તારોમાં પોલીસ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. એસઓજીની ટીમે ડ્રગ્સ ટેસ્ટિંગ કિટ સાથે વાહનચાલકો અને શંકાસ્પદ વ્યક્તિઓની ચકાસણી શરૂ કરી હતી.

પોલીસે જણાવ્યું હતું કે, ડ્રગ્સ અને રેવ પાર્ટીઓ પર માનવ સર્વેલન્સ, ડ્રોન અને ડ્રગ્સ ડિટેક્શન એનેલાઇઝર મશીનના ઉપયોગથી ખાસ અભિયાન હાથ ધરવામાં આવશે. આવી ગેરકાયદે પ્રવૃત્તિમાં સામેલ લોકોને કડક સજા કરવામાં આવશે. નાર્કોટિક ડ્રગ્સ અને સાઇકોટ્રોપિક સબસ્ટાન્સના કેસો માટે એન્ટિ નાર્કોટિક્સ યુનિટ કાર્યરત રહેશે. વિવિધ સંસ્થાઓ સાથે મળી, ડ્રગ્સના બંધાણીઓને વ્યસનથી છુટકારો અપાવવા માટે ખાસ પ્રોગ્રામ શરૂ કરવામાં આવશે.

આ અદ્યતન મશીન મોબાઈલ રેપિડ ડ્રગ્સ સ્ક્રિનિંગ ઇન્સ્ટ્રુમેન્ટ છે, જે કોઈ પણ સ્થળે સરળતાથી લઈ જઈ શકાય છે. શંકાસ્પદ વ્યક્તિના મોઢામાંથી સેમ્પલ લઈને મશીનમાં કિટના માધ્યમથી મૂકવામાં આવે છે અને ત્યાર બાદ ૬૦ સેકન્ડમાં ડ્રગ્સનું સેવન કર્યું છે કે નહીં તે અંગેની જાણ થાય છે. ડ્રગ્સનો ઉપયોગ કરતા લોકો માટે આ મશીન ચેતવણી સમાન છે. સુરત એસઓજીના મશીનથી પ્રથમ જ પગલામાં સફળ પરિણામો મળ્યાં છે. આ સફળતાને ધ્યાનમાં રાખીને આવનારા દિવસોમાં વધુ મશીનો મગાવવાની યોજના બનાવવામાં આવી છે. ■

# છ હજાર કરોડના બીઝેડ કૌભાંડમાં સીઆઈડીની તપાસ તેજઃ કૌભાંડી ભૂપેન્દ્રસિંહના મોટા ભાઈની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પ્રકાશમાં આવેલા છ હજાર કરોડના કૌભાંડમાં સીઆઈડીની તપાસ તેજ થઈ ગઈ છે. ગુરુવારે સીઆઈડીની ટીમ અચાનક હિંમતનગરના બી-ઝેડ એજ્યુકેશન કેમ્પસમાં પહોંચી હતી. જ્યાંથી મુખ્ય કૌભાંડી ભૂપેન્દ્રસિંહ ઝાલાના મોટા ભાઈ રણજિતસિંહ ઝાલાની પ્રાથમિક પૂછપરછ કર્યા બાદ વધુ તપાસ માટે તેની અટકાયત કરીને ગાંધીનગર લઈ જવામાં આવ્યો હતો.

સાબરકાંઠાના હિંમતનગર ખાતે સ્થિત બી-ઝેડ એજ્યુકેશન કેમ્પસ ગ્રોમોર ખાતે સીઆઈડીની ટીમ તપાસ માટે પહોંચી હતી. સીઆઈડીની તપાસમાં મોટો ઘટસ્ફોટ થયો હતો. જેમાં બીઝેડ ગ્રૂપના માલિક અને કૌભાંડી ભૂપેન્દ્રસિંહ ઝાલાએ વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિનાં નાણાં પણ ખિસ્સાં ભેગાં કર્યાં હોવાની ચોંકાવનારી વિગત પ્રકાશમાં આવી હતી. આદિવાસી વિદ્યાર્થીની ફીની રકમનાં નાણા બીઝેડ ગ્રૂપમાં ટ્રાન્સફર કર્યા હોવાનો આરોપ લાગ્યો હતો.

કૌભાંડી ભૂપેન્દ્રસિંહ ઝાલા વિરુદ્ધ સીઆઈડી ક્રાઈમે ગત નવેમ્બર મહિનામાં ઠગાઈની તથા જીપીઆઈડી એક્ટ મુજબ ફરિયાદ નોંધીને અત્યાર સુધીમાં કુલ સાત આરોપીઓને જેલ હવાલે કરી દીધા છે.

અલગ અલગ ચાર ટીમો બનાવીને તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો છે, પરંતુ મુખ્ય આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલા હજી પણ ફરાર છે. તપાસ એજન્સીએ ૩૬૦ ડિગ્રી તપાસ શરૂ કરતાં ભૂપેન્દ્રસિંહ ઝાલાની એક જ બ્રાન્ચમાંથી રૂપિયા ૫૨ કરોડના વ્યવહારો બહાર આવી ચૂક્યા છે. તે ઉપરાંત ૧૦૦ કરોડની વસાવેલી ૧૮ મિલકતો ભૂપેન્દ્રસિંહ ઝાલાએ પોન્ઝી સ્કીમ હેઠળ વસાવી છે તે તમામને સીઝ કરી દેવામાં આવી છે. ■

# અમદાવાદમાં ગુરુ ગ્રંથ સાહેબનાં દર્શન કરી મુખ્ય પ્રધાને ગુરુદ્વારાની લંગર સેવામાં ભોજન પીરસ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શીખ સંપ્રદાયના ગુરુ ગોવિંદસિંહજીના બે નાના પુત્રોએ રાષ્ટ્ર અને ધર્મરક્ષા માટે આપેલા બલિદાનની સ્મૃતિમાં ૨૬ ડિસેમ્બરને દેશભરમાં વીર બાલ દિવસ તરીકે ઊજવાવામાં આવે છે. વીર બાલ દિવસ નિમિત્તે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અમદાવાદના થલતેજ ગુરુદ્વારામાં આયોજિત કાર્યક્રમમાં સહભાગી થયા હતા.

મુખ્ય પ્રધાને આ પ્રસંગે કહ્યું હતું કે, દેશના સ્વાભિમાન અને સ્વધર્મ રક્ષા માટે પરંપરાનું મહત્ત્વનું યોગદાન ત્યાગ, તપસ્યા અને બલિદાનથી ભરેલું છે. વીર બાલ દિવસ દેશના યુવાનો અને બાળકોમાં રાષ્ટ્ર પ્રથમનો ભાવ પ્રેરિત કરનારો મહત્ત્વપૂર્ણ દિવસ છે. વીર બાલ દિવસ એ સંસ્કૃતિ અને માતૃભૂમિના રક્ષણ તથા સ્વાભિમાન ખાતર ધર્મપરિવર્તન સામે ઝૂકવાના બદલે પોતાના પ્રાણની આહુતિ આપવાની આપણી શૌર્યગાથાનું પ્રતીક છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ ગુરુદ્વારામાં યોજાયેલા કીર્તનમાં જોડાયા હતા અને ગુરુ ગ્રંથ સાહેબનાં દર્શન કર્યાં હતાં. થલતેજ ગુરુદ્વારામાં કરવામાં આવતી લંગર સેવામાં જોડાઈને તેમણે ભોજન પ્રસાદ પણ પીરસ્યો હતો. ■

# અમદાવાદ પોલીસની ગુનાહિત ઈતિહાસ ધરાવતા ૭૭ લોકોને ચેતવણીઃ કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ શહેરમાં વધી રહેલી ગુનાખોરી સામે પોલીસ સક્રિય થઈ ગઈ છે. શહેરમાં હવે ગંભીર પ્રકારના ગુનાઓની સંખ્યામાં ઉત્તરો ઉત્તર વધારો થઈ રહ્યો છે. પોલીસ ગુનેગારોને પકડીને તેમની સાન ઠેકાણે લાવવા માટે રીતસરની સરભરા કરીને તેમને લોકોની સામે લાવીને જાહેરમાં સરઘસ કાઢી માફી મગાવી રહી છે. બીજી તરફ શહેરમાં ગુનાખોરીને ડામવા માટે પોલીસે નવી પહેલ શરૂ કરી છે.

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારના પોલીસ મથકમાં ગુનાહિત ઈતિહાસ ધરાવતા અને પોલીસ ચોપડે જેમનાં નામ ચડી ગયાં હોય તેવા આરોપીઓને બોલાવવામાં આવ્યા હતા. બાપુનગર, ગોમતીપુર, રખિયાલ સહિતના વિસ્તારોના ગુનેગારોને બોલાવી ડીસીપી અને પીઆઈ સહિતના અધિકારીઓએ તેમની સાથે મીટિંગ કરીને ચર્ચાઓ કરી હતી.

પોલીસ દ્વારા બોલાવેલા આરોપીમાંથી પાસા હેઠળના ૪૨, તડીપાર થયેલા ૨૭ ઉપરાંત અન્ય ગુનામાં સંડોવાયેલા ૮ આરોપી સહિત કુલ ૭૭ આરોપીને બોલાવી પોલીસે કાયદા અંગે સમજ આપી હતી. પોલીસે આરોપીઓને ગુનાહિત પ્રવૃત્તિ છોડીને ધંધો-વ્યવસાય શરૂ કરવા માટે સમજાવ્યા હતા. પોલીસ અધિકારીઓએ ગુનેગારોને ચીમકી આપતાં કહ્યું હતું કે કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો.જો કાયદો-વ્યવસ્થા તોડી તો ગંભીર પરિણામ ભોગવવાં પડશે. ■

# ગુજરાતના શિક્ષણ વિભાગે ધોરણ ૬થી ૮ના ભાષાના શિક્ષકોની ખાલી જગ્યાઓની વિગતો માગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના શિક્ષણ વિભાગ દ્વારા સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યા સહાયકની ભરતી દરમિયાન ઉમેદવારો પાસે ઑનલાઈન ફૉર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. તમામ શાળાઓમાં ભાષાના શિક્ષકોની કેટલી જગ્યા ખાલી છે તેની વિગતો મગાવવામાં આવી છે.

ગુજરાત સરકાર સમક્ષ ઘણા સમયથી ભાષા શિક્ષકોની ભરતીની માગ કરાતાં સરકાર દ્વારા કોઈ પ્રતિભાવ નહોતો મળ્યો, પરંતુ હવે રાજ્યના શિક્ષણ વિભાગે તમામ પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી, હિન્દી, સંસ્કૃત અને અંગ્રેજી ભાષાના શિક્ષકનું મહેકમ કેટલું મંજૂર કરવામાં આવ્યું છે અને કેટલી જગ્યાઓ ખાલી છે તેની વિગતો મગાવી હોવાની વિગતો પ્રાપ્ત થઈ હતી.

રાજ્યમાં વિદ્યા સહાયકોની ભરતીની કામગીરી હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત ટેટ અને ટાટ પાસ ઉમેદવારો પાસેથી ઑનલાઇન ફોર્મ મગાવવામાં આવ્યાં હતાં. ઑનલાઇન ફોર્મ ભર્યા બાદ તેની પ્રિન્ટ કાઢીને તેને જિલ્લાના કેન્દ્ર ખાતે જમા પણ લેવામાં આવ્યા છે. ત્યારે વિદ્યાસહાયકની ભરતી માટે ઑનલાઇન આવેલા ઉમેદવારોનાં ફોર્મના આધારે મેરિટ યાદી તૈયાર કરીને આગામી સમયમાં શાળા પસંદગી સહિતની કામગીરી હાથ ધરાય તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

શિક્ષણ વિભાગ દ્વારા તમામ પ્રાથમિક શાળાઓમાંથી ગુજરાતી, હિન્દી, સંસ્કૃત અને અંગ્રેજી ભાષાના શિક્ષકોનું મહેકમ મંજૂર કરવામાં આવ્યું છે. મંજૂર મહેકમના આધારે હાલમાં કેટલા શિક્ષકો ફરજ બજાવે છે. ઉપરાંત કેટલા ભાષા વિષયના શિક્ષકોની જગ્યાઓ ખાલી છે તેની વિગતો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને શાસનાધિકારી પાસેથી માગવામાં આવી છે. જેથી ભાષાના વિદ્યાસહાયકની ભરતીમાં વધારો થાય તેવી શકયતા છે. ■

# બનાસકાંઠાના પાલનપુરમાં બાથરૂમમાં સ્નાન કરતી કિશોરીનું ગીઝરના ગૅસથી ગૂંગળાઈ જતાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હાલમાં શિયાળાની સિઝન ચાલી રહી છે. કડકડતી ઠંડીમાં ગરમ પાણીનો વપરાશ પણ વધ્યો છે. લોકોના ઘરના બાથરૂમમાં ગૅસ ગીઝર અને ઈલેક્ટ્રિક ગીઝર ગરમ પાણી કરવા માટે ફિટ કરવામાં આવતાં હોય છે. ગૅસ ગીઝરને કારણે બનાસકાંઠા જિલ્લામાં ૧૩ વર્ષની એક કિશોરીએ જીવ ગુમાવ્યો હોવાની ઘટના બની હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે બનાસકાંઠાના પાલનપુરની તિરુપતિ રાજનગર સોસાયટીમાં ગૅસ ગીઝરને કારણે ગૂંગળાઈ જતાં કિશોરીનું મોત નીપજ્યું હતું. સવારના સમયે કિશોરી ગરમ પાણી માટે ગૅસ ગીઝર ચાલુ કરીને સ્નાન કરી રહી હતી. સમય વીતવા છતાં કિશોર બહાર ન નીકળતાં પરિજનોએ બૂમાબૂમ કરી હતી. બારીના કાચ તોડીને બાથરૂમમાંથી કિશોરીને બેભાન અવસ્થામાં બહાર કાઢવામાં આવી હતી. કિશોરીને હૉસ્પિટલ ખસેડાતાં તબીબોએ તેને મૃત જાહેર કરી હતી.

બીજી તરફ ડૉક્ટરો પણ કાર્બન મોનોક્સાઇડને જીવલેણ ગણાવી રહ્યા છે. તેનો આકાર, રંગ અને સુગંધ ન હોવાથી ખ્યાલ ન આવતાં માણસ મોતને ભેટી જાય છે. ટેક્નિકલ નિષ્ણાતો પણ ગીઝરને બાથરૂમની બહાર ફિટ કરાવવા સલાહ આપી રહ્યા છે.

બાથરૂમ બંધ રહેતું હોવાથી ગૂંગળામણ થાય છે, ગૅસ ગીઝરના પોઇન્ટ પણ બહાર જ રાખવા જોઈએ, સમયાંતરે ગીઝરની સર્વિસ કરાવવી જોઈએ. જો ઘરના બાથરૂમમાં ગૅસ ગીઝર હોય તો ચેતી જવાની જરૂર છે. ■

# સાબર ડેરીમાં બોઈલર સફાઈ વખતે એક મજૂરનું મોત

અમદાવાદઃ સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર ખાતેની સાબરડેરીમાં બોઈલર સાફ કરતી વેળાએ એક મજૂરનું ગૂંગળામણ થતાં મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય બે મજૂરોની હાલત વધુ ગંભીર જણાતાં તેમને સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં તાત્કાલિક ૧૦૮ની ટીમ સહિત પોલીસનો કાફલો દોડી આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર સાબર ડેરીમાં બોઇલરની સફાઇ કામગીરી દરમિયાન અચાનક ગૅસ લીકેજ થતાં અફરા-તફરી મચી ગઈ હતી. આ બોઈલરની સફાઈ કરી રહેલા ૨૫ વર્ષના મજૂર યુવકનું ગૂંગળામણથી મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય બે મજૂરોની હાલત નાજુક હોવાથી તાત્કાલિક તેમને સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનામાં અન્ય ચાર વ્યક્તિઓ પણ ઇજાગ્રસ્ત થઈ હોવાની જાણકારી પ્રાપ્ત થઈ હતી. આ ઘટના બાદ સાબર ડેરીના અધિકારીઓ સહિતનો સ્ટાફ સિવિલ હૉસ્પિટલ ખાતે પહોંચી ગયો હતો. ■



# બેઠકમાં શું રંધાયું?

## દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને એકનાથ શિંદે મળતાં મહારાષ્ટ્રના રાજકારણમાં કશીક નવાજૂની થવાની અટકળો જોરમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના રાજકારણમાં એક મહત્વના સમાચાર સામે આવી રહ્યા છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે ગુરુવારે દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. જેના કારણે રાજકીય વર્તુળોમાં વિવિધ ચર્ચાઓ જાગી છે. રાજ્યમાં હવે મહાયુતિની સરકાર બની છે. કૅબિનેટનું વિસ્તરણ અને ખાતાની ફાળવણી પણ કરવામાં આવી છે. હવે તમામ જિલ્લાના પાલક પ્રધાનપદની ફાળવણી બાકી રહી છે. આગામી બે-ચાર દિવસમાં આ પણ થઈ જાય તેવી શક્યતા છે. તેમજ નવી કૅબિનેટના તમામ પ્રધાનો પોતપોતાના વિભાગોનું કામ સંભાળી રહ્યા છે. આ બધાની વચ્ચે પોતાને આપવામાં આવેલા ખાતાનો પદભાર સ્વીકારવાને બદલે એકનાથ શિંદે દિલ્હીમાં જઈને નરેન્દ્ર મોદીને મળ્યા તેને કારણે આ મુલાકાત પાછળનું સાચું કારણ શું છે? એવો પ્રશ્ન ઘણા લોકોને થઇ રહ્યો છે.

આ બેઠક બાદ ખુદ એકનાથ શિંદેએ કહ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે અમારી શુભેચ્છા મુલાકાત થઈ હતી. એકનાથ શિંદેએ કહ્યું કે આ બેઠકમાં કોઈ રાજકીય ચર્ચા થઈ નથી, પરંતુ જ્યારે મહારાષ્ટ્રના મોટા નેતા અને દેશના સર્વોચ્ચ પદ પરના નેતા મુલાકાત કરે ત્યારે રાજકીય ચર્ચા ન થાય તે અશક્ય છે. આથી આ બેઠકને વધુ રાજકીય મહત્વ મળ્યું છે. ખરેખર, આ મુલાકાત બિલકુલ રાજકીય નહોતી. તે સદ્‌ભાવના મુલાકાત હતી. મહારાષ્ટ્રના લોકોએ સરકાર દ્વારા કરવામાં આવેલા કામનો સ્વીકાર કરીને સત્તા ફરી આપી છે. મહારાષ્ટ્રની જનતાએ આવી સ્વીકૃતિ આપતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જનતા તરફથી આવી સદ્‌ભાવનાની ભેટ મળી છે. મોદીએ એવી ખાતરી આપી છે કે, મહારાષ્ટ્રના વિકાસમાં કોઈ કમી નહીં રહે. કેન્દ્ર સરકાર અને અમે બધા તમારી પડખે ઊભા રહીશું, એવી માહિતી એકનાથ શિંદેએ મુલાકાત બાદ આપી હતી.

'કેબિનેટના વિસ્તરણ પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડા અને કેન્દ્રીય પ્રધાન કિરણ રિજીજુને મળ્યા હતા. અઢી વર્ષમાં અમે બતાવ્યું કે લોકલક્ષી સરકાર શું હોય છે અને લોકોએ અમને મંજૂરીની મહોર આપી છે. અમારી પાછળ કેન્દ્ર સરકારનો ટેકો હતો. હવે અમારી નવી ઇનિંગ શરૂ થઇ છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વમાં વિકાસ કેવી રીતે થશે? તે વિશે વિચારો. મહારાષ્ટ્રમાં ક્ષમતા છે. અમે કેન્દ્રના ઘણા મોટા નેતાઓને મળવાના છીએ. દેવેન્દ્ર ફડણવીસ, હું અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર

(જુઓ પાનું ૪) ▶▶

# કલ્યાણમાં બળાત્કાર બાદ બાળકીની હત્યાઃ નરાધમ વિશાલ સામે પોક્સોના આરોપો



થાણેઃ કલ્યાણમાં ૧૨ વર્ષની બાળકીનું અપહરણ કરીને બળાત્કાર ગુજાર્યા બાદ તેની હત્યા કરવા બદલ ધરપકડ કરાયેલા મુખ્ય આરોપી વિશાલ ગવળીને કોર્ટે ગુરુવારે ૧૨ ડિસેમ્બર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

બુલઢાણા જિલ્લામાંથી બુધવારે ધરપકડ કરાયેલા વિશાલ ગવળીને ગુરુવારે સવારે થાણે લાવવામાં આવ્યો હતો અને નૌપાડા પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યો હતો.

ગવળીને કલ્યાણ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો, જ્યાં જજ વી.એ. પત્રાવલેએ તેને પોલીસ કસ્ટડી ફટકારી હતી.

આ કેસમાં પોલીસે ગવળીની ત્રીજી પત્ની સાક્ષી ગવળી તથા રિક્ષાચાલકની પણ ધરપકડ કરી છે. કલ્યાણ કોર્ટે ગુરુવારે સાક્ષીની પોલીસ કસ્ટડી પણ ૨ જાન્યુઆરી સુધી લંબાવી આપી હતી, એમ પોલીસે કહ્યું હતું.

પોલીસે અગાઉ જણાવ્યું હતું કે અગાઉ હત્યા અને અપહરણનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જોકે બાદમાં બળાત્કાર અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો)ના આરોપ ઉમેરવામાં આવ્યા હતા.

કલ્યાણના કોલસેવાડી ખાતે સોમવારે ઘરની બહાર રમી રહેલી બાળકીનું વિશાલ અને તેની પત્નીએ અપહરણ કર્યું હતું. બાળકી સાથે દુષ્કર્મ કર્યા બાદ કલ્યાણના ચક્કી નાકા ખાતે તેની હત્યા કરવામાં આવી હતી.

બાળકીના મૃતદેહને ત્યાર બાદ રિક્ષામાં લઇ જવાયો હતો અને કલ્યાણ-પડઘા માર્ગ પર બાપગાંવ ખાતે કબ્રસ્તાનની દીવાલ નજીક તેને ફેંકી દેવાયો હતો. મંગળવારે બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો. આ ઘટનાને લઇ સ્થાનિકોમાં આક્રોશ ફેલાયો હતો અને તેમણે આરોપીનું એન્કાઉન્ટર કરી નાખવાની માગણી કરી હતી.

## માનસિક દર્દીનું સર્ટિફિકેટ દેખાડી જેલમાંથી બહાર આવી જતો

અપહરણ બાદ બાળકી પર બળાત્કાર અને તેની હત્યાના કેસના આરોપી વિશાલ વિરુદ્ધ અગાઉ પણ અનેક ગુના નોંધાયેલા છે અને આ માટે તેણે જેલની હવા ખાવી પડી હતી. જોકે ગુનો આચરી વિશાલ જેલમાં જતો હતો, પણ પાછો બહાર આવી જતો હતો. વિશાલ પાસે માનસિક દર્દી હોવાનું સર્ટિફિકેટ હોઇ તેને આધારે તે જામીન પર છૂટી જતો હતો. માનસિક દર્દી હોવાનું સર્ટિફિકેટ દેખાડી તેને આધારે વિશાલે અત્યાર સુધી બે વખત જામીન મેળવ્યા હોવાનું સામે આવ્યું છે. એ સર્ટિફિકેટ વિશાલે ક્યાંથી મેળવ્યું અને તે કોણે બનાવી આપ્યું તેની પોલીસ તપાસ કરી રહી છે. વિશાલ સહ અન્ય ચારથી પાંચ આરોપી પાસે પણ આવું સર્ટિફિકેટ હોવાનું જાણવા મળ્યું છે.

## મારી દીકરીનું મોં બંધ કરી વિશાલ એને કશેક લઈ ગયોઃ પીડિતાની માતા

હું એ દિવસે કલ્યાણથી મુંબઈ ગઇ હતી. મારા પતિ અને મારો દીકરો ઘરે હતા. મારી દીકરી કોલેજ ગઇ હતી. તેને સારું જણાતું ન હોવાથી તે કોલેજથી ઘરે વહેલી આવી ગઇ હતી. એ ઘરે આવી રહી હતી ત્યારે વિશાલે તેની પાછળ આવ્યો હતો અને તેનું મોઢું દબાવી દીધું હતું અને કશુંક ઓઢાડીને ક્યાંક લઇ ગયો હતો. એ જેમતેમ કરીને તેની પકડમાંથી છૂટીને ઘરે આવી હતી. હું જ્યારે ઘરે આવી ત્યારે તેણે મને આખી વાત કહી હતી. એ સમયે અમે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તેને પકડીને જેલમાં બંધ કરી દીધો હતો. બે મહિના બાદ એ છૂટ્યો હતો. હું આ માટે કોર્ટમાં પણ ગઇ હતી, પણ તે છૂટી ગયો હતો. ત્યાર પછી શું બન્યું હતું એ સમજાયું નહીં, એવું પીડિતાની માતાએ જણાવ્યું હતું.

## કલ્યાણ ઈસ્ટમાં વિશાલનો હતો આતંક

વિશાલ ગવળીનો આ વિસ્તારમાં આતંક હતો, એવું પીડિતાની માતાએ જણાવ્યું હતું. વિશાલ કોઇની પણ મારપીટ કરતો, ધમકીઓ આપતો, છોકરીઓની છેડતી કરતો અને કોઇને પણ ગાળો ભાંડતો રહેતો. જે ઘટના સામે આવી છે તેને કારણે તો હવે અમે વધુ ડરી ગયા છીએ. આ વિસ્તારની મહિલાઓ પણ ગભરાઈ ગઇ છે, એવું પીડિતાની માતાએ જણાવ્યું હતું.

## 'ફાંસીની સજા જ અપાવીશું' ચિત્રા વાઘ

વિશાલ ગવળીને બંધારણ મુજબ મોતના માંચડે લટકાવીને જ જંપીશું. અહીં દેવાભાઉની દરેક બહેન અને તેની દીકરીઓ સુરક્ષિત રહે એ દેવાભાઉ દિવસ-રાત એક કરે છે. આથી જ અમે ગવળી જેવા નરાધમોની દાદાગીરીને સહન કરીશું નહીં, તેને ફાંસી પર લટકાવીશું એ નક્કી. આજે અમે એ બાળકીના કુટુંબની પાછળ અડીખમ ઊભા છીએ, એવી પોસ્ટ ચિત્રા વાઘે સોશિયલ મીડિયા પર મૂકી હતી.

# પ્રદૂષણ ફેલાવતી કન્સ્ટ્રકશન સાઈટ સામે પાલિકાની લાલ આંખ

## ૮૬૮નું ઈન્સ્પેકશન અને ૨૮ને નિયમોનું પાલન કરવાની તાકીદ

## નિયમોનું ઉલ્લંઘન કર્યું તો આવી બનશેઃ સુધરાઈની સ્પષ્ટ શબ્દોમાં ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કન્સ્ટ્રકશન સાઈટ તથા રસ્તા પરની ધૂળને કારણે વધી રહેલા વાયુ પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ ગયા અઠવાડિયે નવી ગાઈડલાઈન બહાર પાડ્યા બાદ તેનું અનુકરણ કરવામાં આવી રહ્યું છે કે નહીં તેનું ઈન્સ્પેકશન કરવા માટે તમામ ૨૪ પ્રશાસકીય વોર્ડમાં ૨૫ ડિસેમ્બર, બુધવાર સુધીમાં ૮૬૮ કન્સ્ટ્રકશન સાઈટનું સ્પેશિયલ સ્કવોડ દ્વારા ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું, જેમાં નિયમનું ઉલ્લંઘન કરનારા કુલ ૨૮ બાંધકામને લેખિતમાં સૂચના આપવામાં આવી છે. તેમ જ તાત્કાલિક સ્વરૂપે નિયમનું પાલન નહીં કર્યું તો કન્સ્ટ્રકશન સાઈટને સ્ટોપ વર્કની નોટિસ આપવાનું અથવા કામને સ્થળને સીલ કરવાની ચોખ્ખા શબ્દોમાં પાલિકાએ આ લોકોને ચેતવણી પણ આપી છે.

વાતાવરણમાં થઈ રહેલા ફેરફારને કારણે મુંબઈ મહાનગરપાલિકા સહિત મુંબઈ મેટ્રોપોલિટન રિજન વિસ્તારમાં હવાની ગુણવત્તાને અસર થઈ રહી છે. તેની નોંધ લઈને પાલિકાએ વાયુ પ્રદૂષણ અને તેમાં પણ મુખ્યત્વે ધૂળને નિયંત્રણમાં લાવવા માટે પાલિકાએ અમુક ઉપાયયોજના અમલમાં મૂકી છે અને ગાઈડલાઈનને પણ બહાર પાડી છે, જેને યુદ્ધનાં ધોરણે અમલમાં મૂકવાની ચેતવણી પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ તમામ વિભાગો સહિત સંબંધિત અધિકારીઓને આપી છે.

મુંબઈમાં મોટા પ્રમાણમાં ઈન્ફ્રાસ્ટ્રકચરની સાથે જ બાંધકામના અનેક કામ ચાલી રહ્યા છે, તેને કારણે ધૂળ સહિતનું પ્રદૂષણનું પ્રમાણ સતત વધી રહ્યું છે. અગાઉ વાયુ પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે ૨૭ નિયમ સાથેની ગાઈડલાઈન ગયા વર્ષે ઓક્ટોબરમાં બહાર પાડી હતી અને ત્યારબાદ ગયા અઠવાડિયામાં ફરી એક વખત ગાઈડલાઈનમાં નવા સુધારા ઉમેરવામાં આવ્યા હતા, જેમાં કન્સ્ટ્રકશન સાઈટ દ્વારા નિયમોનું અમલ કરવામાં નિષ્ફળ ગયા તો સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના સંબંધિત આસિસ્ટન્ટ એન્જિનિયરો સામે આકરાં પગલાં લેવાની ચીમકી પાલિકા પ્રશાસને આપી છે.

મુંબઈમાં વાયુ પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે સંબંધિતો દ્વારા તમામ પ્રયાસ આવશ્યક હોવાથી તે

(જુઓ પાનું ૪) ▶▶



ગ્રાંટ રોડ પાસે પાટા પર ફેલાયું ધુમ્મસ. (જયપ્રકાશ કેળકર)

## મુંબઈ પર ધુમ્મસની ચાદર

છેલ્લા બે-ચાર દિવસથી મુંબઈની હવાની ગુણવત્તા ફરી કથળી છે. વહેલી સવારના મોટા પ્રમાણમાં ધુમ્મસની ચાદર ફેલાઈ ગઈ હતી. મોડી સવાર સુધી વાતાવરણ ધૂંધળું રહ્યું હતું. ધુમ્મસને કારણે વિઝિબિલિટી ઓછી હોવાથી લોકલ ટ્રેનની સાથે જ રસ્તા પરના વાહનવ્યવહાર તેમ જ એવિએશન સેવાને અસર થઈ હતી. મુંબઈમાં ગુરુવારે સવારના વાદળિયું અને ધુમ્મસિયું વાતાવરણ રહ્યું હતું અને સવારના મુંબઈનો સરેરાશ એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૩૯ નોંધાયો હતો. તો પશ્ચિમ ઉપનગરના અંધેરીથી બોરીવલી સુધીના વિસ્તારોમાં સરેરાશ એક્યુઆઈ ૨૫૦થી ૩૦૦ની આસપાસ નોંધાયો હતો. તો દક્ષિણ મુંબઈમાં એક્યુઆઈ ૧૫૦થી ૨૦૦ની વચ્ચે નોંધાયો હતો. જે અત્યંત ખરાબ શ્રેણીમાં આવે છે. બાન્દ્રા-કુર્લા-કૉમ્પ્લેકસમાં સાંજના પાંચ વાગે એક્યુઆઈ ૩૦૦ નોંધાયો હતો. થાણેમાં ૨૦૦થી ૨૫૦ની વચ્ચે. અંધેરીથી ઘાટકોપર વચ્ચે ૨૦૦થી ૨૫૦ વચ્ચે અને નવી મુંબઈમાં ૧૬૦ એક્યુઆઈ નોંધાયો હતો.

# બોરીવલી સ્ટેશન પાસે પાણી ભરાવાની સમસ્યાથી રાહત મળશે

## કમિશનર પહોંચ્યા બોરીવલી ઈન્સ્પેકશન માટેઃ રસ્તાનાં અને સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઈનનું કામ ઝડપથી પૂરા કરવા આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બોરીવલીવાસીઓને આગામી વર્ષના ચોમાસા પહેલા સ્ટેશન બહારના વિસ્તારમાં ભરાતા વરસાદી પાણીની સમસ્યાથી રાહત મળવાની છે. બીએમસી કમિશનર ભૂષણ ગગરાણીએ ગુરુવારે બોરીવલી વિસ્તારની મુલાકાત લઈને રસ્તાના કામ ચોમાસા પહેલા ઝડપથી કરવાની સાથે જ બોરીવલી રેલવે સ્ટેશન બહાર ચોમાસા પહેલા વરસાદની પાણીનો નિકાલ કરનારી સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઈનના કામ ઝડપથી પૂરા કરવાનો આદેશ આપ્યો હતો.

પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ ગુરુવારે બોરીવલી આર-મધ્ય વોર્ડ બોરીવલીમાં હાલ ચાલી રહેલા જુદા જુદા કામનું નિરીક્ષણ કરીને તે બાબતની માહિતી મેળવી હતી. હાલ પાલિકા દ્વારા રસ્તાઓના કૉંક્રીટાઈઝેશનના કામ ચાલી રહ્યા છે, તે કામ સારી ગુણવત્તાના સાથે ઝડપથી કરવા પર બોરીવલીના અધિકારીઓને નિર્દેશ આપ્યો હતો. બોરીવલી (પશ્ચિમ)માં હાલ 'આર.ડી.પી.-૧૦' આ રસ્તાનું કામ ઝડપથી અને તે પણ ચોમાસા પહેલા પૂરા કરવાનો આદેશ પણ કમિશનરે આપ્યો હતો.

હાલ બોરીવલીમાં ચોમાસા દરમિયાન મુખ્ય સમસ્યા પશ્ચિમમાં સ્ટેશન બહાર ભરાતા વરસાદી પાણીની છે. ચોમાસામાં મોટા પ્રમાણમાં સ્ટેશનની બહાર પાણી ભરાતાં હોય છે. તેથી કમિશનરે ચોમાસામાં વરસાદી પાણીનો નિકાલ ઝડપથી થઆય તે માટે સ્ટોર્મ વોટર ડ્રેનેજ

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈગરાની રજાની મજાનું ટ્રાફિક જૅમમાં ટાંય ટાંય ફિસ્સ

## નાતાલના વેકેશનને કારણે પર્યટનસ્થળો તરફ જતા મોટા ભાગના માર્ગ પર કિલોમીટરો લાંબો ટ્રાફિક જૅમ

મુંબઈઃ હાલમાં નાતાલનું વેકેશન અને નવા વર્ષના સ્વાગતની તૈયારીઓનો ઉન્માદ અને ઉત્સાહ મુંબઈગરામાં જોવા તો મળી રહ્યો છે, પણ મુંબઈ બહાર જવા માગતા મુંબઈગરાને પર્યટનસ્થળોએ પહોંચવા માટે ટ્રાફિકની સમસ્યાનો અજગર ભારે પડી રહ્યો છે. બુધવારની સવારથી જ શહેરીજનો પોતાની કાર લઇને મહાબળેશ્વર, કોંકણ-ગોવા તરફ નીકળી પડ્યા હોવાથી શહેરની બહાર નીકળતા તમામ રસ્તાઓ-હાઈવે પર ચક્કા જામ થઇ ગયા છે.

મુંબઈથી લોનાવલા તરફ જતા હાઈવે પર વહેલી સવારથી ટ્રાફિકની સમસ્યા જોવા મળી હતી. ખંડાલા ઘાટમાં વાહનોની ૧૦થી ૧૨ કિ.મી. જેટલો ટ્રાફિક સર્જાયો હતો. પુણે બાદ છેક સાતારા સુધી આ વાહનોની લાઈન કાયમ રહી હતી. બીજી બાજુ કોંકણ તરફ નીકળેલા પર્યટકોને કારણે ગોવા હાઈવે પર પણ આવું જ દૃશ્ય ખડું થયું હતું.

મુંબઈ-પુણે એક્સપ્રેસ વે પર બુધવારે સવારથી જ વાહનો દાખલ થવા લાગ્યાં હતાં. ટ્રાફિકને હળવો કરવા માટે ટ્રાફિક પોલીસે પુણેથી મુંબઈ તરફ જનારાં વાહનો ખંડાલા ટનલ નજીક ઊભાં કરી દીધાં હતાં અને પુણે તરફ આવતાં વાહનો માટે તમામ છ લાઈન ખુલ્લી કરી દીધી હતી. જોકે આટલી ઉપાયયોજના અપૂરતી હતી અને ખંડાલા ઘાટમાં અમૃતાંજન પુલથી અંડા પોઈન્ટ, ખાલાપુર ટોલ નાકા વિસ્તારમાં વાહનોના ચક્કા જામ થઇ ગયા હતા. સાતથી આઠ કિ.મી.નું અંતર કાપવા માટે

(જુઓ પાનું ૪) ▶▶

## આનંદોઃ ૩૧મી ડિસેમ્બરના મુંબઈની ત્રણેય લાઈનમાં મોડી રાત સુધી લોકલ ટ્રેનો દોડાવાશે

મુંબઈઃ નવા વર્ષની ઉજવણી માટે રેલવેએ મુંબઈગરાઓની મોટી ભેટ આપવાની જાહેરાત કરી છે, જેમાં ત્રણેય મુંબઈની લાઈનમાં વિશેષ ટ્રેન દોડાવવાની જાહેરાત કરી છે. પશ્ચિમ રેલવેની મેઈન લાઈન સાથે હાર્બર અને મધ્ય રેલવેની મેઈન લાઈનમાં રાતના બાર વાગ્યાથી લઈને પહેલી જાન્યુઆરીના વહેલી સવાર સુધી દોડાવાશે. ૩૧મી ડિસેમ્બરે લોકલ ટ્રેનો ૨૪ કલાક દોડાવાશે, એમ રેલવેના અધિકારીએ જણાવ્યું હતું. ૩૧મી ડિસેમ્બરના પશ્ચિમ રેલવે દ્વારા આઠ અને મધ્ય રેલવેની મેઈન અને હાર્બર લાઈન ચારનો સમાવેશ થાય છે અને આ વિશેષ ટ્રેનો ૧ જાન્યુઆરીના વહેલી સવારે ચલાવવામાં આવશે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકે કહ્યું હતું કે તમામ આઠ સેવાઓ ચર્ચગેટ અને વિરાર સ્ટેશનો વચ્ચે ચલાવવામાં

(જુઓ પાનું ૪) ▶▶

# ફડણવીસનો ૧૦૦ દિવસનો ઍક્શન પ્લાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ રાજ્યના સર્વાંગી વિકાસ માટે આગામી ૧૦૦ દિવસની યોજનાઓ તૈયાર કરી રહ્યાં છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે અધિકારીઓને સૂચના આપી છે કે આ યોજનામાં લોકોને કેન્દ્રમાં રાખીને યોજનાઓ તૈયાર કરવી, ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા નાગરિકોને સરળતાથી લાભ મળે તેવી યોજનાઓ અને રાજ્યનું નેતૃત્વ જાળવીને રાજ્યને પ્રગતિના શિખરે લઈ જતી યોજનાઓનો સમાવેશ થવો જોઈએ.

તેમણે વિભાગોને આગામી ૧૦૦ દિવસની યોજનામાં નક્કર કામગીરી કરવા સૂચના પણ આપી છે. માનવ-વન્યજીવન સંઘર્ષમાં ઝડપી સહાય પૂરી પાડવા માટે ઝડપી પ્રતિભાવ ટીમની સ્થાપના કરવા

(જુઓ પાનું ૪) ▶▶

## ઇઝ ઓફ લિવિંગ પર ફોકસ

મુંબઈઃ રાજ્યની પ્રગતિ તેના 'ઇઝ ઓફ લિવિંગ' પર આધાર રાખે છે. તેથી, સરકાર પણ રાજ્યમાં 'ઇઝ ઓફ લિવિંગ' સુધારવા માટે પ્રાથમિકતા પર કામ કરી રહી છે. નાગરિકોને વિલંબ કર્યા વિના વિવિધ સેવાઓ મળે છે કે કેમ તે પરથી રાજ્યનું સુશાસન જોઈ શકાય છે. ફડણવીસે કહ્યું હતું કે, સુશાસન દ્વારા એક ટ્રિલિયન અર્થતંત્રનો માર્ગ પણ મજબૂત થશે.

મહારાષ્ટ્ર ડિસ્ટ્રિક્ટ ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ, ૨૦૨૪ રિપોર્ટનું અનાવરણ મુખ્ય પ્રધાન ફડણવીસ દ્વારા સહ્યાદ્રી ગેસ્ટ હાઉસ ખાતે કરવામાં આવ્યું હતું. ■

# ગોરેગાંવમાં મ્યુઝિક કોન્સર્ટમાં ૧૭ મોબાઈલ ચોરાયા

મુંબઈઃ મુંબઈ ખાતે યોજાયેલા યુક્રેનિયન ડીજે અને સંગીત બેલડીના આર્ટબેટ કાર્યક્રમમાં ઊમટી પડેલા ચાહકોમાંથી ૧૭ જણના ૭.૫ લાખ રૂપિયાની કિંમતના મોબાઈલ ફોન ચોરી થઇ ગયા હતા, એવું અધિકારીએ ગુરુવારે જણાવ્યું હતું.

યુક્રેનિયન કેપિટલ કિવથી આવેલા સંગીત બેલડી આર્તુર અને બેટિશનું ગોરેગાંવ પૂર્વ ખાતે આખી રાત જીવંત પ્રસારણ ચાલી રહ્યું હતું એ સમયે મંગળવાર રાતના સાડાદસ વાગ્યાથી બુધવાર સવારે પાંચ વાગ્યા દરમિયાન મોબાઈલની ચોરી થઇ હતી. વૈશ્વિક રીતે જાણીતા બંને જણનું ઈલેક્ટ્રોનિક મ્યુઝિક આર્ટબેટનો પ્રથમ શો જ મુંબઈ ખાતે યોજાયો હતો.

નેસ્કો ખાતે હોલ નંબર પાંચમાં તેઓનું જીવંત પ્રસારણ ચાલી રહ્યું હતું એ સમયે અજ્ઞાત શખસોએ અહીં આવેલા તેમના ચાહકોના મોબાઈલ ફોનની ચોરી કરી હતી. મલાડની એક ખાનગી કંપનીમાં પ્રોજેક્ટ મેનેજર તરીકે કામ કરતી ૨૩ વર્ષની મહિલા અન્ય ૧૬ જણ સાથે મોબાઈલ ફોનની ચોરી થવા અંગે વનરાઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા માટે આવી હતી. મહિલાએ નોંધાવેલી ફરિયાદને આધારે અજ્ઞાત શખસ વિરુદ્ધ ચોરીનો ગુનો નોંધીને તપાસ હાથ ધરવામાં આવી છે. (એજન્સી)■

## આજની નવલિકા

અજય સોની

# આસોપાલવનું તોરણ

સ્ત્રીઓનું ટોળું ધીમા અવાજે ગીત ગણગણી રહ્યું હતું. આંગણું મહેમાનોથી ખીચોખીચ હતું. બારસાખે તોરણ લટકતું હતું અને અજાણી સ્ત્રી તોરણ નીચેથી પસાર થઈને ઘરમાં પ્રવેશી રહી હતી.

ઘરઘરાટી સંભળાતાં ઊંઘમાં ખલેલ પડી. ધ્યાન તૂટ્યું પણ પેલા અવાજો હજુ પણ પાસેથી સંભાળાતા હતા. આંખ ખોલવાનું મન ન થયું. ખબર હતી કે સપનું છે અને હમણાં તૂટી જશે, પણ કેમેય મન ન માન્યું. જાણે બે વરસ પહેલાંનું ઘર અને આંગણું છે, લગ્નનો માહોલ છે. પોતે મહેમાનોને આવકારે છે અને હેમા સ્ત્રીઓનાં ટોળાં વચ્ચે અલગ પડી આવે છે. એનું સ્મિત અને લહેકો પણ જુદો છે. આ ઘરમાં વહુ આવવાની છે એનો હરખ ચહેરા પરથી કળી શકાય છે. મિત્રોથી ઘેરાયેલો આનંદ પણ નવા વાતાવરણમાં ભળી ગયો છે. અમદાવાદ રહીને ભણ્યો છે. સંબંધીઓ અને સમાજથી ખાસ ઓળખાણ નથી. મને એમ હતું કે તે કદાચ સેટ નહીં થાય.

ફરી અવાજ થયો અને મારી ઊંઘ ઊડી ગઈ. આંખ સામેની દીવાલ પર લાગેલા ફેમિલી ફોટો પર અટકી અને તરત જ ત્યાંથી હટી ગઈ. મને સમજાતું ન હતું કે ઊંઘ ઊડી ગઈ છે તો પછી પેલા અવાજો કેમ હજુ સંભળાય છે? રૂમનો દરવાજો બંધ હતો, પણ બારી ખુલ્લી હતી. મેં ત્યાંથી બહાર નજર લંબાવી. સામેના ઘરમાં ભીડ હતી. કાંઈક પ્રસંગ હોય એવું લાગતું હતું. ટાંક સાહેબના ઘરે શાનો પ્રસંગ હશે? બે વરસ પહેલાં જ એમના એકના એક દીકરાના મેરેજ થયેલા. મારા વિચારો લાંબા ચાલે એ પહેલાં જ મેં હેમાને રાડ પાડી.

'હેમા, અહીં આવજે તો...'

હેમાના હાથમાં ઝાડુ હતું. ચહેરા પર નરમાશ લાગતી હતી.

'આ ટાંક સાહેબને ત્યાં શું છે?'

તરત જ જવાબ વાળી દેતી હેમા આ વખતે અટકી. તેના ચહેરા પર અવઢવ સ્પષ્ટ દેખાતી હતી. એ શાની હતી એ મને સમજાયું નહીં એટલે મેં ફરી પુછ્યું. તે ઊંધી ફરી ગઈ અને પછી બોલી.

'એમના દીકરાની વહુને સીમંતનું મુહૂર્ત છે.'

હેમા દરવાજો ખુલ્લો છોડીને ચાલી ગઈ. પાછળ હું એની તરફ જોઈ રહ્યો હતો. જ્યાં હેમા ઘડી વાર પહેલાં ઊભી હતી ત્યાં અત્યારે કોઈ ન હતું.

હું ઊભો થઈને હોલમાં આવ્યો. જોયું તો હેમા રસોડામાં ન હતી. મેં આંગણામાં જવા પગ ઉપાડ્યા. ગઈ સાલ મેં રોપેલી કરેણ ખાસ્સી મોટી થઈ ગઈ હતી. હેમા તેની પાસે ઊભી હતી. હાથમાંનું ઝાડુ જાણે હમણાં નીચે ઢળી પડશે. નજર તો સામે ટાંક સાહેબના ઘર તરફ અટકી હતી. મારા પગમાં ઠંડક બાઝી ગઈ. તેમ છતાં હું આગળ ચાલ્યો. હેમાની સાવ પાસે જઈને તેની ગરદન ફરતે આંગળી ફેરવી. એ ઝબકીને આડું જોઈ ગઈ.

'શું તમે પણ.. જુઓ તો ખરાં સામે કેટલાબધાં લોકો છે.'

'હા, એટલે જ તો કહું છું. જો તો ખરી કેટલા બધા લોકો ભેગા થયા છે.'

મેં હસવાનો પ્રયત્ન કર્યો, પણ ન હસી શક્યો. અમારા બન્નેની આંખ મળી અને એક દૃશ્ય સર્જાઈને ખોવાઈ ગયું. હજુ ગયા વરસે દિવાળી પછીના દિવસોમાં આ જ આંગણામાં ખાટલે બેઠા હતા ત્યાં હેમાએ કહેલું.

'હવે મારાથી ઘરનું કામ નથી થતું. આનંદને કહીએ કે તું અને સ્નેહલ અહીં આવી જાઓ.'

'તારી વાત સમજું છું, પણ હજુ મેરેજને એક

> **તું મારી દીકરી જેવી છો. તને આમ એકલી પડી જતી જોઈને જીવ બળે છે. આનંદને કેટલો સમજાવ્યો, પણ એ પોતાની વાત નથી મૂકતો**

વરસ પણ નથી થયું. બન્ને અમદાવાદમાં ભણ્યા અને મોટા થયા છે. તરત નાનકડા શહેરમાં નહીં ફાવે.

'એમને એમની લાઈફ જીવવાની ના નથી પણ...'

'હું સમજું છું હેમા મેં હેમાના હાથને મારા હાથમાં લીધેલો. પછી હેમાની આંખમાં દેખાતી ચમકને તાકી રહ્યો હતો.

'દરેક સ્ત્રીનું સપનું હોય કે તેના પછી બીજી સ્ત્રી ઘરમાં આવે અને ઘરને ફરી નવેસરથી ધબકતું કરે. મારે તો દીકરી પણ નથી. કેટલા વરસે આ ઘરમાં કોઈ છોકરીએ પગ મૂક્યો છે.'

પછી અમારાં બન્ને વચ્ચે મૌન છવાઈ ગયેલું. હું હેમાના વલવલાટને સમજી શકતો હતો. મારી અંદર પણ કંઈક એવું જ ચાલતું હતું, પણ હું અવ્યક્ત રહીને જ પામી રહ્યો હતો.

એકાએક હું વર્તમાનમાં પટકાયો. આ જ આંગણું હતું અને આ જ હેમા, પણ અત્યારે સામે ઊભેલી હેમા અલગ લાગે છે. તે રાતે એની આંખમાં એષણા ચમકતી હતી જ્યારે અત્યારે નિરાશા અને લાચારી. જ્યારે હું ત્યારની જેમ આજે પણ અવ્યક્ત હતો.

'હેમા, હું સમજું છું કે તારા મનમાં શું ચાલે છે.'

હેમા કાંઈ ન બોલી. ફક્ત કરેણના પાનને હાથમાં લઈ રમાડતી રહી. ત્યાં જ ટાંક સાહેબને ત્યાંથી એમના ઘરમાંથી એમની પુત્રવધૂ ઘરચોળું પહેરીને બહાર આવી. એના ચહેરા પર દેખાતો હરખ જોઈને હેમાની આંખમાં પાણી આવી ગયાં. હું જોઈ રહ્યો. હેમાની આંખમાંનાં આંસુ અફસોસનાં હતાં કે પછી દુ:ખનાં એ ન સમજાયું.

હેમા ઉતાવળી ચાલે ઘરમાં ચાલી ગઈ. હું એની પાછળ જતાં અચકાયો. મને ખબર હતી કે હવે હેમાને સમજાવવી મુશ્કેલ હતી. એક સ્ત્રીના મનને સમજવું અને સમજાવવું અઘરું છે.

હું એમ જ ઊભો રહ્યો. સવારનું ઠંડકભર્યું વાતાવરણ ગમતું હતું. રજાનો દિવસ હતો. આમ તો રજાના દિવસે કાંઈ ને કાંઈ પ્રોગ્રામ બની જ જતો, પણ હમણાં ચારેક મહિનાથી બધું બંધ છે. છેલ્લે સ્નેહલ આવી ત્યારે પાસેના દરિયાકિનારે ગયેલાં. હેમા અને સ્નેહલને જોઈને કોઈ કહે જ નહીં કે બન્ને સાસુ-વહુ હશે, પણ એ સુખ હેમાના નસીબમાં નહીં લખાયું હોય.

મેં પગ ઉપાડ્યા અને અંદર જવાના બદલે ઉપર મારા રૂમમાં ગયો. હેમાને એના હાલ પર છોડીને હું મારા રૂમમાં આવ્યો. ટેબલ પર પડેલાં પુસ્તકો અને અધૂરાં લખાણો કંટાળો ઉપજાવતાં હતાં. એક પુસ્તક લઈને હું બાલ્કનીમાં આવ્યો. અમસ્તાં પાનાં ફેરવ્યાં. નજર તો ટાંક સાહેબના ઘર તરફ જ હતી. ચાર મહિને તો એમને ત્યાંથી ટહૂકા પણ સંભળાશે. પછી ટાંક સાહેબ અને એમના વાઈફ રાત્રે વોક પર નીકળશે ત્યારે વોકર લઈને નીકળશે. એમનો છોકરો પણ બાળકને તેડીને જતો-આવતો જોવા મળશે. હેમાને તો બહુ શોખ બાળકો રમાડવાનો. જરા મોટું થશે ને લઈ આવશે. આજુબાજુનાં ઘરવાળાં કેટલાંય છોકરાંઓ અહીં જ મોટાં થયાં છે એમ કહી શકાય, પણ ટાંક સાહેબના બાળકને હેમા કદાચ નહીં રમાડે. એની સામે પણ નહીં જુએ. એ બાળક ભલે ને ટગર ટગર એની સામે જોઈ રહેતું. હેમા અડગ રહેશે.

મેં નકારમાં માથું હલાવી પુસ્તક ખોલ્યું. અમસ્તુ જ વાંચવાની શરૂઆત કરી.

આપણી દરેક ઇચ્છા શું પૂરી થવા જ જન્મે છે? હું આગળ ન વધી શક્યો. વિચારવા લાગ્યો. છેલ્લે આનંદ સાથે ફોન પર વાત થયેલી ત્યારે બન્ને તરફથી ગરમાગરમી થઈ ગયેલી. એ પછી તો વીસેક દિવસ વાત પણ નહોતી થઈ. મેં પણ કોઈ પૃચ્છા નહોતી કરી. પછી એક રાતે મન પીગળ્યું અને...

પંદરેક દિવસથી હેમા સાથે પણ આ મુદ્દે વાત નહોતી થઈ. હવે વાત કરવાનો કોઈ મતલબ ન હતો.

આનંદે તેનો નિર્ણય જણાવી દીધો હતો. સ્નેહલને પૂછવાની હિંમત નહોતી થતી. હેમાએ તો એક-બેવાર કહેલું પણ ખરું કે આપણે મોટા છીએ વાત કરવી જોઈએ. ક્યાંક એવું ન થાય કે વાત વધુ આગળ વધી જાય અને...

હવે લાગે છે કે બધું પાછું હતું એમ જ થઈ જાય તો સારું. હેમા સાચી હતી. બન્ને પોતાની રીતે રહેતાં હતાં. બન્ને એકબીજાને ઓળખે એ પહેલાં જ નાની-મોટી પ્રોબ્લેમ શરૂ થઈ ગઈ. આનંદનો ગુસ્સાવાળો સ્વભાવ તેને જ નડ્યો. બધું બગડી ગયું. કોઈ કાંઈ કહે, સમજે એ પહેલાં જ આનંદે એક દિવસ ફોન કરીને જણાવી દીધું કે 'હવે અમે સાથે નથી રહેતા...!' હેમા તો આઘાતની મારી બે દિવસ સૂઈ નહોતી શકી. આનંદને સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ તે માનવા તૈયાર જ ન હતો. જ્યારે પણ ફોન કરતી ત્યારે હેમા રડી પડતી. એને રડતી જોઈને હું પણ નંખાઈ જતો. આક્રોશ આનંદ પર ઊતરી આવતો. એકવાર સ્નેહલને ફોન કરીને એના તરફી હકીકત જાણી જોઈ હતી. એ પણ રડી પડેલી. આનંદના સ્વભાવને પોતે ક્યાં નહોતો જાણતો. સ્નેહલ તો બધું ભૂલીને આગળ વધવા તૈયાર હતી, પણ આનંદ એક જ વાત લઈને બેઠો હતો,

'મારે હજુ કરિયર બનાવવું છે ને અત્યારથી મેરેજ અને જવાબદારી હું નથી સ્વીકારવા માગતો.'

'તું તારી મરજીથી સ્નેહલ સાથે પરણ્યો છો કે અમે બાંધીને પરણાવ્યો છે?'

'વાત એ નથી. હું સ્નેહલને પરણ્યો, પણ હવે મને લાગે છે કે અમે બન્ને સાથે નહીં રહી શકીએ. એટ લિસ્ટ, હું તો નહીં જ.'

'આ બધું પહેલાં વિચારવું જોઈએ કે નહી. એક છોકરીની લાઈફનો સવાલ છે.'

'પ્લીઝ, મને બ્લેકમેલ કરવાનો પ્રયત્ન ન કરો.'

'બ્લેકમેલ નથી રિયાલિટી છે.'

'તમે જે કહો તે, પણ હું મારો નિર્ણય લઈ ચૂક્યો છું. તમે ગમે તે કહેશો કોઈ ફેર નહીં પડે.'

સામેથી ફોન કટ થઈ ગયો અને હું મારા જ સેલફોનને અજાણ્યાની જેમ તાકી રહ્યો. પોતાનું જ લોહી આવું નીકળ્યું કોને કહેવું? આજના છોકરાઓ લાઈફ, મેરેજ, પ્રેમને શું આટલું જ મહત્ત્વ આપે છે? મજા આવી તો ઠીક છે. બે ઘડી સાથે રહ્યાં. મજા કરી, હર્યા-ફર્યા અને પૂરું? પણ જેમણે તમને મોટા કરીને તમારામાં પોતાનાં સપનાં રોપ્યાં એમનું શું?

સામેનું દૃશ્ય ઝાંખું થઈ ગયું. આનંદને કઈ રીતે કહેવું કે બગીચામાં જાઉં છું ને મારા જેવા કોઈ માણસને નાનકડા બાળક સાથે રમતું જોઉં છું તો થાય છે જાણે આનંદ હમણાં મારા ખભા પરથી નીચે ઊતરીને દોડવા લાગશે અને હું એની પાછળ દોડીને એને પકડી પાડીશ. નાનકડા આનંદનાં કેટલાંય સ્મરણો અંદર ને અંદર વલોવાઈ રહ્યાં હતાં. હેમા તો રડીને હળવી થઈ જતી હશે, પણ મારે ક્યાં જઈને આ ભાર હળવો કરવો?

સેલફોનમાં મેસેજ ટોન રણકી. વ્હોટ્સએપમાં મેસેજ હતો. 'હેપી ફાધર્સ- ડે' સ્નેહલે પોતાના સ્ટેટસમાં મારો અને એનો ફોટો રાખેલો. હોઠ ભીડાઈ ગયા. મોબાઈલની સ્ક્રીનલાઈટ ઑફ કરીને આકાશ સામે જોઈ રહ્યો.

થોડી વારે સ્વસ્થ થઈને સ્નેહલને ફોન જોડ્યો.

'બેટા, શું વાત કરું કાંઈ સમજાતું નથી. હું અને હેમા તારા ગુનેગાર છીએ. અમારો દીકરો આમ કરશે એવી કલ્પના પણ ન હતી.'

'પપ્પા.... એમાં તમારો શું ગુનો? અમારા બે વચ્ચેની વાત હતી ને?'

'હા, પણ દુ:ખ તો તમારાથી ઘણું અમને થાય છે. તું મારી દીકરી જેવી છો. તને આમ એકલી પડી જતી જોઈને જીવ બળે છે. આનંદને કેટલો સમજાવ્યો, પણ એ પોતાની વાત નથી મૂકતો.'

'અમારા વચ્ચે ઝઘડો હતો અમે જ ઉકેલી લઈશું સ્નેહલના અવાજમાં રણકાર હતો.'

'તારી લાઈફ બગડી રહી છે, એ જોઈને હું અને હેમા કેટલાં દુ:ખી છીએ ખબર છે? અત્યારે હેમા નીચે બેઠી બેઠી રડે છે. ને હું...'

હું આગળ ન બોલી શક્યો. ગળે ડૂમો બાઝી આવ્યો.

'ના પપ્પા, તમે નીચે જુઓ. મમ્મી હમણાં જ તમને બોલાવવા ઉપર આવશે.'

'એટલે?' મારા મોંમાંથી આટલા શબ્દો નીકળે એ પહેલાં જ હેમાનો બુલંદ અવાજ હવાને ચીરતો ઉપર

આવ્યો. એ સાથે પોતે પણ દોડતી ઉપર આવતી દેખાઈ.

'હું અને આનંદ ત્યાં આવવા નીકળી ગયાં છીએ. હવે અમદાવાદને કાયમ માટે બાય બાય.'

'પણ આનંદને કઈ રીતે...' મને આગળ કાંઈ સૂઝ્યું નહીં.

'છોકરી છું. બધું જાણું છું. થોડું હું ભૂલી ગઈ, થોડું આનંદ વ્યક્ત થઈ ગયો. ધેટ્સ ઑલ. તમે ચિંતા ન

કરો. તમારું ઘર નહીં તૂટે.'

મારી આંખના ખૂણે ખારાશ બાઝી ગઈ. ટાંક સાહેબના ઘર તરફ નજર સ્થિર થઈ ગઈ. જાણે એમને ત્યાં

નહીં, પણ મારા આંગણે તોરણ બંધાયું હોય એવું લાગ્યું. ! (સંપૂર્ણ) ■

મુંબઈ સમાચાર
નવી ધારાવાહિક નવલકથાનો
આરંભ
સોમથી શનિ
રોજ એક તાજું પ્રકરણ
તમારી આતુરતાનો અંત
બહુ જલદી!

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

**વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.**

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| इल्म | શેરડી |
| ईख | વિદ્યા |
| इंगित | બદલો |
| इंतकाल | ઈશારો |
| इंतकाम | મૃત્યુ |

### ઓળખાણ પડી?



પાંચ ઓસ્કર એવોર્ડ મેળવનારી જુલી એન્ડ્રુઝની હોલિવૂડની સંગીત પ્રધાન ફિલ્મની ઓળખાણ પડી? ગુલઝારની 'પરિચય' આ ફિલ્મની પ્રેરણા હતી.

અ) Roman Holiday બ) White Christmas
ક) Grease ડ) The Sound of Music

### ગયા વખતનો ઉકેલ

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

**ઊભી ચાવી**

(૧) ભારે, ઉંચકાય નહીં એવું (૫)
(૨) હલકું, ઉતરતું (૨)
(૩) વૃક્ષોની લાંબી હાર (૪)
(૪) અજંપાભરી સ્થિતિ (૪)
(૫) એક જાતનું ફળ (૨)
(૬) નોકરીમાં સાથે કામ કરનાર (૬)
(૮) દસમી તિથિ (૩)
(૧૨) ઉત્તેજિત કરનારું (૪)
(૧૪) હમણાં (૨)
(૧૬) ગિરમાં પશુપાલકોનું રહેઠાણ (૩)
(૧૭) સફળ, કૃતાર્થ (૩)
(૧૯) સનમ મારી કસમ તારી ઉઘાડી રાખજે .....(૨)
(૨૧) ખબર, સમાચાર, જાણવા જેવું (૪)
(૨૩) ઉપરનું (૪)
(૨૪) લગની, હઠ, આગ્રહ (૨)
(૨૬) રત, મગ્ન (૨)
(૨૭) મોટે ભાગે (૩)
(૨૯) મુખર, બહુ બોલનાર (૩)
(૩૧) મોટું, બરડ (૨)
(૩૨) મહાત્મા ગાંધી મરતી વખતે બોલ્યા, હેં.... (૨)

**આડી ચાવી**

(૧) વહીવટ ચલાવનાર તંત્ર (૬)
(૫) બનાવટી, ખોટું (૩)
(૭) ઉત્પત્તિ, જન્મ (૩)
(૮) ભાવ, કિંમત (૨)
(૯) ચોવીસે કલાક (૫)
(૧૦) દોષ (૨)
(૧૧) શ્રીકૃષ્ણના મોટાભાઈ (૩)
(૧૩) મોટું (૨)
(૧૫) દરેક છાપું આવતી કાલની ..... છે (૨)
(૧૮) ભાંગ્યો તૂટ્યો સર સામાન (૩)
(૨૦) ટેકો, દલીલોથી પુરવાર કરવું તે (૪)
(૨૨) સંગીતકાર બહેનો .... તાના .... (૨)
(૨૩) કચરાનો ઢગલો (૪)
(૨૫) (સૂફીવાદની) ગઝલ, ખ્યાલ ટપ્પાનું ગાણું (૩)
(૨૮) પુરાણું, જૂનું (૪)
(૩૦) હંમેશ (૨)
(૩૧) ઘરની વહુ (હિન્દી) (૪)
(૩૩) દોડાદોડી (૪)
(૩૪) જોવું, દેખવું (૩)

### ગુજરાત મોરી મોરી રે

ઉપેન્દ્ર ત્રિવેદી અભિનીત નાટકનું નામ ઓળખી કાઢો જેની કથા અશોક કુમાર - ફિરોઝ ખાનની 'ઊંચે લોગ'માં પણ જોવા મળી હતી.

અ) પારિજાત બ) અભિનય સમ્રાટ
ક) મેજર ચંદ્રકાંત ડ) રેતીનાં રતન

### જાણવા જેવું

ફિલ્મમાં રવીન્દ્ર સંગીત ગાનારા સાયગલ પહેલા બિન બંગાળી ગાયક હતા અને એનો શ્રેય પંકજ મલિકને જાય છે. ગાલિબની 'નુક્તા - ચીં હૈ ગમ' ત્યારબાદ કેટલાક ગાયક - સંગીતકાર દ્વારા રજૂ થઈ છે, પણ સાયગલ - પંકજ માલિકની તોલે કોઈ ન આવે એવો અનેક સંગીત અભ્યાસુઓનો અભિપ્રાય છે. આ ગીત 'યહૂદી કી લડકી'માં હતું.

### સુડોકુ-૭૦૭૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | | ૬ | ૪ | ૨ | | |
| | ૭ | | | | ૫ | ૧ | | |
| ૬ | | | | | | | | ૫ |
| | | | ૯ | | | | ૩ | |
| ૧ | | | | | | | | ૪ |
| | ૬ | | | | ૩ | | | |
| ૯ | | | | | | | | ૭ |
| | | ૫ | ૧ | | | | ૯ | |
| | | ૩ | ૪ | ૭ | | | ૮ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૭૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૩ | ૮ | ૧ | ૭ | ૫ | ૪ | ૬ | ૨ |
| ૫ | ૪ | ૨ | ૩ | ૯ | ૬ | ૧ | ૭ | ૮ |
| ૬ | ૭ | ૧ | ૪ | ૨ | ૮ | ૫ | ૯ | ૩ |
| ૨ | ૫ | ૯ | ૮ | ૪ | ૧ | ૬ | ૩ | ૭ |
| ૧ | ૮ | ૭ | ૨ | ૬ | ૩ | ૯ | ૫ | ૪ |
| ૩ | ૬ | ૪ | ૭ | ૫ | ૯ | ૮ | ૨ | ૧ |
| ૪ | ૯ | ૩ | ૬ | ૧ | ૨ | ૭ | ૮ | ૫ |
| ૮ | ૧ | ૫ | ૯ | ૩ | ૭ | ૨ | ૪ | ૬ |
| ૭ | ૨ | ૬ | ૫ | ૮ | ૪ | ૩ | ૧ | ૯ |

### ચતુર આપો જવાબ માથું ખંજવાળો

'દિયે જલતે હૈં, ફૂલ ખિલતે હૈં' કઈ ફિલ્મનું ગીત છે જે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના બે અત્યંત લોકપ્રિય અભિનેતાઓ પર ફિલ્માવવામાં આવ્યું છે.

અ) આનંદ બ) નમકહરામ ક) અજુબા ડ) દોસ્ત

### નોંધી રાખો

જીવવાની વધારે મજા તો ત્યારે આવે જ્યારે દરેકે દરેક જણ તમે હારી જાઓ એની રાહ જોતો હોય. આ પરિસ્થિતિથી વિચલિત ન થવું.

### માઈન્ડ ગેમ

'ઝકાસ' અનિલ કપૂર અને 'ભીડુ' જેકી શ્રોફ ઘણી ફિલ્મોમાં સાથે જોવા મળ્યા. જોડી કઈ ફિલ્મમાં સાથે નહોતી એ વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) કર્મા બ) પરિંદા
ક) ખેલ ડ) અંદર બહાર

### ગયા શુક્રવારના જવાબ

**ભાષા વૈભવ**

| A | B |
|---|---|
| हया | લાજ, શરમ |
| हर्फ | અક્ષર |
| हर्ज | મુશ્કેલી |
| हमाकत | મૂર્ખાઈ |
| हवालात | કેદ |

**ગુજરાત મોરી મોરી રે**
કુમારની અગાશી

**ઓળખાણ પડી?**
Rain Man

**માઈન્ડ ગેમ**
હાફ ટિકિટ

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો**
ગીત ગાતા ચલ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) કિશોરકમાર જીવણદાસ વેદ (૫) ધીરેન્દ્ર ઉદેશી (૬) ગીતા ઉદેશી (૭) પ્રતિમા પમાણી (૮) સુરેખા દેસાઈ (૯) નીતા દેસાઈ (૧૦) સુભાષ મોમાયા (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) વિભા મહેશ્વરી (૧૩) ભારતી બુચ (૧૪) શ્રદ્ધા આશર (૧૫) પુષ્પા પટેલ (૧૬) લજિતા ખોના (૧૭) મહેશ દોશી (૧૮) પ્રવીણ વોરા (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) તાહેર ઔરંગાબાદવાલા (૨૧) શીરીન ઔરંગાબાદવાલા (૨૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૩) મીનળ કાપડિયા (૨૪) નુતન વિપીન (૨૫) મહેન્દ્ર લોઢાવિયા (૨૬) અશોક સંઘવી (૨૭) હર્ષા મહેતા (૨૮) મનીષા શેઠ (૨૯) ફાલ્ગુની શેઠ (૩૦) અરવિંદ કામદાર (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) ભાવના કર્વે (૩૩) કલ્પના આશર (૩૪) અંજુ ટોલિયા (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) નયના ગિરીશ મિસ્ત્રી (૩૮) જગદીશ ઠક્કર (૩૯) જયવંત પદમશી ચિખલ (૪૦) દિલીપ પરીખ (૪૧) કિશોર બી. સંઘરાજકા (૪૨) શિલ્પા શ્રોફ (૪૩) નીતિન બજરિયા (૪૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૫) પુષ્પા ખોના (૪૬) નંદકિશોર સંજાણવાળા (૪૭) વિમા સંપટ (૪૮) વિજય આસર (૪૯) પુષ્પા ખોના (૫૦) મહેશ સંઘવી

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)** ૧) વિલીયમ શેક્સપિયર - અંગૂર ૨) ચેતન ભગત- ૩ ઈડિયટ્સ ૩) હુસૈન ઝૈદી- ફેંટમ ૪) હરિદર સિક્કા - રાઝી - ૫) ધર્મવીર ભારતી - સૂરજ કા સાતવા ઘોડા ૬) રસ્કિન બોન્ડ - સાત ખૂન માફ ૭) બાપસી સિધવા-અર્થ

**ક્વિઝ (બ)** બોબી ૨) સરગમ ૩) લૈલા મજનૂ ૪) જનમ જનમ ૫) બારુદ ૬) હિના ૭) નયા દૌર (નવી) આ બધી ફિલ્મમાં રિશી કપૂર હીરો હતો!

# મેટિની

## કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

# તમે લઈ ગયા અમે રહી ગયા!

### સાઉથની ફિલ્મોને હિન્દી ચિત્રપટ શોખીનો તગડો વકરો કરાવે છે, પણ હિન્દી ફિલ્મોને ત્યાં સાઉથમાં સાવ મોળો આવકાર મળે છે.





'પુષ્પા ૨: ધ રાઈઝ' એના આઈકોનિક ડાયલોગ 'મૈં પુષ્પા, પુષ્પા રાજ, મૈં ઝુકેગા નહીં, સાલા!'ને યથાર્થ ઠેરવી બૉક્સ ઑફિસ પર ૧૦ ગિયરની ગાડી અગિયારમા ગિયરમાં ભાગે એમ બૉક્સ ઑફિસ પર સૂસવાટા વેગે ભાગી રહી છે. પહેલા ૧૯ દિવસમાં (૨૩ ડિસેમ્બર સુધીમાં) ૧૬૦૦ કરોડનું બૉક્સ ઑફિસ કલેક્શન! દયા ભાભીની સ્ટાઈલમાં કહીએ તો 'ઓ મા! માતાજી!' આંખો પહોળી થઈ ફાટી જાય એવા આ કલેક્શનની એક ઊડીને આંખે વળગે એવી વાત એ છે કે ૧૬૦૦ કરોડના કલેક્શનમાંથી ૬૭૦ કરોડ તો હિન્દીમાં ડબ થયેલી ફિલ્મના છે. મતલબ કે શાહરૂખ, સલમાન, રાજકુમાર રાવ, આલિયા ભટ્ટ ઈત્યાદિની ફિલ્મો જોતા દર્શકો અલ્લુ અર્જુનને પણ માથે ચડાવી નાચી રહ્યા છે. હવે એક ચોંકી જવાય એવી વાત. આ ફિલ્મ મૂળે તેલુગુમાં બની છે. ૧૯ દિવસ પછી એ ભાષામાં ફિલ્મનું કલેક્શન હતું ૩૧૦ કરોડ મતલબ કે હિન્દી કરતાં અડધાથી પણ ઓછું. હા, એ વાત ખરી કે તેલુગુ વર્ઝન માત્ર આંધ્ર અને તેલંગાણા પૂરતું જ સીમિત હોય અને એટલે દર્શકોની સંખ્યા હિન્દી ભાષા કરતાં ઓછી હોય.

જોકે, વાત અહીં હિન્દી ફિલ્મના દર્શકોને સાઉથની ડબ ફિલ્મો માટે પારાવાર લાગણીની છે. બીજી એક રસપ્રદ વાત એ છે કે 'પુષ્પા-૨' સાઉથની અન્ય ત્રણ ભાષા (તમિલ, મલયાલમ અને કન્નડ)માં પણ રિલીઝ થઈ છે. ૧૯ દિવસના અંતે તમિલ વર્ઝનનું કલેક્શન છે ૫૪ કરોડ રૂપિયા. એ જ તામિલનાડુ જ્યાં આ વર્ષે 'ધ ગ્રેટેસ્ટ ઑફ ઑલ ટાઈમ' ફિલ્મનું કલેક્શન ૪૫૦ કરોડ હતું, ગયા વર્ષે રજનીકાંતની 'જેલર' ૬૦૦ કરોડ પર પહોંચી હતી. મલયાલમ વર્ઝનમાં ફિલ્મનું કલેક્શન હતું ૧૪ કરોડ અને કન્નડ ભાષામાં ૭.૫ કરોડ. મલયાલમ ફિલ્મ ઈન્ડસ્ટ્રી અધધ કલેક્શન માટે પ્રખ્યાત નથી, પણ આ વર્ષે 'મંજુમલ બોય્ઝ' ૨૪૦ કરોડ અને 'આવેશમ' ૧૫૫ કરોડ મેળવવામાં સફળ રહી હતી. કન્નડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં 'કેજીએફ'ની બંને ફિલ્મોએ બૉક્સ ઑફિસ પર કેવી કમાલ કરી હતી એ વાત હજી ભુલાઈ નથી. આમ તેલુગુ સિવાયની સાઉથની ત્રણ ભાષામાં પણ કરોડોનાં કલેક્શન સહજ ગણાય છે ત્યારે 'પુષ્પા-૨'નાં મલયાલમ અને કન્નડ વર્ઝનનાં કલેક્શન એના કુલ વકરા સામે પરચૂરણ જેવા લાગે છે. અને એ જ ફિલ્મ હિન્દી ડબ વર્ઝનમાં 'તા થૈયા તા થૈયા હો' કરે છે.

હવે તો હિન્દી ફિલ્મો પણ સાઉથની ચારેય ભાષામાં ડબ કરી રિલીઝ કરવામાં આવે છે. આ વર્ષની ધૂઆંધાર સફળ ફિલ્મ 'સ્ત્રી-૨'ના કલેક્શનને સમજીએ. માન્યતાપ્રાપ્ત માહિતી અનુસાર રાજકુમાર રાવ - શ્રદ્ધા કપૂરની ફિલ્મનું વર્લ્ડવાઈડ કલેક્શન ૮૭૪ કરોડ હતું, જેમાં ૭૪૦ કરોડ ઘરઆંગણે અને ૧૩૪ કરોડ વિદેશમાં વકરો. આંકડાઓની આ માયાજાળમાં નોંધવાની વાત એ છે કે સ્વદેશના ૭૪૦ કરોડ કલેક્શનમાં ૬૭૦ કરોડ હિન્દી વર્ઝનના છે. એનો અર્થ થયો કે સાઉથની ચાર ભાષામાં ડબ થયેલી 'સ્ત્રી-૨'નું કલેક્શન માત્ર ૭૦ કરોડ રૂપિયા....! સાઉથની ફિલ્મ 'પુષ્પા-૨'ને હિન્દીમાં બખ્ખાં, બત્રીસ પકવાન અને હિન્દી ફિલ્મને સાઉથમાં ફક્ત ચા-પાણી.

રણબીર કપૂરની 'એનિમલ'નું ઉદાહરણ જોઈએ. કુલ કલેક્શન ૯૧૭ કરોડ (ઘરઆંગણે ૬૬૨ કરોડ અને વિદેશમાં ૨૫૫ કરોડ) હતું. આમાંથી હિન્દીમાં ૬૦૨ કરોડ અને સાઉથની ચાર ભાષામાં મળી ઑન્લી ૬૨ કરોડ. શાહરૂખની તુફાની સફળતા મેળવનાર 'જવાન'નું ટોટલ કલેક્શન ૧૧૦૦ કરોડ. ઘરઆંગણે ૭૫૦ કરોડ, વિદેશમાં ૩૫૦ કરોડ. સ્વદેશના ૭૫૦ કરોડમાંથી ૬૭૭ કરોડ હિન્દી વર્ઝનના અને સાઉથની ચાર ભાષાનું કલેક્શન ફક્ત અને ફક્ત ૭૩ કરોડ રૂપિયા. આંકડાની આ ઈન્દ્રજાળમાં ન અટવાઈએ તો પણ એ વાત સ્વીકારીએ કે 'પુષ્પા-૨' તેમ જ અન્ય સાઉથની ફિલ્મોને હિન્દી ફિલ્મ જોનારો દર્શક જે આવકાર આપે છે એની સામે હિન્દી ફિલ્મોને સાઉથના ચારેચાર ભાષાના પ્રદેશમાં સાવ મોળો - ફિક્કો આવકાર મળે છે. તમે (સાઉથની ફિલ્મો) લઈ ગયા અને અમે (હિન્દી ફિલ્મો) રહી ગયા જેવો ઘાટ થયો.

આના બે અર્થ નીકળે. એક તો એ કે સાઉથની ફિલ્મો હિન્દી ફિલ્મો જોનારા દર્શકોને ખૂબ પ્રભાવિત કરે છે, જ્યારે હિન્દી ફિલ્મો માટે સાઉથના દર્શકોમાં વિશેષ રુચિ નથી. બીજો અર્થ એ કરી શકાય કે હિન્દી ફિલ્મો જોતા દર્શકોનું ચિત્તતંત્ર વિશાળ હોય છે અને એટલે એ 'સ્ત્રી-૨', 'ગદર-૨', 'જવાન', 'પઠાન', 'એનિમલ'ને માણે છે અને 'પુષ્પા-૨', 'પુષ્પા', 'કેજીએફ-૧ અને ૨', 'કાંતારા', 'આરઆરઆર', 'સલાર' અને 'બાહુબલી'ને પણ બહોળો આવકાર આપે છે. બીજી તરફ, સાઉથના દર્શકોની રુચિ સીમિત હોય છે. હિન્દી ફિલ્મો તમિળ, તેલુગુ કે પછી મલયાલમ - કન્નડ ભાષામાં ડબ કરી રિલીઝ કરવામાં આવ્યા બાદ મળતા આર્થિક વળતર વિશે જાણવા દસેક વર્ષ પાછળ જઈએ.

૨૦૧૫માં રાજશ્રી પ્રોડક્શન્સની 'પ્રેમ રતન ધન પાયો' રિલીઝ થઈ હતી. ફિલ્મ ટ્રેડની માહિતી અનુસાર દક્ષિણ ભારતના ૫૬૩ સ્ક્રીનમાં તમિળ, તેલુગુ અને હિન્દી એમ ત્રણ ભાષામાં પ્રદર્શિત થઈ હતી. તામિલનાડુના ૧૦૨ સ્ક્રીનમાંથી ૬૫ થિયેટરમાં 'પ્રેમ રતન...' રિલીઝ કરવામાં આવી હતી. તેલુગુમાં પણ ડબ કરવામાં આવી હતી. માહિતી અનુસાર તમિળ વર્ઝનનો પહેલા દિવસનો વકરો ફક્ત ૨૫ લાખ રૂપિયા હતો, જ્યારે આંધ્ર અને તેલંગાણામાં રિલીઝ થયેલા તેલુગુ વર્ઝનનું કલેક્શન હતું ત્રણેક કરોડ રૂપિયા. એની સામે હિન્દી વર્ઝનનો પહેલા દિવસનો વકરો હતો ૩૯ કરોડ રૂપિયા. કલેક્શનમાં સાઉથની 'ગરીબાઈ' ઊડીને આંખે વળગે છે.

જોકે, સાઉથની ભાષામાં હિન્દી ફિલ્મ ડબ કર્યા પછી કમાણીમાં કંગાળ રહેવા છતાં બોલિવૂડ નિર્માતા દક્ષિણાયન વિસરતા નથી. રણબીર કપૂર - આલિયા ભટ્ટની 'બ્રહ્માસ્ત્ર'નું સ્વદેશમાં કલેક્શન હતું ૨૩૦ કરોડ જેમાં સાઉથની બે ભાષા તમિલ અને તેલુગુનું કુલ યોગદાન હતું ૨૦ કરોડ રૂપિયા. આવાં અન્ય ઉદાહરણ પણ હશે.

હિન્દી ફિલ્મો માટે સાઉથમાં જોવા મળતી ઉદાસીનતા અંગે ફિલ્મ બિઝનેસના અભ્યાસુઓની દલીલ જાણવા જેવી અને સમજવા જેવી છે. એમનું કહેવું છે કે 'હિન્દી ફિલ્મો સાઉથની ભાષામાં ડબ કરવામાં આવ્યા પછી એની રિલીઝ મર્યાદિત હોય છે. હિન્દી ફિલ્મો આમેય દક્ષિણ ભારતની જનતાને બહુ સ્પર્શતી નથી. બીજું કારણ એ પણ આપવામાં આવે છે કે 'જવાન', 'પઠાન' પ્રકારની કમર્શિયલ ફિલ્મો સાઉથમાં નિયમિત ધોરણે બનતી હોવાથી એની એમને નવાઈ નથી. સાઉથની જે ફિલ્મો હિન્દીમાં ડબ થાય છે એવી ફિલ્મો હિન્દી ફિલ્મોના દર્શક માટે નવો અને આકર્ષક અનુભવ છે. 'મૈં ઝુકેગા નહીં, સાલા' એમને મોજ કરાવે છે ને સાથે સાથે દિલ-દિમાગને સ્પર્શે પણ છે તો શું એનો અર્થ એવો થાય કે 'સરકટા અને વો આયેગા' (સ્ત્રી-૨) કે પછી પિતા માટે કોઈ પણ હદે જઈ શકતો પુત્ર (એનિમલ) જેવી વાર્તા માટે સાઉથના દર્શકોમાં આકર્ષણ નથી? જવાબ જાતે નક્કી કરી લેવો.

(નોંધઃ લેખમાં આપેલી આંકડાકીય માહિતીમાં વત્તાઓછા હોઈ શકે છે, પણ મુખ્ય મુદ્દો સાઉથની હિન્દીમાં ડબ કરેલી ફિલ્મનાં કલેક્શન અને સાઉથની ચાર ભાષામાં ડબ થયેલી હિન્દી ફિલ્મનાં કલેક્શનમાં રહેલી ભયંકર અસમાનતા સામે આંગળી ચીંધવાનો છે.) ■

## સ્ટાર-યાર-કલાકાર
સંજય છેલ

# રાજેશ ખન્ના ઉર્ફ કાકા...

### ઓરિજિનલ સુપર સ્ટારના ઓરિજિનલ જાણવા જેવા સુપર કિસ્સા

૧૯૯૬-૯૭ની વરસાદી સાંજ. સ્થળઃ મુંબઈમાં લિંકિંગ રોડમાં 'આશીર્વાદ પિક્ચર્સ'ની ખાલી ઑફિસની દીવાલ પર રાજેશ ખન્નાના ખિલખિલાતા ફોટામાંનું સ્માઈલ ને આંખોની ચમક જોઈ મારાથી બોલાઈ જવાયુંઃ

'વાઉ!ક્યા તસ્વીર હૈ!'


ત્યારે બારી પાસે ઊંધા ફરીને ઊભેલા આદમીએ પૂછ્યુંઃ

'ક્યૂટ હૈના? કભી મુઝે ભી યે બંદા અચ્છા લગતા થા!'

એ હતા, રાજેશ ખન્ના ઊર્ફ કાકાજી ખુદ!

સફેદ દૂધમલ કુરતો, હાથમાં સિગારેટ, જોતાવેંત એક સ્માઈલથી કાયમ માટે નજરકેદ બનાવી દે એવી મારકણી મસ્તી. મદ્ધમ સ્વરમાં વાતો, વાતોમાં ઉષ્મા. સંજયમાંથી 'સંજુ' કહી દેવાની આત્મીય અદા. આંખોનું સંમોહન જ કહી દે કે જતીન ખન્નાને 'સુપર સ્ટાર' રાજેશ ખન્ના બનાવનારી જાદુઈ ફોર્મ્યુલા હતીઃ ચુંબકીય ચાર્મ!

ત્યારે મારી સિરિયલ 'ફિલ્મી ચક્કર'માં મેં કાકાજીની અજોડ 'આનંદ' ફિલ્મની કૉમેડી પેરોડી બનાવેલી. એ જોઈને કાકાજીએ મને બોલાવ્યો. હોઠ ધ્રુજાવી, આંખ નમાવીને કહ્યુંઃ 'પોલિટિકસ મેં તો યુંહી ખીંચે ગયે વર્ના ૩૦-૩૫ સાલોં સે સિર્ફ સિનેમા હી કિયા હૈ, આગે ભી કરના હૈ.. તુમ મેરે સાથ ફિલ્મ બનાઓ. પ્રોડ્યુસર મૈં દૂંગા... કાકા કા વાદા હૈ.'



હું અવાક!૬૦ વરસના સુપર સ્ટારને શું કહું?

....ત્યારે મારી ફિલ્મઃ 'ખૂબસૂરત' સંજય દત્ત સાથે શરૂ થવાની હતી એટલે 'જરૂર સોચતે હૈં' કહી એમને ભેટ્યો.

અઠવાડિયા પછી કાકાજીનો ફરી ફોન આવ્યોઃ 'સંજુ, ફિલ્મે-શિલ્મે તો હોતી રહેગી. એકાદ શામ મિલને તો આઓ. સાથ મેં ખાયેંગે-પીયેંગે. ટ્રસ્ટ મી, મજેદાર આદમી હું!'

હું ફરી અવાક.. જેના ઘરે રોજ રાતે ૧૫-૨૦ નિર્દેશકોની અને ૩૦-૪૦ કલાકારોની ભીડ લાગતી, લાખો છોકરીઓ જેમની ઝલક લેવા વ્રત-એકટાણાં કરતી, લોહીથી એમને પ્રેમપત્રો લખતી એ સુપર સ્ટારની આવી એકલતા? મેં અનેક સુપરસ્ટાર્સ સાથે સમય ગાળ્યો, પણ દરેક સ્ટારમાં એક વેપારી ઘૂસી જાય છે, પણ રાજેશ ખન્ના, છેલ્લે સુધી મૂર્ખતા ભાવુકતાની હદ સુધી, કવિહ્રદય જીવ રહ્યા ને પીડાયા.

૨૦૦૨માં મેં તુષાર કપૂર-એશા દેઓલની 'ક્યા દિલને કહા?' ફિલ્મ બનાવેલી, જેનું 'નિકમ્મા કિયા ઇસ દિલ ને ...' ગીત ખાસ્સું પોપ્યુલર થયેલું. મા-બાપના ઝઘડાના કારણે હીરોને લગ્નસંસ્થા પરથી વિશ્વાસ ઊઠી જાય છે એવી વાર્તા. બજેટ ખાસ નહોતું એટલે મેં બાપના રોલ માટે કાકાજીને ડરીને ફોન કર્યો ત્યારે મીઠડા અવાજમાં બોલ્યાઃ 'સંજુ, તુઝે કભી મૈં મના કર સકતા હું? અરે, પૈસેં તો આતે જાતે હૈ... શામ કો સેલિબ્રેટ કરતે હૈ!'

ફિલ્મનું શૂટિંગ નજીક આવતાં કપડાં, જૂતા માટે કાકાજી વારંવાર ઉત્સાહથી ફોન કરે. મને અકળામણ થતી.

એમાં તો શૂટિંગના આગલે દિવસે હદ થઈ ગઈ. સવારથી એમના સતત ફોન પર ફોન કે 'કાલથી શૂટિંગ પાક્કું છે?'

હું 'હા' કહું પછી ૩-૪ કલાકે ફરી કહેઃ

'હૈદ્રાબાદની ટિકિટ આવી નથી!' હું સમજાવું કે ટિકિટ પહોંચી જશે. રાત્રે પાછો ફોનઃ 'મારો રોલ પાક્કો છે ને?' મેં સહેજ કંટાળીને કહ્યુંઃ 'પ્લીઝ સર, તમારી ટિકિટ મારી પાસે છે. રિલેક્સ!' ત્યારે કાકાજીએ નજાકતથી કહ્યુંઃ 'નારાજ મત હો સંજુ, દેખ લેના બિઝનેસ ક્લાસ કી ટિકિટ હૈ ના? આજકાલ કે નયે લોગોં કો પતા નહીં હોતા કિ મૈં ક્યા થા, કૌન થા...ઇસલિયે જરા..'

હું ફરી અવાક. સતત ૨૦ સુપરહિટ ફિલ્મ આપનાર સુપર સ્ટાર જે ચાર્ટર્ડ પ્લેનમાં ઊડતો, બેંગ્લોરમાં સરકારી લોટરીના ઉદ્ઘાટનમાં ખુદ ગવર્નર જેને બોલાવતા, જેની દિનચર્યા પર બી.બી.સી.વાળા સ્પેશિયલ ડૉક્યુમેન્ટરી બનાવતા, એ આજે આવું પૂછે છે? ગ્લેમરની ખોખલી દુનિયા, એક થપ્પડની જેમ મને હલાવી ગઈ. મેં ધરપત આપી તો ફરી એમની અદામાં બોલ્યાઃ 'વો સબ છોડ, કલ સેટ પર વહી કૅમેરા કી ઘર્રર ઘર્રર આવાઝેં, વો લાઇટેં... ઉસ કા મજા હી કુછ ઔર હૈ ના?' હૈદ્રાબાદની તાજ-બંજારા હોટલના મહારાજા રૂમમાં મને ને ટીમને રોજ રાતે વેજ-નોનવેજની ૧૫થી ૨૦ વાનગીઓ, ૪૫ શરાબ, ૩૪ મીઠાઈઓ, ૨૩ જાતનાં પાન પીરસીને પોતાના પૈસે પાર્ટી આપે. જાણે ફરીથી રાજાનો રાજ્યાભિષેક થવાની મહેફિલ! દિવસે ભજવેલ સીન, રાત્રે ફરીથી ભજવે ત્યારે સમજાય કે આ અદાકારને શરાબનો નહીં પણ અભિનયનો, ઑડિયંસનો નશો હતો!

બીજા ફિલ્મ કલાકારોની જેમ ક્યારેય કોઈ વિશે હલકી વાત કે ગોસિપ નહીં. સ્ટાર્ચ કરેલા સફેદ કુરતામાં સજ્જ કાકામાં શુદ્ધ શાલીનતા ઝલકે. એક જમાનામાં કાકાજીના આશીર્વાદ બંગલે રોજ નિર્માતા નિર્દેશકોની પાર્ટીઓ થતી ત્યારે કાકાજી ડ્રાઈવરો માટે ખાસ બૂફે રાખતા.

'શું છે કે નિર્માતાઓ-મહેમાનો તો ખાઈ-પીને ગમે ત્યારે નીકળી જાય, પણ મોડી રાત્રે બિચારા ડ્રાઈવરો ક્યાં જમે? સબ સે પહેલે ઉન લોગોં કે લિયે હમને એક 'દસ્તરખ્વાન' બનાયા થા.'મેં ઘણા સ્ટાર્સની પાર્ટીઓ જોઈ પણ નીચલા તબક્કાના લોકો માટે આવી લાગણી ફક્ત કાકાજી જેવા બાદશાહનાં દિલમાં દેખાણી. એ જ 'આશીર્વાદ' બંગલા વિશે અફવા ઊડેલી કે બંગલો વેચવાનો છે. સલમાન ખાનના ભાઈ સોહેલે એમને ફોન કર્યો ત્યારે કાકાજીએ એ જ ખુદ્દારીથી કહ્યુંઃ

'કભી રાજા અપના મહેલ બેચ સકતા હૈ? કભી કોયલ અપની કૂક બેચ સકતી હૈ? તો ફિર કાકા, અપના બંગલા ક્યું બેંચે?!'

'ક્યા દિલને કહા' ફિલ્મના શૂટિંગમાં મારી કપરી કસોટી થયેલી. એક નાટ્યાત્મક દૃશ્યમાં બાપ-દીકરા વચ્ચે ભરી પાર્ટીમાં બોલાચાલી દરમિયાન દીકરો તુષાર, રાજેશ ખન્નાને પૂછે છે, 'આપને જિંદગીમેં કયા પાયા?'


બાપ ખન્ના કહે છે, 'તુઝે પાયા!'

કાકાજીની ઇચ્છા હતી કે દૃશ્યના અંતે કૅમેરા એમના અશ્રુભીના ચહેરા પર ઝૂમ થાય. મને એ જરા મેલોડ્રામેટિક લાગ્યું. મેં એમને સમજાવ્યું, 'સર.. આપ પર ઝૂમ કરના ઝ્યાદા હી ફિલ્મી હો જાયેગા.'

એ રાત્રે કાકાજીએ રૂમ પર બોલાવીને ઈમોશનલ અવાજમાં મને કહ્યું : 'પગલે, મેરા એક ક્લોઝઅપ લે હી લેતે? બાદમેં એડિટિંગ મેં કાટ દેતા.. કમ સે કમ આજ કે દિન તો મુઝે પલ-દોપલ કી ખુશી મિલતી?!'


એ ઉદાસ શબ્દો, હજારો ખંજર બનીને મારા દિલમાં આજ સુધી ખૂંપેલાં છે. જે સુપર સ્ટારની સફેદ કાર પર છોકરીઓ કિસ કરીને લિપસ્ટિકનાં નિશાનોથી લાલ કરી દેતી, જેના ફોટાં પર બરફ ચોંપડીને કાકાના ચાહકો એમનો તાવ ઉતારવા દુઆ માગતા, જેની એક ઝલક માટે આખું હિંદુસ્તાન તરસતું, ભારતનો પહેલો સુપર સ્ટાર એક ક્લોઝઅપ માટે સમજાવી રહ્યો હતો? મારી એ ભૂલ તો હું નહીં સુધારી શકું, કારણકે કાકાજી હવે નથી. ૨૯ ડિસેંબરે કાકાજીનો જન્મદિન છે..

'આનંદ કભી મરતે નહીં'ની જેમ 'સુપરસ્ટાર કભી મરતે નહીં.'! ■



## સાત્વિકમ્ શિવમ્
અરવિંદ વેકરિયા

# 'રોટલી': માણસને મેળવવા માટે દોડાવે ને પચાવવા માટે પણ..!



મોટા ઉપાડે રાજેન્દ્ર શુકલે સેલિબ્રિટીની વાત તો કરી.. એના માનવા મુજબ એક મોટું નામ હોય તો ટિકિટબારી ઉપર તો ફરક પડે સાથે શો લેનાર સંસ્થાઓમાં પણ નાટકોની ચાલતી હરીફાઈ વચ્ચે થોડા વટ સાથે ઊભું પણ રહી શકાય. હા, નાટક સારું બનવું જોઈએ.

'યે જો હૈ જિંદગી' થી ટીકુ તલસાણિયાનું નામ ખૂબ સારું. રાજેન્દ્રએ ટીકુને ફોન કરી બધું નક્કી કરી લીધું. (અત્યારે કદાચ ટીકુને યાદ પણ નહી હોય.) કલાકારોનો કાફલો મોટો હતો. સેટ્સ પણ એક કરતાં વધુ હતા.

નિર્માતા નવા હતા, નિર્માણ ખર્ચાળ હતું, પણ એમને વાંધો નહોતો.

ધીમે-ધીમે પાત્રોની વરણી કરવા માંડી. ટીકુનું તો ફાઈનલ થઈ ગયું હતું. બાકીના ભેગાં કરવાનાં હતાં.

તુષારભાઈનો અનુભવ તો સારો હતો, પણ એમની નાણાકીય તકલીફને કારણે એ દૂર થયા હતા. નવા નિર્માતા રમણિક ગોહિલનું એ પહેલું નાટક. એમનો કોઈ અનુભવ નહોતો અને અમે બધી તૈયારીઓ કરવા માંડેલી. એ રહે ભાઈંદર એટલે વધુ મળવાને બદલે માત્ર ફોન ઉપર જ વાતો થતી. હું રાજેન્દ્રને મારો 'ભય' જણાવતો. રાજેન્દ્રને તો આમ પણ સ્ક્રીપ્ટ માટે મમત એટલે મને કહેતોઃ

'દાદુ, તું વિચારે છે એવું કશું નહી થાય. ભરોસો તો રાખવો જ પડશે.' મને થયા કરતું કે ભરોસો આપણા શ્વાસનો પણ નથી અને આ માણસ પર ભરોસો રાખવાનું કહે છે. ખેર! 'કવર' ચાલુ તો રાખવાં જ પડશે. નોકરીને તો ક્યારનું 'જય શ્રીકૃષ્ણ' કરી દીધું હતું. ખરેખર, 'રોટલી' માણસને મેળવવા માટે પણ દોડાવે છે અને પચાવવા માટે પણ!

કુલ ૧૧ કલાકારો નક્કી કર્યા. ટીકુ સાથે શેતલ રાજડા, શચી જોશી, શરદ શર્મા, શંભુ દામનીવાલા, રાજેન્દ્ર શુકલ, નીલેશ ચાચા, કલ્પના દીવાન અને સોહિલ વીરાણી. નાટકમાં એક બાળ-કલાકારની પણ જરૂર હતી એટલે તન્મય (આજે 'બાઘા' તરીકે વધુ ઓળખાય છે.) સાથે મેં પણ એક રોલ કરવાનું નક્કી કરી લીધું.

સારી રીતે મુર્હૂત કર્યું. પી.આર.ઓ. તરીકે તારકનાથ ગાંધીને લીધા. એમની કાબેલિયતનો અનુભવ મેં લાલુ શાહના નાટક 'જીવનસાથી'માં જોયો હતો. લાલુ શાહનું પી.આર.ઓ.નું કામ પહેલાં 'મહેંદી' નામક માસિક ચલાવનાર અસગર ભાવનગરી સંભાળતા હતા. ગાંધીએ નાટક જોતાં નબળું કલેક્શન જોઈ સામેથી નાટક ચલાવી આપવાનું બીડું ઝડપેલું. પછી તો ..રેસ્ટ વોઝ હિસ્ટ્રી...

અસગર ભાવનગરીની વાત નીકળી એટલે એક પ્રસંગ યાદ આવી ગયો. અસગર ભાવનગરીની જેમ સંગીતકાર અજિત મર્ચન્ટ પણ 'બહુરૂપી' પરિવાર સાથે જોડાયેલા હતા. એક નાની વાતમાં બંને વચ્ચે ચકમક જરી ગઈ. અસગરભાઈ કહે, 'અજિત,આપણો સંબંધ આજથી પૂરો. મારું પ્રકાશન 'મહેંદી' જે તને દર મહિને મોકલું છું એ હવે બંધ.' અજિતભાઈએ મોં-ફાટ જવાબ જડી દીધોઃ 'એ ભાવનગરી, મોકલતો પણ નહી. આમ પણ મારે ઘરે પસ્તીવાળો આવે છે ત્યારે 'મહેંદી'ના બધા અંકો બાજુ પર મૂકી ખાલી પસ્તી જ લઈ જાય છે. એ પણ તારા માસિકને હાથ નથી લગાડતો.' પછી તો લાલુ શાહે સમાધાન કરાવ્યું અને એમની ગાડી ધીરે ધીરે પાટે ચડી.

અમારાં મુર્હૂતમાં તારકનાથ ગાંધીએ પહેલો અંક કલાકારો વચ્ચે સાંભળ્યો. નાટક સસ્પેન્સ-કોમેડી હતું. અંક પૂરો થતાં, બધાને શુભેચ્છા આપી રવાના થયા અને 'બે ત્રણ દિવસ પછી આવું છું' એમ કહી ગયા.

રિહર્સલ અમે બિરલા ક્રીડા કેન્દ્ર - પહેલે માળે કરવાનું નક્કી કરેલું. થોડા દિવસ રિહર્સલ બરાબર ચાલ્યાં. જીવન પણ સાલું રંગોળી જેવું છે. ગમે તેટલી મહેનતથી એને મસ્ત બનાવીએ, કોઈક આવીને વેરવિખેર કરીને જતું રહે છે. ટીકુ માટે એવું જ થયું.

એક સાંજે ટીકુ મને ખૂણામાં લઈ જઈને કહે, 'દાદુ, મારાથી આ નાટક નહીં થઈ શકે. મને મહેશ ભટ્ટની ફિલ્મ મળે છે અને શૂટિંગ આજ-કાલમાં શરૂ પણ થઈ જશે.' કોઈની પ્રગતિ આડે આવવાનો મને કે રાજેન્દ્રને કોઈ હક નહોતો. મૂક સંમતિ આપ્યા સિવાય છૂટકો નહોતો. સેલિબ્રિટીમાં શૂન્યાવકાશ આવી ગયો. કલ્પેલાં સપનાં કડડભૂસ થઈ ગયાં. ટીકુની વાત સાચી પણ હતી. પછી એ ફિલ્મ 'દિલ હૈ કી માનતા નહી'ના નામે રજૂ થઈ, ટીકુનો રોલ પણ વખણાયો અને ફિલ્મ પણ 'હીટ' રહી. (જૂની ફિલ્મઃ 'ચોરી ચોરી')

હવે? સંજોગો પસંદ કરવાનો આપણને કોઈ અધિકાર નથી, પણ આવેલા સંજોગોમાં કેમ વર્તવું એ તો આપણા હાથમાં છે જ!

રાજેન્દ્ર અને મેં નવી દિશામાં ડગ માંડ્યાં. અમારાં બંનેની જોડી સારી પણ કોઈ 'નામી' અમારી સાથે જોડાઈ જાય એની કોઈ ગેરંટી તો નહી ને! સૌ 'એવરેજ' વિચારતાં હોય છે કે મહિને કેટલા શો આ નિર્માતા આપી શકે? જેમ નામી કલાકારો હોય એમ નિર્માતાઓ પણ અમુક 'નામદાર' હોય છે - નીવડેલા હોય છે. સૌ પહેલાં ત્યાં જ જોડાય. અમારા નિર્માતા રમણિક ગોહિલ તો સાવ નવા... મારા અને રાજેન્દ્રની દોડાદોડથી જ થિયેટરની તારીખો મળે, બાકી નવા નિર્માતાને થિયેટર કોણ આપે?

રિહર્સલ થોડા દિવસ બંધ રાખી 'સેલિબ્રિટી'ની શોધ શરૂ કરી. લાલુ શાહ વખતે મારો એક મિત્ર બની ગયેલો.. પેઈન્ગ ગેસ્ટ તરીકે એ હિન્દુજા થિયેટરની બાજુમાં રહેતો. હું ઘણી વાર ત્યાં જતો. એની સાથે સુંદર નામનો એનો જોડીદાર પણ રહેતો. એ મિત્રની પહેલી ફિલ્મ 'જોગ-સંજોગ'. કૃષ્ણકાંત (કે.કે.) એ ફિલ્મના દિગ્દર્શક. એ ફિલ્મથી પોતાનું ઇન્કમ ટેક્સનું કામ એણે મને સોંપ્યું. એ એક જાણીતી અભિનેત્રીના ગળાડૂબ પ્રેમમાં હતો. 'લગ્ન કરું કે નહી?' એના અભિપ્રાય માટે મને જ ઘરે બોલાવેલો. મેં એના ફાધરને પૂછવા જણાવ્યું. એના ફાધર અમદાવાદમા 'બૅન્ક ઑફ બરોડા'માં મોટી પોસ્ટ પર હતા. અમે અમારા અમદાવાદના શો વખતે એના ઘરે પણ જતા. આજે એ સેલિબ્રિટી બની ગયો હતો. દૂરદર્શન ઉપર અઠવાડિયામાં ત્રણ-ત્રણ સિરિયલો એની ચાલતી. એ દોસ્ત યાદ આવી ગયો, એનું નામ અજિત વાચ્છાની.....! ■

**ડબલ રિચાર્જ**

ભૂરોઃ મારું બાળપણ બહુ સંઘર્ષમાં વીત્યું છે.

પત્રકારઃ એ કઈ રીતે?

ભૂરોઃ જો સ્કૂલે જાઉં તો સાહેબ મારતા અને ન જાઉં તો ઘરવાળા મારતા.

# હેપ્પી હાઈલાઈટ્સ ૨૦૨૪

## વર્ષ આખાની મસ્તમજાની મેમરેબલ મોમેન્ટ્સ!


**શો-શરાબા**
**દિવ્યકાંત પંડ્યા**

૨૦૨૪નું છેલ્લું સપ્તાહ ચાલી રહ્યું છે. વર્ષ દરમિયાન મનોરંજન દેવની કૃપાથી ઘણી મજાની સિનેમેટિક મોમેન્ટ્સ બની છે. અનેક મૂવીઝ અને શોઝ દર્શકોને ગમી ગયાં છે. સારું કોન્ટેન્ટ અને એન્ટરટેઇન્મેન્ટની સીનેફાઇલ્સની ભૂખને સંતોષતી ઘટનાઓ દર વર્ષે વધતી જ જાય એવી સૌની આશા રહેતી હોય છે તો આ વર્ષે નોંધવા જેવી એવી જેટલી પણ સકારાત્મક વાત- ઘટનાઓ છે તેની અમુક યાદીની આ છે ઝલક છોટે પેકેટ્સ, બડે ધમાકે ફિલ્મ ફેસ્ટિવલ્સના સર્કિટમાં ખૂબ પ્રશંસા મેળવ્યા પછી ઓછા બજેટની, કોઈ જાણીતા સ્ટાર્સ વગરની અને નાના ગામડાનીફિલ્મ લાપતા લેડીઝને સારા માર્કેટિંગ થકી લોકો સુધી પહોંચાડવામાં આવી અને લોકોને ફિલ્મ ખૂબ જ ગમી ગઈ. એ જ રીતે સુપરનેચરલ કોમેડી યુનિવર્સની ફિલ્મ મુંજામાં પણ જાણીતા સ્ટાર્સ નહોતા અને ફિલ્મ એકંદરે નાની હતી, છતાં રૂપિયા ૧૩૨ કરોડની કમાણી કરી ગઈ. આર્ટિકલ ૩૭૦ પણ આવી જ ફિલ્મ છે. માત્ર ૨૦ કરોડમાં બનેલી એ ફિલ્મ પણ દર્શકોને એટલી પસંદ આવી કે એ ફિલ્મે ૧૧૦ કરોડની કમાણીનો રણકાર બોક્સ ઓફિસ પર કર્યો.. સુપરહીરો નોટ ડેડમાર્વેલ સિનેમેટિક યુનિવર્સ એટલે કે એમસીયુ એટલે વિશ્વનું સૌથી મોટું અને સૌથી વધુ ફિલ્મ્સ નિર્માણ કરનારું સિનેમેટિક યુનિવર્સ. જોકે, છેલ્લા થોડા વખતથી તેની નાવ સાગરમાં સરરર જઈ નહોતી રહી. એને એક તગડી હિટ ફિલ્મની જરૂર હતી. એ ફિલ્મ બની ‘ડેડપુલ એન્ડ વુલ્વરીન.’ ડેડપુલ ફિલ્મ્સ તેની અલગ એક્શન, કોમેડી અને મેટા કમેન્ટ્રીના કારણે પ્રખ્યાત છે. તેમાં જોડી બની લોકોના બીજા ફેવરિટ હીરો વુલ્વરીન સાથે એટલે દર્શકોને તો જાણે થિયેટરમાં જલસો જ પડી ગયો. દેશ રે જોયા દાદા પરદેશ જોયા આ વર્ષે ભારત કે ભારતીય સિનેમા સાથે સંકળાયેલી ફિલ્મ્સ યાદ કરવા જેવી છે. લાપતા લેડીઝની સફળતા અને ગુણવત્તાને આધારે તેને ઓસ્કર્સમાં ભારત તરફથી મોકલવામાં આવી. જોકે દુર્ભાગ્યે એ હવે જીતવાની રેસથી બહાર નીકળી ગઈ છે, પણ ‘સંતોષ’ નામની હજુ એક ફિલ્મ ઓસ્કર્સની રેસમાં છે, જે ભારત વિશે છે પણ તેને યુકેના સ્ટુડિયોએ હિન્દીમાં બનાવી છે. મે મહિનામાં યોજાયેલા ‘કાન ફિલ્મ ફેસ્ટિવલ’માં પાયલ કાપડિયા દિગ્દર્શિત ‘ઓલ વી ઈમેજીન એઝ લાઈટ’ ગ્રાન્ડ- પ્રિ કેટેગરીમાં જીતનારી પહેલી ફિલ્મ બની. ઉપરાંત પ્રખ્યાત ગોલ્ડન ગ્લોબ એવોર્ડ્સમાં પણ એ બે કેટેગરીમાં નોમિનેટ થઈ છે. વન્સ મોર સિક્વલ્સનો જમાનો તો ઘણા સમયથી સિનેમા ઇન્ડસ્ટ્રીમાં ચાલતો આવ્યો છે, પણ સિક્વલ્સ આ વર્ષે સાવ ટોપ પર પહોંચી ચૂકી છે. સ્ત્રી જયારે ૨૦૧૮માં રિલીઝ થઈ હતી ત્યારે નાની ફિલ્મ ગણાઈ હતી અને સફળ થઈ હતી. પણ આ વર્ષે તેની સિક્વલ મેકર્સે પણ ધાર્યું નહોતું તેમ સફળતાના વિક્રમો તોડીને છેક હિન્દી ફિલ્મ્સમાં ૬૦૦ કરોડ કલબની શરૂઆત કરનારી ફિલ્મ બની અને આ લખાય છે ત્યાં સુધી હજુ પણ બોક્સ ઓફિસ પર પૈસા વરસાવતી ‘પુષ્પા ૨’એ પણ દર્શકોને ગજબનું ઘેલું લગાડ્યું છે. વર્લ્ડવાઈડ વર્લ્ડએક્શન વેબ ફ્રેન્ચાઈઝ ‘સિટાડેલ’ દ્વારા સિનેમામાં એક નવો જ ચીલો ચાતરવામાં આવ્યો છે. અમેરિકન શો ‘સિટાડેલ’ પછી ભારતીય શો ‘સિટાડેલઃ હની બની’ આવ્યો અને ઇટાલિયન શો ‘સિટાડેલઃ ડાયેના’ આવ્યો. વાર્તામાં વિશ્વ આખાની એક સ્પાય એજન્સી હોય એવી સિટાડેલના કારણે આ શો પણ આવી રીતે અલગ-અલગ દેશમાં તેની વાર્તાઓ જોડીને આગળ વધી રહ્યો છે. બહોત હુઆ કેમેરા પે સન્માન ૨૦૨૪માં કેમેરાની સામે કામ કરનાર ફિલ્મ એક્ટર્સને પણ અન્ય રીતે ફિલ્મ્સમાં કસબ દેખાડવાની ઈચ્છા થઈ આવી. કુણાલ ખેમુએ દર્શકોને મજા કરાવતી કોમેડી ફિલ્મ ‘મડગાંવ એક્સપ્રેસ’ બનાવી. ફિલ્મ લોકોને ગમી અને ખૂબ જોવાઈ. આ ઉપરાંત એક્ટર રણદીપ હુડાએ પણ દિગ્દર્શનમાં હાથ અજમાવ્યો. જોકે એની બનાવેલી ફિલ્મ ‘સ્વાતંત્ર્ય વીર સાવરકર’ને બહુ સારો પ્રતિસાદ ન મળ્યો. હમ હી હમ હૈ અનેક હિટ ફિલ્મ્સ કે પછી નોંધવા લાયક ઘટનાઓમાં એક વર્ષમાં અમુક એક્ટર્સના ચહેરા એકથી વધુ વખત પણ જોવા મળી જતા હોય છે, જેમ કે અભિનેત્રી શર્વરી વાઘે ‘મુંજા’માં કમાલ દેખાડી એ સાથે બહુચર્ચિત ‘મહારાજ’ ફિલ્મમાં પણ એ હતી. છાયા કદમ તો એવું નામ છે જાણે આ વર્ષે એ બધે જ છે. ‘લાપતા લેડીઝ’, ‘મડગાંવ એક્સપ્રેસ’ અને ‘ઓલ વી ઈમેજીન એઝ અ લાઈટ’માં એણે અભિનય કર્યો છે. ‘ઓલ વી ઈમેજીન એઝ અ લાઈટ’માં કામ કરનારી કની કસ્તુરીએ બીજી એક ભારતીય ફિલ્મ ‘ગર્લ્સ વીલ બી ગર્લ્સ’ કે જે ફિલ્મ ફેસ્ટિવલ્સમાં પ્રશંસા મેળવી રહી છે તેમાં પણ કામ કર્યું છે. એન્ડ ધ ઓસ્કર્સ ઓસ્કર્સની અનેક કેટેગરીમાં પાક્કા સિનેરસિકોનું ધ્યાન રહેતું હોય છે, પણ આપણે અહીં ફક્ત ૧૦ માર્ચ ૨૦૨૪ના દિવસે યોજાયેલા ૯૬મા એવોર્ડ્સની મુખ્ય કેટેગરીમાં વિજેતા થયેલા નામ પર નજર કરીએ. બેસ્ટ ફિલ્મઃ ‘ઓપનહાઈમર’, બેસ્ટ ડિરેક્ટરઃ ક્રિસ્ટોફર નોલાન, બેસ્ટ એક્ટરઃ સિલિયન મર્ફી (ઓપનહાઈમર), બેસ્ટ એક્ટ્રેસઃ એમ્મા સ્ટોન (પુઅર થિંગ્સ).લાસ્ટ શોટ ૨૦૧૯ની ‘ધ લાયન કિંગ’ની પ્રિક્વલ અને સિક્વલ બંને તરીકે કામ કરતી ફિલ્મ ‘મુફાસાઃ ધ લાયન કિંગ’ના હિન્દી વર્ઝનમાં મુફસાના મુખ્ય કિરદાર માટે શાહરુખ ખાને પોતાનો અવાજ આપ્યો છે. ■


















# ક્વિક ફિલ્મી ક્વિઝ

**નીલા સુનીલ મહેતા**

### ક્વિઝ (અ)

આ બધી નવલકથાના લેખક તથા એમની કઈ કથા પર આધારિત ફિલ્મ બની એનાં નામ જાણો છો?

1) Comedy of Errors
2) Five point Someone
3) Mumbai Avengers
4) Calling Sehmat
5) The Sun's seventh Horse
6) Susanne's Seven Husbands
7) Cracking India

### ક્વિઝ (બ)

આ બધી હીરોઈનની પ્રથમ ફિલ્મ કઈ હતી અને એ બધામાં કૉમન શું છે એ જાણો છો?

૧) ડિમ્પલ કાપડિયા
૨) જયા પ્રદા
૩) રણજિતા
૪) વિનિતા
૫) શોમા આનંદ
૬) ઝેબા બખતિયાર
૭) ભાવના ભટ્ટ

જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’

# હિન્દી સિનેમાની ચકિત કરતી કેટલીક અજાણી વાત

**ફિલ્મનામા**
**નરેશ શાહ**

હિન્દી ફિલ્મ ઉદ્યોગની કેટલીક અજાણી વાત કે ધ્યાન બહાર રહી ગયેલી અમુક હકીકત ઘણી વાર ગોસિપથી પણ વધુ રસપ્રદ હોય છે. હિન્દી સિનેમાનાં લોકપ્રિય અભિનેતા-અભિનેત્રીની આવી જ ઈન્ટરેસ્ટિંગ અને શોકિંગ વાતને અહીં આપણે જાણીએ, જેમ કે....

* તમે હાથી મેરે સાથી, ધર્મવીર, તેરી મહેરબાનિયાં, મર્દ, કૂલી, મૈને પ્યાર કિયા, પરિવાર, મા, યતીમ જેવી ફિલ્મો જોઈ છે. નથી જોઈ તો જાણી લો કે આ ફિલ્મમાં પશુ, પ્રાણી સાથેની દોસ્તી, વફાદારી અને આત્મીયતાની વાત હતી. કૂતરા, ઘોડા, સાપ, કબૂતર, પોપટ, વાંદરા અને બાજ પક્ષી (‘કૂલી’ ફિલ્મ)ને હિન્દી સિનેમાએ મિત્ર કે શુભચિંતક તરીકે બતાવ્યાં છે, પણ એક ફિલ્મમાં સાપશત્રુ ગણાતાં નોળિયાને પણ હીરોના ફેવરિટ દોસ્ત તરીકે દેખાડવામાં આવ્યો હતો. મજા એ છે કે આ ફિલ્મના હીરો દિલીપકુમાર હતા અને ફિલ્મ હતી ‘કોહિનૂર’.

એમાં એવી સિચ્યુએશન હતી કે દિલીપકુમારને સાપ કરડવા આવે છે, પણ (સ્ક્રીપ્ટ મુજબ) એમણે બચી જવાનું હતું. આ સ્ટોરી ડેવલપ થતી હતી ત્યારે જ લેખક-દિગ્દર્શકને વિચાર આવ્યો કે હીરોનો એક નોળિયો ફેવરિટ હોય તેવું બતાવવું. બધાને બહુ વિચિત્ર લાગ્યું કે એક નોળિયો માણસનો મિત્ર-શુભેચ્છક હોય તે જલદીથી ગળે ઊતરે તેવું નથી, છતાં ડિરેક્ટર (એસ. યુ. સુન્ની) એ ધાર્યું કર્યું. ‘કોહિનૂર’ ફિલ્મ હિટ ગઈ હતી, પણ ૧૯૬૦માં બનેલી ફિલ્મને ૨૦૨૪માં છ દાયકા પૂરા થઈ ગયા છે, છતાં એ પછી એકેય ફિલ્મમાં ‘નોળિયો’ મિત્ર બનીને આવ્યો નથી!

* દેવ આનંદ-વિજય આનંદ, બન્નેની કેરિયરનું મોરપિચ્છ ગણાતી ‘ગાઈડ’ ફિલ્મ અપનેઆપમાં માઈલસ્ટોન મૂવી ગણાય છે, આજે પણ જેનાં સતત ગીત ગવાય છે એ હિન્દી ‘ગાઈડ’ છે. અંગ્રેજી ‘ગાઈડ’ તો નામશેષ અને સ્મૃતિશેષ થઈ ગઈ છે તેમ છતાં ‘ગાઈડ’ ફિલ્મ અનેક રીતે ઐતિહાસિક ફિલ્મ એટલા માટે ગણાય છે કે એક જ નોવેલ (લેખક- આર. કે. નારાયણ) પરથી બે ભાષામાં ફિલ્મ હોવા છતાં બન્નેની વાર્તા, તેનો ઉઘાડ અને ગૂંથણી અલગ અલગ હતી. હિન્દી ‘ગાઈડ’ની સ્ક્રીપ્ટ વિજય આનંદે લખેલી, જ્યારે અંગ્રેજી ‘ગાઈડ’ શક્ય એટલી મૂળ કૃતિને વફાદાર રહીને બની હતી, છતાં સત્ય એ છે કે હિન્દી ‘ગાઈડ’ સફળ ફિલ્મ હતી. મજા એ છે કે એ રિલીઝ થયા પછી લેખક આર. કે. નારાયણે થોડા ઘણા બળાપા પણ કાઢેલા. કદાચ. તેમને અંગ્રેજી ‘ગાઈડ’ વધુ રિઝનેબલ લાગી હશે, પણ તેમાં (નેચરલી) એક પણ ગીત નહોતું છતાં ધ્યાને લેવા જેવી વાત એ છે કે અંગ્રેજી ‘ગાઇડ’નું પાર્શ્વસંગીત એસ. ડી. બર્મને આપેલું! એમણે હિન્દી ‘ગાઈડ’નાં તમામ ગીત સ્વરબદ્ધ કર્યાં, જે જબરાં હીટ નીવડ્યાં હતાં.

* આ બે ગીત તમે ન સાંભળ્યાં હોય તેવું બનવાની શક્યતા નહીંવત છેઃ પહેલું ગીત છેઃ ‘કોઈ હમદમ ના રહા, કોઈ સહારા ના રહા’ (ઝુમરુ, ૧૯૬૧) અને બીજું ગીત એટલેઃ ‘એક ચતુર નાર બડી હોંશિયાર’ (પડોસન, ૧૯૬૮).

આ બન્ને ગીત એવરગ્રીન ગાયક કિશોરકુમારે ગાયાં છે અને આપણને એ અલ્ટિમેટ લાગે છે અને એ છે પણ ખરાં.

જોકે પડદા પાછળની અજાણી વાત એ છે કે આ બંને ગીત અગાઉ હિન્દી ફિલ્મમાં આવી ગયાં છે. રસપ્રદ વાત તો એ છે કે બન્ને ગીત ગાયાં છે સ્વયં કિશોરકુમારના જ બડે ભાઈ અભિનેતા અશોક કુમારે.

‘કોઈ હમદમ ન રહા’ ગીત ૧૯૩૬માં આવેલી ‘જીવનનૈયા’ ફિલ્મમાં હીરો અશોક કુમારે જ ગાયું હતું. બીજું ગીત - ‘એક ચતુર નાર’ ૧૯૪૧માં આવેલી ‘ઝૂલા’ ફિલ્મમાં હતું. બન્નેના ગીતકાર જુદા હતા. કિશોરકુમારે ગાયા એ ગીતના ગીતકાર પણ અલગ હતા. ‘પડોશન’નું ગીત મજરૂહ સુલતાનપુરીએ લખેલું, જ્યારે ‘ઝુમરું’નું ગીત (ની પંક્તિઓ) ખુદ કિશોરકુમારે નવેસરથી લખ્યું હતું. ‘કોઈ હમદમ ન રહા’ ગીત અશોકકુમારે ગાયું ત્યારે જ કિશોરકુમારે કહેલું કે, ‘આ ગીત હું તમારા કરતાં વધારે સારી રીતે ગાઈ દેખાડીશ.’ અને કિશોરદા’એ એ સાબિત પણ કરી બતાવ્યું!

* ૧૯૮૩માં એક લો બજેટ ફિલ્મ આવેલીઃ ‘ફિલ્મ હી ફિલ્મ. એમાં અભિનેતા પ્રાણ એક નિર્માતાના પાત્રમાં હતા, જે માત્ર પચાસ હજાર રૂપિયામાં આખી ફિલ્મ બનાવવા માગે છે. ફિલ્મ તો બકવાશ હતી, પરંતુ આ ફિલ્મમાં એવી ફિલ્મોનાં ફૂટેજ દેખાડવામાં આવ્યાં હતાં, જે કદી આખી બની જ ન શકી. આવી ફિલ્મોમાં રાજ કપૂર, અમિતાભ બચ્ચન, ગુરુદત્ત, મનોજકુમાર, માલા સિંહા, મહેમૂદ, દિલીપકુમાર, નૂતન, દેવ આનંદ, સાધના, હેલન, બલરાજ સાહની, રાજેન્દ્રકુમાર, પ્રાણની ફિલ્મોનાં ફૂટેજ વાપરવામાં આવ્યાં હતાં. આવા ફૂટેજમાં કે. આસિફ (મોગલ-એ-આઝમ)ની ‘સસ્તા ખૂન, મહેંગા પાની’ અને અમિતાભ બચ્ચનની ‘એકથી સુધા, એક થા ચંદર’ જેવી ફિલ્મના ફૂટેજ જોવાં એ પણ દુર્લભ અનુભવ છે. આ અનુભવ તમે પણ લઈ શકો છો. ‘ફિલ્મ હી ફિલ્મ’ યુટ્યુબ પર છે.







# સિને વર્લ્ડ v/s અંડર વર્લ્ડ

## ધમકી- હુમલા ને વસૂલીની માયાનગરી...!

**ફોકસ**
**ડી. જે. નંદન**

તાજેતરમાં, ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ, સલમાન ખાનના પિતા અને બોલીવૂડના પ્રખ્યાત લેખક સલીમ ખાન મોર્નિંગ વોક કર્યા પછી બાંદ્રા બેન્ડસ્ટેન્ડ પર રોડના કિનારે બેંચ પર બેઠા હતા. તે જ સમયે તેની સામેથી એક સ્કૂટર પસાર થયું અને થોડે દૂર ગયા બાદ સ્કૂટર યુ-ટર્ન લઈને તેની તરફ આવ્યું. આ સ્કૂટર ૨૮-૩૦ વર્ષનો યુવક ચલાવી રહ્યો હતો અને પાછળની સીટ પર બુરખો પહેરેલી એક મહિલા બેઠી હતી. સ્કૂટી સલીમ ખાન પાસે આવીને રુકી અને પાછળ બુરખો પહેરીને બેઠેલી મહિલાએ કહ્યું, ‘સાવધાન રહેજો... નહીં તો લોરેન્સને કહું કે?’ આ પછી સ્કૂટી, જે પૂરી રીતે બંધ પણ નહોતી થઈ ઝડપથી ચાલી ગઇ, પરંતુ સ્કૂટર અને સ્કૂટર પર સવાર પુરુષ અને મહિલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયાં હતાં. સ્કૂટીનો નંબર ૭૪૪૪ હતો. આ પછી એ જ થયું જે થવું જોઈતું હતું. સલીમ ખાને બાંદ્રા પોલીસ સ્ટેશનમાં જઈને તેને ધમકી આપનાર આ મહિલા વિશે ફરિયાદ નોંધાવી અને તરત જ પોલીસે સીસીટીવી કેમેરા દ્વારા આ સ્કૂટી સવાર કપલની ધરપકડ કરી. આ પંક્તિઓ લખાય ત્યાં સુધીમાં બંને પોલીસ કસ્ટડીમાં હતાં અને સલીમ ખાનને આ ધમકી શા માટે આપી તે અંગે પૂછપરછ કરવામાં આવી રહી છે.

છ મહિનામાં સલમાન ખાન અથવા તેના પરિવારના કોઈપણ સભ્યો માટે આ બીજી ધમકી હતી. નોંધનીય છે કે આ પહેલા ૧૪ એપ્રિલ ૨૦૨૪ના રોજ બે અજાણ્યા શખ્સોએ ગેલેક્સી એપાર્ટમેન્ટના પહેલા માળે (જ્યાં સલમાન ખાન તેના આખા પરિવાર સાથે રહે છે) પાંચ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું અને જ્યારે ગેલેક્સીના સુરક્ષાકર્મીઓએ આ હુમલાખોરો પર વળતો ગોળીબાર કર્યો તો તેઓ ત્યાંથી રફૂચક્કર થઈ ગયા. હકીકતમાં, ૧૪ એપ્રિલના રોજ વહેલી સવારે સલમાન ખાનના ઘરના પહેલા માળે ગોળીબાર કરનારા બે બાઇક સવારોમાં પાછળની સીટ પર બેઠેલો વ્યક્તિ ગોળીબાર કરી રહ્યો હતો અને બાઇક ચલાવી રહેલા વ્યક્તિએ બાઇક સ્ટાર્ટ જ રાખી હતી, જેવું એમને લાગ્યું કે સલમાનના ઘરના સુરક્ષાકર્મીઓએ પ્રતિક્રિયા આપી, બાઇક ચલાવનારે તરત જ એક્સિલરેટર દબાવ્યું અને જ્યાં સુધીમાં સલમાનના ઘરના સુરક્ષાકર્મીઓ બહાર આવ્યા, ત્યાં સુધીમાં હુમલાખોરો રફુચક્કર થઈ ગયા. પરંતુ મુંબઈ પોલીસની તત્પરતાને કારણે આ ગુનાહિત ષડયંત્ર માટે ટૂંક સમયમાં જ તે બે જ નહીં પરંતુ કુલ છ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. પહેલી મે, ૨૦૨૪ના રોજ ધરપકડ કરાયેલા આ છ લોકોમાંથી અનુજ થાપન નામના હુમલાખોરે પોલીસ કસ્ટડીમાં આત્મહત્યા કરી હતી, બાકીના પાંચ લોકો હજુ પણ જેલમાં બંધ છે.



બોલીવૂડમાં ‘ભાઇ’ જેવા તાકતવર સંબોધનથી બોલાવાતા સલમાન ખાન અને તેના પરિવાર પર અંડરવર્લ્ડ વારંવાર હુમલો કરી રહ્યું છે, ત્યારે જાણી શકાય છે કે બોલીવૂડના સામાન્ય સ્ટાર્સ અને પ્રખ્યાત હસ્તીઓનું શું થતું હશે? આ કોઈ નવો ટ્રેન્ડ નથી. સત્ય તો એ છે કે છેલ્લી સદીના ૮૦ના દાયકાથી અંડરવર્લ્ડની ધમકીઓ, છેડતી અને હુમલાઓ અને હત્યાઓની આ તલવાર બોલીવૂડ સ્ટાર્સ અને પ્રખ્યાત બિઝનેસમેન લોકો પર સતત લટકતી રહી છે. જો કે તે પહેલા પણ અંડરવર્લ્ડ બોલીવૂડ સ્ટાર્સ પર પોતાની પકડ ચુસ્ત કરતું રહ્યું છે. કરીમ લાલાથી લઈને હાજી મસ્તાન સુધી, તેઓએ બોલીવૂડ સ્ટાર્સ અને મોટા ફિલ્મ નિર્માતાઓને ધમકીઓથી પોતાના ઈશારે નચાવ્યા છે. પરંતુ મુંબઈમાં દાઉદ ઈબ્રાહિમની સલ્તનતની પછી આ બધું માત્ર ધમકીઓ પૂરતું સીમિત ન હતું, અંડરવર્લ્ડનો આ ડર હુમલા અને હત્યાની ધમકીઓથી પણ આગળ વધી ગયો છે. જે બાદ બોલીવૂડ સ્ટાર્સ અને બિઝનેસમેન ખરેખર ભયના છાયામાં જીવવા માટે મજબૂર બન્યા છે.

એમાં કોઈ શંકા નથી કે બોલીવૂડ અને અંડરવર્લ્ડ વચ્ચેના સંબંધ જૂના છે, પરંતુ ઓગસ્ટ ૧૯૯૭માં જ્યારે ધમકીઓ આપીને અંડરવર્લ્ડે મ્યુઝિક ઈન્ડસ્ટ્રીના ટાયકૂન ગુલશન કુમારની ભર બપોરે હત્યા કરી દીધી, જેણે માયાનગરીને હચમચાવી દીધી હતી. આ હત્યા બાદ ગેંગસ્ટરે સ્પષ્ટપણે કહ્યું કે, ‘હાર માની લો અને જે કહેવામાં આવે છે તે સંપૂર્ણપણે સ્વીકારો. નહીં તો દુનિયામાંથી તમારું પત્તું કટ થઈ જશે. હકીકતમાં, બોલીવૂડમાં ગુલશન કુમારની હત્યા પછી, અંડરવર્લ્ડના ડરનો અર્થ જ બદલાયો નથી, પરંતુ સેલિબ્રિટીઓ તેમની અંગત સુરક્ષાના નામે દર વર્ષે કરોડો રૂપિયા ખર્ચવા લાગ્યા. આમ છતાં ન તો અંડરવર્લ્ડની ધમકીઓ બંધ થઈ કે ન તો તેમની સામે કોઈ કાર્યવાહી થઈ. આમ છતાં બોલીવૂડ સ્ટાર્સ અને બિઝનેસમેનના માથા પરથી ક્યારેય ડર અને આતંકની તલવાર હટી નથી. ■

હેન્રી શાસ્ત્રી


ફ્લેશ બેક

# શ્યામ બેનેગલ-રાજ કપૂરની ફિલ્મ કાગળ પર જ રહી ગઈ...

### અમિતાભ બચ્ચનના એંગ્રી યંગમેનના ઉદયકાળમાં ૧૯૭૦માં સમાંતર સિનેમાના દોરને વેગ મળ્યો એનો પ્રમુખ શ્રેય શ્યામ બેનેગલને જાય છે

નસીરુદ્દીન શાહ, શબાના આઝમી, સ્મિતા પાટીલ, અમરીશ પુરી, કુલભૂષણ ખરબંદા, ગિરીશ કર્નાડ, અનંત નાગ, સાધુ મેહર, રજિત કપૂર... અભિનયના આસમાનના એક્કા એવા આ અફલાતૂન એક્ટરો જે ફિલ્મ દિગ્દર્શકનું વિઝન વહેંત ઊંચું સાબિત કરી શકવાનું કૌવત ધરાવતાં હતાં. આ બધા એવા એક્ટર છે જેમની હાજરીથી અભિનયના આલમમાં વધુ ઉજાસ પથરાયો છે. આ કલાકારોની કાબેલિયત કલા રસિકો વિવિધ ફિલ્મોમાં માણી શક્યા એ માટે કલા વિશ્વ શ્યામ બેનેગલનું ઋણી છે. બેનેગલે આ કલાકારોને પોતાની ફિલ્મોમાં પ્રથમ તક આપી હતી. ફિલ્મ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા (એફટીઆઈઆઈ) અને નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા (એનએસડી)ના અફલાતૂન એક્ટરોથી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી પરિચિત થઈ એમાં બેનેગલજીનો સિંહફાળો છે. અનેક જાતની બીમારી ધરાવતા બેનેગલ ૯૦ વર્ષની ઉંમરે પણ ઉત્સાહ સાથે 'હું બે ત્રણ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યો છું' એવું કહેતા હતા. તાજેતરમાં આપણી વચ્ચેથી શારીરિક વિદાય લીધી, પણ એમના અમૂલ્ય યોગદાન લોકોને મનોરંજન આપવાની સાથે સાથે એમના વિચાર વિશ્વને ઢંઢોળવાનું કામ,એમને પ્રેરણા આપવાનું કામ કરતા રહેશે. શ્યામ બેનેગલની સ્મૃતિ હૈયામાં કોતરાઈ ગઈ છે.

કેટલાંક વર્ષ પહેલાં એક ઈન્ટરવ્યૂમાં નસીરુદ્દીન શાહએ કહેલી વાત શ્યામ બેનેગલનું મૂલ્ય બહુ સરસ રીતે સમજાવે છે. નસીરભાઈએ જણાવ્યું હતું કે 'મારા જીવનની પહેલી ફિલ્મ (અંકુર) બેનેગલને કારણે મળી. અલબત્ત, બેનેગલનું યોગદાન વ્યક્તિગત સિદ્ધિના સીમાડા ઓળંગી ખૂબ આગળ વધ્યું. શ્યામ (બેનેગલ)ને કારણે અનેક ફિલ્મમેકરો પોતાને જેમાં શ્રદ્ધા - વિશ્વાસ હોય એવી ફિલ્મો બનાવવાની હિંમત કરી શક્યા. સળંગ ૫૦ વર્ષ સુધી પોતાને શ્રદ્ધા હોય એવી જ ફિલ્મો બનાવતા રહેવું એ બહુ મોટી વાત કહેવાય. શ્યામ સાથે કામ કરવા મળ્યું એને હું મારું સદભાગ્ય ગણું છું અને મને ગર્વ છે



શ્યામ બેનેગલ



રાજ કપૂર

કે એમની સાથે કેટલીક ફિલ્મો કરવા મળી.'

પેરેલલ સિનેમા -સમાંતર સિનેમા તરીકે ઓળખાયેલી હિન્દી ભાષાની ફિલ્મ મેકિંગની શરૂઆત ૧૯૬૯માં 'ભુવન શોમ' (મૃણાલ સેન), 'સારા આકાશ' (બાસુ ચેટરજી) અને 'ઉસકી રોટી' (મણિ કૌલ)થી થઈ, પણ એને વેગ મળ્યો શ્યામ બેનેગલની પહેલી ફિલ્મ 'અંકુર' (૧૯૭૪)થી એ હકીકત છે. હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમાજના પીડિત - શોષિત વર્ગ માટે સહાનુભૂતિ, સદભાવના, અનુકંપા એમની ફિલ્મોનો મુખ્ય અને મજબૂત તંતુ હતો. 'અંકુર' ફિલ્મનો (ફિલ્મ ન જોઈ હોય તો યુ ટ્યુબ પર ઉપલબ્ધ છે) લાસ્ટ સીન યાદ કરો. એક નાનકડો છોકરો પાણો ફેંકી જમીનદારના ઘરની બારીનો કાચ તોડી નાખે છે. ફિલ્મની વાર્તાના દ્રષ્ટિકોણથી આ દ્રશ્ય પ્રતીકાત્મક રીતે સૂચવે છે કે ઉચ્ચ વર્ગના કારણે થતા દંભ અને શોષણને જડમૂળથી ઊખેડી નાખી હવે બળવાનો સમય આવી ગયો છે અને હવે કોઈ આ જુલમ સહન નહીં કરે. ચિત્તને ઢંઢોળવાનું કામ આ એક દ્રશ્ય કરે છે અને મનોરંજન સાથે કળાની આ જવાબદારી પણ બેનેગલની ફિલ્મોએ નિભાવી છે. એ પથ્થરે સમાંતર સિનેમાની ચળવળને ચાલના આપી એ હકીકત છે.

છેલ્લાં ૫૦ વર્ષમાં ઘણા ફિલ્મ મેકરોએ ચીલો ચાતર્યો છે એનો શ્રેય શ્યામ બેનેગલને જાય છે. ૧૯૭૪માં આવ્યો હતો એ પ્રકારના કોઈ બદલાવની જરૂર આજે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીને છે એવી દલીલમાં વજૂદ છે. એંગ્રી યંગ મેન (ઝંઝીર - અમિતાભ) અને મલ્ટી સ્ટારર ફિલ્મો (યાદોં કી બારાત) ધૂમ મચાવી રહી હતી એ દોરમાં બેનેગલ વેગળી કેડી કંડારી સફળતા મેળવવામાં કામિયાબ રહ્યા.

૧૯૭૦ના દાયકામાં અને ૧૯૮૦ના પ્રારંભમાં વાસ્તવિકતાનું નિરૂપણ કરતી ફિલ્મોને મળેલી સફળતા શ્યામ બેનેગલની ચાર ફિલ્મને આભારી છે. એમની 'અંકુર' (૧૯૭૪), 'નિશાંત' (૧૯૭૫), 'મંથન' (૧૯૭૬) અને 'ભૂમિકા' (૧૯૭૭) કલાત્મક દ્રષ્ટિએ વેગળી ભાત પાડતી હતી, પણ સાથે સાથે આ ફિલ્મો બે પૈસા કમાઈ પણ લેતી હતી. આ બાબતે બેનેગલ મણિ કૌલ કે મૃણાલ સેનથી જુદા પડતા હતા. જમીનદારના શોષણને કેન્દ્રમાં રાખી બનાવેલી 'અંકુર' પછી 'નિશાંત' (વર્ગ અને વર્ણભેદ), 'મંથન' (શ્વેત ક્રાંતિ) અને 'ભૂમિકા' (વ્યક્તિત્વની તલાશ)ની સફળતાને કારણે ૧૯૮૦ના દાયકામાં શશી કપૂરને બેનેગલ સાથે ફિલ્મો બનાવવાની પ્રેરણા મળી હોવી જોઈએ અને આપણને 'જુનૂન' (૧૯૭૮ - ૧૮૫૭નો ભારતીય વિપ્લવ) અને 'કલયુગ' (૧૯૮૧ - મહાભારતને કેન્દ્રમાં રાખી કોર્પોરેટ જગતનું રાજકારણ) જેવી ફિલ્મો મળી. જોકે, પહેલી ચાર ફિલ્મો જેવી વ્યવસાયિક સફળતા શશી કપૂર સાથેની ફિલ્મોને ન મળી.

હમણાં ૧૪ ડિસેમ્બરે શ્યામ બેનેગલએ આયુષ્યના ૯૦ વર્ષ પૂરા કર્યા. એ દિવસ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ગ્રેટેસ્ટ શોમેન રાજ કપૂરની જન્મ શતાબ્દીનો હોવાથી બેનેગલની ઉજવણી દબાઈ ગઈ. જોકે, શોમેનશિપ બાબતે રાજ કપૂરથી બેનેગલ સાવ વિપરીત હતા. અલબત્ત, એમને રાજ કપૂર માટે આદર હતો. 'રાજ કપૂર અફલાતૂન અભિનેતા હતા,' બેનેગલએ જણાવ્યું હતું, 'એમના દિમાગમાં સતત નવા વિચારો દોડાદોડ કરતા હતા. મેં એમની ફિલ્મો જોઈ છે. મને 'શ્રી ૪૨૦' બહુ ગમી હતી.'

ભૂતકાળમાં રાજજી સાથેના સહયોગમાં ફિલ્મ બનાવવા અંગે વાતચીત થઈ હતી એમ જણાવી બેનેગલે કહ્યું હતું કે 'અમે એક યોજના બનાવી હતી, પણ વાત કાગળ પર જ રહી ગઈ.'

અફસોસ. રાજ કપૂર અને શ્યામ બેનેગલના સહિયારા ફિલ્મ નિર્માણે જરૂર કમાલ કરી હોત એમ ખાતરીપૂર્વક કહી શકાય.

અમરીશ પુરીની આત્મકથા 'ધ એક્ટ ઓફ લાઈફ'નો એક કિસ્સો જાણીએ, જેમાં શ્યામ બેનેગલની સૂઝનું અલગ જ પ્રતિબિંબ જોવા મળે છે.

અમરીશજીએ લખ્યું છે કે 'બેનેગલની ફિલ્મ 'ભૂમિકા'માં મારો સાવ અલગ રોલ હતો - ગોવાના લેન્ડલોર્ડનો. ફિલ્મ બની રહી હતી ત્યારે શ્યામે મને કહ્યું કે 'તારો ચહેરો બહુ રુક્ષ લાગે છે અને આ રોલ માટે બીજા કોઈ એક્ટરને હું લઈ શકું એમ નથી માટે તારો ચહેરો થોડો મુલાયમ દેખાય એવી મારી ઈચ્છા છે.' એટલે મેં પૂછ્યું કે એને માટે મારે શું કરવાનું છે? જવાબમાં એમણે કહ્યું કે 'બ્યુટી પાર્લરમાં જઈ ફેશિયલ કરાવી આવ.' આ સાંભળી મેં દલીલ કરી કે પણ મારા ચહેરામાં કોઈ ફરક નહીં પડે. મારી વાત સાંભળી બેનેગલે કહ્યું કે 'ના, તારો ચહેરો થોડો મુલાયમ બની જશે.' મેં ફેશિયલના ૧૦ સેશન કર્યા અને ખરેખર મારા ચહેરામાં બદલાવ આવ્યો. ચહેરો હતો એના કરતાં ખરેખર મુલાયમ થઈ ગયો! ' ■




મહેશ નાણાવટી

# કરના થા ઈનકાર, મગર ઈકરાર...

જૂની ફિલ્મ 'જબ જબ ફૂલ ખિલે'નું મશહૂર ગાયન છેઃ 'ના ના કરતે પ્યાર તુમ્હી સે કર બૈઠે, કરના થા ઈનકાર મગર ઇકરાર તુમ્હી સે કર બૈઠે....'

મતલબ કે પાડવી હતી 'ના' છતાં હા પાડી છે, પણ અનેક ફિલ્મ કલાકારો - લેખકો સાથે આવી ઘટનાઓ બની ચૂકી છે.

તાજેતરમાં અમોલ પાલેકરની જીવનકથાઃ 'વ્યુફાઈન્ડર' પ્રગટ થઈ છે એમાં આવો જ કંઈક કિસ્સો લખ્યો છે. આ વાત લગભગ ૧૯૭૭-૭૮ની હશે, જ્યારે અમોલ પાલેકર 'રજનીગંધા' - 'છોટી સી બાત' - 'ઘરોંદા' - 'ચિતચોર' અને 'ભૂમિકા' જેવી ફિલ્મોથી એક પ્રકારનું સ્ટારડમ મેળવી ચૂક્યા હતા. અમોલ પાલેકરને આ સ્ટારડમનો એહસાસ પણ હતો.

એવામાં એક દિવસ એમની પર એ જમાનાના મશહૂર ડિરેક્ટર ઋષિકેશ મુખર્જીનો ફોન આવ્યોઃ 'મારી એક ફિલ્મમાં તને લેવા માગું છું. ક્યારે મળવા આવું?'


અમોલ પાલેકરે કહ્યુંઃ 'સર, તમે મને મળવા આવો એના બદલે હું જ તમને મળવા માટે આવું છું.' હકીકતમાં અમોલ ત્યાં જઈને 'ના' પાડવા માગતા હતા.

આ માટે એમની પાસે કારણો પણ હતાં. અમોલ પાલેકરના કહેવા મુજબ ઋષિકેશ મુખર્જી માટે અમુક વાતો ફેલાયેલી હતી, જે એમને પસંદ નહોતી, જેમકે ઋષિદા કોઈને કદી આખી સ્ક્રિપ્ટ આપતા નહોતા... શૂટિંગ વખતે ઘણીવાર એક્ટરોને આખું દૃશ્ય પણ સમજાવતા નહોતા... બસ, કહેતા કે 'મૈં જેસા બોલતાં હું વૈસા કરો.' ત્રીજું, ક્યારેક તો એક્ટરોને આખો રોલ પણ સમજાવતા નહોતા અને ચોથું એ ગમે ત્યારે ગુસ્સો કરી બેસતા!


અમોલ પાલેકરે પોતાના આ પુસ્તકમાં આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે 'મને ઋષિદા સામે અંગત રીતે કોઈ વાંધો હતો જ નહીં. એમની ફિલ્મો પણ મને બહુ ગમતી હતી, પણ એક એક્ટર તરીકે જો સ્ક્રિપ્ટ ના મળે, સમજ્યા વિના સંવાદ બોલવાના હોય.... આ બધું મને બરાબર નહોતું લાગતું.'

ટૂંકમાં, આ બધી વાતોની સ્પષ્ટતા કરીને એ 'ના' પાડવાના જ મિજાજમાં ઋષિદાને ઘરે ગયા હતા, પણ ઋષિદાએ ફિલ્મ વિશે ફિલ્મના રોલ વિશે વાત કરવાને બદલે શરૂઆતની ૩૦-૪૦ મિનિટ સુધી અમોલ પાલેકરને જે ગમતી વાતો હતી એ જ કર્યે રાખી, જેમ કે ક્રિકેટ મૅચો, મરાઠી નાટકો, પ્રિય વાનગીઓ વગેરે....!

ત્યાં સુધીમાં અમોલ પાલેકરની ઋષિદા વિશેની છાપ લગભગ ભૂંસાઈ ગઈ હતી. એ પછી ઋષિકેશ મુખર્જીએ



અમોલ પાલેકર



ઋષિકેશ મુખર્જી

'ગોલમાલ' ફિલ્મની આખેઆખી વાર્તા તેનાં દૃશ્યોનાં વર્ણન સાથે ખૂબ ડિટેલમાં કહી સંભળાવી. આ સાંભળીને અમોલ પાલેકર લગભગ બાટલામાં આવી ચૂક્યા હતા અને પછી, જાણે બાટલીનો બૂચ મારતા હોય એમ ઋષિદાએ ઑફર મૂકી કે 'માત્ર આ એક નહીં, હું તને મારી પાંચ ફિલ્મોમાં લેવા માગું છું!'

હવે અમોલ પાલેકર શી રીતે ના પાડી શકે?

ત્યાર બાદ આપણે સૌ જાણીએ છીએ તેમ 'નરમ ગરમ'- 'રંગબેરંગી' જેવી ફિલ્મમાં અમોલ પાલેકરને હીરો બનાવ્યા. (જોકે પાંચ નહીં, કુલ ત્રણ ફિલ્મો થઈ!)

આવો જ કિસ્સો અભિનેતા કમ લેખક સૌરભ શુકલાનો છે. આ એ દિવસો હતા જ્યારે 'એનએસડી' (દિલ્હી)માં ભણી લીધાં પછી દિલ્હીમાં અનેક નાટકોમાં કામ કર્યા બાદ સૌરભ મુંબઈમાં લેખક તરીકે નસીબ અજમાવવા આવ્યા હતા, પરંતુ વાત જામી નહીં એટલે તે ફરી દિલ્હી જતા રહ્યા.

આવા સમયે મુંબઈથી અનુરાગ કશ્યપ (જે પાછળથી જાણીતા લેખક-દિગ્દર્શક અને નિર્માતા બન્યા)નો ફોન આવ્યો. અનુરાગે કહ્યું કે 'હું રામગોપાલ વર્મા સાથે મુંબઈના અંડરવર્લ્ડ વિશે એક સ્ક્રિપ્ટ લખી રહ્યો છું.. પરંતુ વાત કંઈ બની રહી નથી એટલે મેં જ સજેસ્ટ કર્યું છે કે સૌરભ શુકલાને આમાં ઈન્વોલ્વ કરીએ.'

આ કિસ્સામાં પણ એવું જ બન્યું કે સૌરભ દિલ્હીથી મુંબઈ માત્ર 'ના' પાડવા જ આવ્યા હતા, કેમ કે અગાઉ મુંબઈમાં એમને લેખક તરીકે બહું કડવા અનુભવો થયા હતા, પણ હા, એ ફિલ્મમાં એક્ટર તરીકે કોઈ રોલ હોય તો તે કરવામાં એમને રસ હતો.

રામગોપાલ વર્મા સાથે મુલાકાત થઈ ત્યારે સીધી વાત છે કે વર્મા સાહેબે ફિલ્મની થિમ અને સ્ટોરી વિશે થોડી વાત કરી. ત્યારે સૌરભ શુકલાએ કહ્યું કે 'મને આવી ટિપિકલ પ્રકારની ગેંગસ્ટર ફિલ્મ લખવામાં જરાય રસ નથી, કેમકે ફિલ્મોમાં અંડરવર્લ્ડના લોકોને બહુ ખોટી રીતે ગ્લોરીફાય કરવામાં આવે છે. વાસ્તવિક્તા તો એ છે કે ગુનાખોરીમાં જોડાયેલા લોકો આપણી વચ્ચે જ ક્યાંક રહેતા હોય છે. સિટી બસમાં આપણી બાજુમાં જ બેઠેલો કોઈ મામૂલી દેખાતો માણસ હમણાં જ કોઈનું ખૂન કરીને આવ્યો હોઈ શકે!'

આ સાંભળીને રામગોપાલ વર્માએ બોલી ઊઠયાઃ 'બસ, એ જ તો મને જોઈએ છે! હવે આ ફિલ્મ તમારા સિવાય બીજું કોઈ લખી શકે નહીં!'

આ રીતે સૌરભ શુકલા 'સત્યા'ના લેખક બની ગયા! અને હા, લખવાની પ્રોસેસ દરમિયાન રામગોપાલ વર્માએ એમને 'કલ્લુમામા'ના રોલમાં પણ કાસ્ટ કરી દીધા.

ત્રીજો કિસ્સો 'સાહેબ બીબી ઔર ગુલામ'નો છે એક બંગાળી નવલકથા ઉપરથી એની પટકથા તૈયાર કરવામાં જ બે વરસનો સમય લાગી ગયો હતો. 'કાગઝ કે ફૂલ' ફલોપ થયા પછી ગુરુદત્તે ફેંસલો કર્યો હતો કે હવે પોતે દિગ્દર્શન નહીં કરે. 'ચૌદવીં કા ચાંદ' હિટ ગયા પછી 'સાહેબ બીબી...' માટે ગુરુદત્ત અભિનય પણ નહોતા કરવા માગતા.

એમાં 'ભૂતનાથ'ના રોલ માટે એમની પહેલી પસંદગી શશી કપૂરની હતી, પણ એની મીટિંગ માટે શશી કપૂર પૂરા અઢી કલાક મોડા આવ્યા! એ જ ઘડીએ ગુરુદત્તે એમના નામ પર ચોકડી મારી દીધી હતી.

એ પછી વિશ્વજીત, જે બંગાળી ફિલ્મોમાં સારું નામ કમાઈ ચૂક્યા હતા, એમને હિન્દીમાં આ ફિલ્મ વડે 'પહેલી વાર' બ્રેક મળવાનો હતો, પણ વિશ્વજીતના બંગાળી દોસ્તોએ કહ્યું કે બે મોટી મોટી હીરોઈનો મીનાકુમારી અને વહીદા રહેમાન એમાં છે. એ બન્ને વચ્ચે તું ફસાઈ જઈશ.!

એ પછી વિશ્વજીત પણ ફસકી પડ્યા ત્યારે 'ના ના' કરતાં ખુદ ગુરુદત્તે પોતાની મૂછો મૂંડાવીને (નાની ઉંમરના દેખાવા માટે) આ રોલ જાતે જ ભજવવાનું નક્કી કર્યું ને ઈતિહાસ સર્જાયો... બોલો! ■

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

# 'પુષ્પા'ને કોઈ માથાનો મળ્યો ખરો!

આપણને 'સિંઘમ અગેઈન' અને 'ભુલભુલૈયા ૩'ની ટક્કર યાદ જ છે. 'ભુલભુલૈયા'ના ડિસ્ટ્રિબ્યુટર અનીલ થડાણી હતા. આ થડાણી સાંઈ 'પુષ્પા- ટુ'ના પણ ડિસ્ટ્રિબ્યુટર છે. 'પુષ્પા- ટુ'નો ક્રેઝ જબરો ચાલ્યો, પરંતુ ક્યાંક એનો અંત પણ હોયને? બીજી ફિલ્મો પુષ્પરાજ બૉક્સ ઑફિસ પર ક્યારે સાવેસાવ ઝૂકી જશે એની રાહ જોવામાં તો માને નહીં? આથી ગયા અઠવાડિયે ડિઝનીની 'મુફાસા' રિલીઝ થઈ અને આ અઠવાડિયે વરુણ ધવનની 'બેબી જહોન'. હવે થડાણીભાઈએ જેવી 'બેબી' જહોનની ડિલિવરી, સોરી, રિલીઝ ડેટ નજીક આવી એટલે રંગ દેખાડવાનો શરૂ કરી દીધો. એમણે 'સિંઘમ અગેઈન' સામે જે પ્રકારની 'દાદાગીરી' દેખાડી હતી એવી જ દાદાગીરી આ વખતે પણ દેખાડવાનો પ્રયાસ કર્યો.

'સિંઘમ' વખતે તો એમણે 'ભુલભુલૈયા' જે મલ્ટીપ્લેક્સ દેખાડશે એને 'પુષ્પા- ટુ' જરૂર આપવામાં આવશે એવી લોલીપોપ પકડાવી દીધી. આ વખતે અનીલ થડાણીએ 'બેબી જહોન' જેટલાં જ સ્ક્રીન 'પુષ્પા- ટુ' ને પણ આપવાની માગણી કરી દીધી. સામે 'નહીં તો...' આવું પણ કહ્યું, પરંતુ આ વખતે 'પુષ્પા- ટુ'નાં બે અઠવાડિયાં ઑલરેડી નીકળી ચૂક્યાં હતાં. આથી પીવીઆર જેવી ચેઇને થડાણીની આંખ દેખાડવાની વૃત્તિ-પ્રવૃતિ સામે પોતે આંખ દેખાડી. પીવીઆરે સ્પષ્ટ કહી દીધું કે, 'જુઓ બોસ, અમને યોગ્ય લાગશે એ રીતે અમે કરીશું.'

પરિણામે પહેલાં તો પીવીઆરે ગત શુક્રવારે સમગ્ર દેશમાં પોતાની ચેઈનમાંથી 'પુષ્પા- ટુ' હટાવી લેવાનો નિર્ણય જાહેર કરી દીધોને અંતે થડાણી સાંઈ 'ઝૂક ગયા' અને 'બેબી જહોન' પીવીઆરમાં પુષ્પાની હાજરી સાથે રિલીઝ પણ થઈ. જોકે 'બેબી જહોન'ના રિવ્યુઝ જોતાં એવું લાગે છે કે અનીલ થડાણી અત્યારે મૂછમાં જરૂર હસતા હશે!

# 'મુન્નાભાઈ' તથા 'થ્રી ઈડિયટ્સ' પાછા આવે છે...



વિધુ વિનોદ ચોપરાએ હાલમાં એક ઇન્ટરવ્યુમાં મહત્ત્વની એવી જાહેરાત કરી હતી કે 'એ 'મુન્નાભાઈ એમબીબીએસ' અને 'થ્રી ઈડિયટ્સ'ની સિક્વલ લખી રહ્યા છે.' આ ઉપરાંત બાળકો માટે પણ એ એક ફિલ્મ લખશે વત્તા અને એક હોરર કોમેડી પણ લખશે...!

આમ જુઓ તો 'થ્રી ઈડિયટ્સ'ની સિક્વલ બને એની કોઈ જ વાત મૂળ ફિલ્મને રિલીઝ થયે આટઆટલાં વર્ષો વીતી ગયાં તોય ક્યાંય ક્યાંએય થઈ નથી. હા, 'મુન્નાભાઈ ચલે અમેરિકા' નામની ફિલ્મની જાહેરાત ઉપરાંત એનું ટિઝર સુદ્ધાં રિલીઝ કરી દેવામાં આવ્યું હતું, પરંતુ પછી સંજય દત્ત ચલે ગયે જેલ એટલે આ વાત આગળ વધી શકી ન હતી. વિધુ વિનોદ ચોપરાની આ જાહેરાતમાં આ બંને ફિલ્મ્સના ચાહકોને આનંદ થાય એના કરતાં કદાચ એક-બે પ્રશ્ન પણ જરૂર ઊભા થશે એવું લાગે છે.

વાત એવી છે કે શું 'ટ્વેલ્થ ફેલ'ની અચાનક સફળતાએ વિધુ વિનોદ ચોપરાને વધુપડતા ઉત્સાહી બનાવી દીધા હોય એવું નથી લાગતું? ઉપરાંત સિક્વલ અને યુનિવર્સની હોડમાં એમને પણ પોતાની હોડી પાર લગાવી દેવી હોય એવો આભાસ નથી થતો? ત્રીજું અને સહુથી મહત્ત્વનું, આ ઇન્ટરવ્યુમાં એમણે કહ્યું છે કે પોતે મુન્નાભાઈ અને થ્રી ઈડિયટ્સની સિક્વલ લખી રહ્યા છે. આપણને ખબર છે કે આ બન્ને ફિલ્મ મૂળ તો રાજકુમાર હિરાણી અને અભિજાત જોશીએ લખી હતી તો પ્રશ્ન એ છે કે, શું વિધુ વિનોદ ચોપરાએ આ બંનેથી છેડો ફાડી દીધો છે અને ઉત્સાહમાં આવી જઈને જાતે જ એ બંને માસ્ટર ક્લાસની સિક્વલો લખવા બેસી ગયા છે?

# રામ કપૂર... ક્યા સે ક્યા હો ગયા?



'યુધરા' નામની ફિલ્મ આવી હતી, યાદ છે? નહીં જ યાદ હોય, કારણકે એ ફિલ્મ ક્યારે આવી ને ક્યારે જતી રહી તેની કોઈને ખબર નથી. ખેર, આ ફિલ્મમાં એક્ટર રામ કપૂર છેલ્લી વખત દેખાયા હતા. પછી ઓટીટી પર આવેલી 'જ્યુબિલી'માં ઝળક્યા ને ત્યાર બાદ એ ક્યાં જતા રહ્યા તેની કોઈને ખબર ન હતી. સોશિયલ મીડિયાથી પણ રામભાઈ દૂર થઈ ગયા. 'નક્કી કોઈ પ્રોબ્લેમ હોવો જોઈએ' એવું તમે જો વિચારતા હો તો થોભો...

વાત જાણે એમ છે કે, આ આખો સમય રામ કપૂર પોતાના શરીરને ટ્રીમ કરવામાં વ્યસ્ત હતા. હા જી! આ અઠવાડિયે રામ કપૂર 'ઇન્સ્ટાગ્રામ' પર પરત આવ્યા અને એમણે પોતાના ૪૨ કિલો ઓછા શરીર અને પત્ની ગૌતમી કપૂર સાથેના ફોટા શેર કર્યા છે!

આ ફોટા જોઈને લાગે છે કે રામ કપૂરે ખરેખર પોતાનું વજન ઉતારવા માટે જબરદસ્ત મહેનત કરી હશે. એક સમયે એમનું જબરું બોડી શેઇમિંગ થયું હતું, પરંતુ હવે ફિટ એન્ડ ફાઈન રામ કપૂરને જોઈને એમના ગોળમટોળ શરીરની આકરી ટીકા કરનારા પણ અવાક થઈ ગયા હશે... ■

## કટ એન્ડ ઓકે..



'હું હમણાં ત્રણ ફિલ્મ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યો છું!'

(હમણાં જ અવસાન પામેલા શ્યામ બેનેગલે તાજેતરમાં પોતાના ૯૦મા બર્થ-ડેની ઉજવણી વખતે આ કહ્યું હતું!)

# બુમરાહના ૪,૪૮૪ બૉલમાં પહેલી જ વાર ફટકારવામાં આવી સિક્સર!

## એ જાંબાઝ બૅટર છે ઑસ્ટ્રેલિયાનો યંગેસ્ટ ઓપનર સૅમ કૉન્સ્ટેસઃ બુમરાહની ઓવરમાં રેકૉર્ડ-બ્રેક ૧૮ રન બનાવ્યા

મેલબર્નઃ વર્લ્ડ નંબર-વન ટેસ્ટ બોલર જસપ્રીત બુમરાહે ફરી એક વાર બોર્ડર-ગાવસકર ટ્રોફી સિરીઝની નવી ટેસ્ટમાં (બૉકસિંગ-ડે ટેસ્ટમાં) અસરદાર બોલિંગ કરી, પરંતુ ઑસ્ટ્રેલિયાના ૧૯ વર્ષની ઉંમરના નવા ટીનેજ ઓપનર સૅમ કૉન્સ્ટેસે બુમરાહ સામે જ કરીઅરની ધમાકેદાર અને ઐતિહાસિક શરૂઆત કરી. તે ટેસ્ટ ક્રિકેટમાં ઑસ્ટ્રેલિયાનો સૌથી યુવાન ઓપનર છે.

માત્ર ૧૧ ફર્સ્ટ-ક્લાસ મૅચમાં ૭૦૦થી વધુ રન બનાવીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કરનાર રાઈટ-હૅન્ડ બૅટર કૉન્સ્ટેસની મૂંછનો હજી માંડ દોરો ફૂટ્યો છે ત્યાં તેણે મેલબર્નમાં ગુરુવારે શરૂ થયેલી ચોથી ટેસ્ટના પ્રારંભિક દિવસે કૉન્સ્ટેસે વર્તમાન ક્રિકેટના બેસ્ટ બોલર બુમરાહને પડકાર્યો અને એમાં તેણે સફળતા પણ મેળવી. કૉન્સ્ટેસે બુમરાહના બૉલમાં સિક્સર ફટકારી જે ઇતિહાસમાં લખાઈ ગઈ. ૨૦૨૧ની સાલથી માંડીને અત્યાર સુધીમાં બુમરાહે ટેસ્ટ ક્રિકેટમાં જે ૪,૪૮૩ બૉલ ફેંક્યા એમાં એકેય બૅટર સિક્સર નહોતો ફટકારી શક્યો, પણ કૉન્સ્ટેસે બુમરાહના ૪,૪૮૪મા બૉલમાં સિક્સર ફટકારીને પોતાની તાકાત દેખાડી દીધી હતી.

કૉન્સ્ટેસ ૬૫ બૉલમાં બે સિક્સર અને છ ફોરની મદદથી બનેલા બહુમૂલ્ય ૬૦ રન બનાવીને આઉટ થયો હતો. બાવન બૉલમાં હાફ સેન્ચુરી પૂરી કરનાર કૉન્સ્ટેસે ઉસમાન ખ્વાજા (૫૭ રન, ૧૨૧ બૉલ, છ ફોર) સાથે ૮૯ રનની ઓપનિંગ પાર્ટનરશિપ કરી હતી.

કૉન્સ્ટેસે ઑસ્ટ્રેલિયન ઇનિંગ્સની સાતમી ઓવર જે બુમરાહે કરી હતી એના એક બૉલમાં સ્કૂપ શૉટમાં શાનદાર સિક્સર મારી દીધી હતી.



૧૯ વર્ષનો ઓપનર સૅમ કૉન્સ્ટેસ

એ સાથે, ટેસ્ટમાં બુમરાહના ૪,૪૮૪ બૉલમાં પહેલી વાર સિક્સર ફટકારાતી જોવા મળી હતી.

બુમરાહની એ ઓવરમાં ૧૪ રન બન્યા હતા અને થોડી વાર બાદ બુમરાહે ફરી એક વાર કૉન્સ્ટેસનું પાવર-હિટિંગ જોવું પડ્યું હતું. ૧૧મી ઓવરમાં બે ફોર અને એક સિક્સર સાથે ૧૯ રન બન્યા હતા અને કૉન્સ્ટેસ છવાઈ ગયો હતો. એ ઓવરમાં ૧૯માંથી એક સિક્સર, બે ફોર સહિત ૧૮ રન કૉન્સ્ટેસના બૅટથી બન્યા હતા. આ પહેલાં, ટેસ્ટ ક્રિકેટમાં ક્યારેય બુમરાહની એક ઓવરમાં ૧૮ રન નહોતા બન્યા.

જોકે કૉન્સ્ટેસનું રવીન્દ્ર જાડેજા સામે કંઈ નહોતું ચાલ્યું. જાડેજાએ તેને એલબીડબલ્યૂમાં પૅવિલિયન ભેગો કરી દીધો હતો અને પછીથી બુમરાહે ઑસ્ટ્રેલિયન ટીમનો ધબડકો બોલાવ્યો હતો. ■

# વિરાટ કોહલીને ટીનેજ ઓપનર કૉન્સ્ટેસ સાથેની ટક્કર નવ લાખ રૂપિયામાં પડી

## વિરાટને દંડ થયા બાદ ઑસ્ટ્રેલિયન બૅટરે પત્રકારોને કહ્યું, 'કોહલી જાણી જોઈને નહીં, અકસ્માતે મારી સાથે ટકરાયો હતો, ક્રિકેટમાં આવું તો બન્યા કરે'

મેલબર્નઃ વિરાટ કોહલી અને ઑસ્ટ્રેલિયાના નવા ટીનેજ ઓપનર સૅમ કૉન્સ્ટેસ વચ્ચેની ટક્કર ગુરુવારે અહીં ચોથી ટેસ્ટ (સવારે ૫.૦૦ વાગ્યાથી લાઇવ)ના પ્રથમ દિવસની મુખ્ય ઘટના હતી. કોહલી પિચ પર આ બૅટર સાથે ટકરાયો એને પગલે મૅચ રેફરી ઝિમ્બાબ્વેના મૅચ-રેફરી ઍન્ડી પાયક્રૉફ્ટે કોહલીને ૨૦ ટકા મૅચ-ફીનો દંડ કર્યો હતો અને તેના નામે એક ડીમેરિટ પૉઇન્ટ નોંધાવ્યો હતો. કોહલીને બીસીસીઆઇ તરફથી એક ટેસ્ટ-મૅચ રમવાના અંદાજે ૪૫ લાખ રૂપિયા મળે છે એ જોતાં તેના નવ લાખ રૂપિયા કપાઈ ગયા હતા.

સૅમ કૉન્સ્ટૅસે ઇન્ટરનૅશનલ કરીઅરની આ પહેલી જ ઇનિંગ્સમાં ૬૦ રન બનાવ્યા હતા.

કૉન્સ્ટૅસની આ પહેલી જ આંતરરાષ્ટ્રીય મૅચ છે. ઑસ્ટ્રેલિયાની ઇનિંગ્સમાં ૧૦મી ઓવર પછી ભારતીય ફીલ્ડરો પોતાના સ્થાનેથી પાછા જઈ રહ્યા હતા ત્યારે કોહલી એવી રીતે કૉન્સ્ટૅસ સાથે ટકરાયો જેમાં એવું લાગ્યું કે તે જાણી જોઈને કૉન્સ્ટૅસ સાથે અથડાયો હતો.



મૅચ રેફરી પાયક્રૉફ્ટે આઇસીસીની આચારસંહિતાના લેવલ-વન અનુસાર કોહલીને દંડ અને ડીમેરિટ પૉઇન્ટની સજા કરી હતી. કોહલીએ આ ક્રિકેટલક્ષી સજા સ્વીકારી એટલે પાયક્રૉફ્ટે કોહલીને અને કૉન્સ્ટૅસને બોલાવીને સુનાવણી હાથ ધરવાનું ટાળ્યું હતું અને મામલો ત્યાં જ ખતમ કરી નાખ્યો હતો.

પિચ પરની આ ટક્કર બાદ કોહલી અને કૉન્સ્ટૅસ એકમેક સામે ઘૂરક્યા હતા અને તેમની વચ્ચે બોલાચાલી પણ થઈ હતી. સાથી બૅટર ઉસમાન ખ્વાજા અને અમ્પાયરે તેમને છૂટા પાડવા પડ્યા હતા.

રમત પૂરી થયા પછી કૉન્સ્ટેસે પત્રકારોને કહ્યું હતું કે 'કોહલી જાણી જોઈને મારી સાથે નહોતો ટકરાયો. હું મારા ગ્લવ્ઝ સરખા કરી રહ્યો હતો તે અચાનક મારી સાથે ટકરાયો હતો. જોકે તે અકસ્માતે જ મારી સાથે ટકરાયો હતો. ક્રિકેટમાં આવું બધુ તો બન્યા કરે. મને લાગે છે કે અમે બન્ને જણ ખૂબ આવેશમાં આવી ગયા હતા.' ■

# સૌરાષ્ટ્રને હાર્વિક દેસાઈની સેન્ચુરીએ હૈદરાબાદ સામે વિજય અપાવ્યો

## ગુજરાતે આસામને અને મુંબઈએ અરુણાચલને હરાવ્યું

અમદાવાદઃ અહીં વિજય હઝારે ટ્રોફી વન-ડે ટૂર્નામેન્ટની ગ્રૂપ-સીની મૅચમાં ઓપનર હાર્વિક દેસાઈ (૧૨૫ અણનમ, ૧૨૯ બૉલ, ૧૯ ફોર)એ સૌરાષ્ટ્રને હૈદરાબાદ સામે વિજય અપાવ્યો હતો.

હૈદરાબાદે કૅપ્ટન તિલક વર્મા (૫૭ રન, ૮૧ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર) અને અરાવેલી અવિનાશ (બાવન રન, ૫૬ બૉલ, છ ફોર)ની હાફ સેન્ચુરીની મદદથી ૫૦ ઓવરમાં આઠ વિકેટે ૨૪૪ રન બનાવ્યા હતા. સૌરાષ્ટ્રના ચિરાગ જાનીએ ચાર તથા નવનીત વોરાએ બે વિકેટ લીધી હતી. સૌરાષ્ટ્રએ જવાબમાં હાર્વિકની અણનમ સદી ઉપરાંત જય ગોહિલના ૬૦ રનની મદદથી ૪૨.૫ ઓવરમાં ચાર વિકેટે ૨૪૮ રન બનાવીને વિજય મેળવી લીધો હતો.

જયપુરમાં ગુજરાતે ચિંતન ગજાની પાંચ વિકેટ તથા પ્રિયજીતસિંહ જાડેજાની ચાર વિકેટને પગલે આસામને માત્ર ૭૫ રનમાં આઉટ કરી દીધું હતું અને પછી ૯.૫ ઓવરમાં બે વિકેટે ૭૮ રન બનાવીને ૨૪૧ બૉલ બાકી રાખીને આઠ વિકેટના માર્જિન સાથે વિજય હાંસલ કરી લીધો હતો.

અમદાવાદમાં અરુણાચલ પ્રદેશ (૭૩ રન) સામે મુંબઈ (૫.૩ ઓવરમાં એક વિકેટે ૭૭ રન)નો શાનદાર વિજય થયો હતો. મુંબઈ વતી ઓપનર અંગક્રિશ રઘુવંશી (૫૦ અણનમ, ૧૮ બૉલ, એક સિક્સર, નવ ફોર)એ આક્રમક હાફ સેન્ચુરી ફટકારી હતી અને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ જીતી લીધો હતો. મુંબઈએ આ વિજય ૨૬૭ બૉલ બાકી રાખીને મેળવ્યો હતો. ■

# રોહિતે બૂમ મારીને કહ્યું, 'એ જૈસુ, ગલી ક્રિકેટ ખેલ રહા હૈ ક્યા?'

## યશસ્વી જયસ્વાલ પર ગુસ્સે થતાં બોલ્યો કે 'નીચે બૈઠ કે રહેના, જબ તક બૉલ ખેલેગા નહીં, ઉઠના નહીં.'



મેલબર્નઃ મહેન્દ્રસિંહ ધોનીની જેમ કૅપ્ટન રોહિત શર્મા જેમ શાંતિથી અને જરાસરખા પણ આક્રમક હાવભાવ વિના ભલભલા બોલરની બોલિંગ-ઍનેલિસિસ બગાડી નાખતો હોય છે એમ ફીલ્ડિંગ દરમ્યાન પણ સાથી ખેલાડીઓને તે શાંતિપૂર્વક સૂચના આપતો હોય છે. જોકે ગુરુવારે અહીં ઑસ્ટ્રેલિયા સામેની ચોથી ટેસ્ટના પ્રથમ દિવસે કંઈક એવું બન્યું જેમાં રોહિતે યુવાન ખેલાડી યશસ્વી જયસ્વાલ પર ગુસ્સે થવું પડ્યું હતું. તેણે ફીલ્ડિંગમાં કચાશને કારણે જયસ્વાલને પોતાના સ્લિપના સ્થાન પરથી કડક શબ્દોમાં સંભળાવી દીધું હતું.

ખરેખર તો ગુરુવારે રોહિતે ફીલ્ડિંગ દરમ્યાન કેટલાક ખેલાડીઓને ખૂબ સખતાઈપૂર્વક સૂચના આપી હતી. સતત સતર્ક રહેવાની અને મિસ-ફીલ્ડ ન થાય એની ખાસ તકેદારી રાખવાનું તેણે તેમને કહ્યું હતું. એક બાજુ ભારતીય બોલર્સને મેલબર્નની સપાટ પિચ પર ખૂબ સંઘર્ષ કરવો પડ્યો હતો ત્યાં બીજી બાજુ રોહિતે ફીલ્ડિંગને મજબૂત બનાવવા કોઈ કસર નહોતી છોડી.

એક તબક્કે સિલી પૉઇન્ટ પર (બૅટરની સૌથી નજીકના સ્થાને) ફીલ્ડિંગ કરી રહેલા જયસ્વાલ પર રોહિત ગુસ્સે થયો હતો. રવીન્દ્ર જાડેજાના એક બૉલમાં ઑસ્ટ્રેલિયન બૅટર સ્ટીવ સ્મિથના શૉટમાં બૉલ પોતાની તરફ આવતો જોઈને યશસ્વીએ એને હાથથી રોકવાની કોશિશ કરવાને બદલે પોતાની જગ્યાએ કૂદ્યો હતો. ત્યારે રોહિતે બૂમ મારીને જયસ્વાલને કહ્યું, 'એ જૈસુ, ગલી ક્રિકેટ ખેલ રહા હૈ ક્યા?'

રોહિતની આ કમેન્ટ પળવારમાં સોશિયલ મીડિયામાં વાયરલ થઈ ગઈ હતી.

તે જયસ્વાલ પર ક્રોધે ભરાયો હતો, પણ શાંત સ્વભાવના રોહિતને આ રીતે ગુસ્સામાં જોઈને ઘણા ક્રિકેટપ્રેમીઓને તેની આ બૂમ રમૂજી લાગી હતી અને તેમણે મીડિયામાં રમૂજી ટિપ્પણીઓ સાથે રોહિતને બિરદાવ્યો હતો.

સ્લિપમાંથી રોહિતે ફરી ગુસ્સે થતાં જયસ્વાલને કહ્યું, 'નીચે બૈઠ કે રહેના, જબ તક બૉલ ખેલેગા નહીં, ઉઠના નહીં.'

રોહિતની આ સૂચના સાંભળીને વિકેટકીપર રિષભ પંતથી હસવું રોકી નહોતું શકાયું. ■

# સિરાજના 'બ્લૅક મૅજિક'માં બુમરાહ ફાવી ગયો





મેલબર્નઃ બોર્ડર-ગાવસકર ટ્રોફીમાં ભારત અને ઑસ્ટ્રેલિયાના ખેલાડીઓ વચ્ચે ચકમક થઈ છે તો મજાકમસ્તી પણ જોવા મળી છે અને એમાં મોહમ્મદ સિરાજ તો કમાલ જ કરી રહ્યો છે. અહીં સિરીઝની ચોથી ટેસ્ટમાં એક તરફ ભારતીય ટીમના સૌથી પીઢ ખેલાડી વિરાટ કોહલી અને આ સિરીઝના સૌથી યુવાન ઑસ્ટ્રેલિયન ખેલાડી સૅમ કૉન્સ્ટેસ વચ્ચે થોડી ગરમાગરમી થઈ ગઈ ત્યાં બીજી બાજુ સિરાજે ફરી શ્રેણીમાં ફરી એકવાર માર્નસ લાબુશેનને પડકાર્યો અને તેની એકાગ્રતા તોડી જેને પરિણામે લાબુશેનના જોડીદાર ઉસમાન ખ્વાજાએ વિકેટ ગુમાવવી પડી હતી.



વાત એમ છે કે સિરાજે આ સિરીઝમાં અગાઉ એક વાર (બ્રિસ્બેનની ત્રીજી ટેસ્ટમાં) લાબુશેનનો એકાગ્રતાભંગ કરવા પોતાની ઓવર દરમ્યાન લાબુશેનની ક્રીઝમાં જઈને બન્ને બેલ્સ ઉપાડીને એની અદલાબદલી કરીને સ્ટમ્પ્સ પર ગોઠવી હતી. જોકે સિરાજ રન-અપ પર પાછો ગયા બાદ લાબુશેને બેલ્સ ઉપાડીને એની મૂળ જગ્યાએ મૂકી દીધી હતી. થોડી વાર પછી લાબુશેને વિકેટ ગુમાવી હતી. ગુરુવારે સિરાજ એક ડગલું આગળ વધ્યો હતો. તેણે ફરી એકવાર લાબુશેન બૅટિંગમાં હતો ત્યારે બૉલ ફેંકતા પહેલાં તેના સ્ટમ્પ્સની બેલ્સની તેણે (સિરાજે) અદલાબદલી કરી હતી. સિરાજની આ તરકીબ બેલ્સ-સ્વિચિંગ તરીકે ઓળખાય છે. ૨૦૨૩માં ઇંગ્લૅન્ડના સ્ટુઅર્ટ બ્રૉડે લાબુશેન સાથે આવું જ કર્યું હતું.

સિરાજે લાબુશેનના સ્ટમ્પ્સની બેલ્સની અદલાબદલી કરી એટલું જ નહીં, લાબુશેન ઊંધો ફરીને ક્રીઝથી દૂર જઈ રહ્યો હતો ત્યારે સિરાજે 'માર્નસ, લુક ઍટ ધૅટ' એવું કહીને તેને વધુ હતાશ કરવાની કોશિશ કરી હતી.

સિરાજની એ ઓવરમાં લાબુશેન આઉટ થતાં બચ્યો હતો, પરંતુ સિરાજે બેલ્સની અદલાબદલી કરવાની જે તરકીબ અજમાવીને તેની એકાગ્રતા તોડી એનું પરિણામ એ આવ્યું કે થોડી વાર બાદ જસપ્રીત બુમરાહના બૉલમાં લાબુશેનનો પાર્ટનર ખ્વાજા આઉટ થઈ ગયો હતો. સિરાજે તરકીબ અજમાવી અને બુમરાહે વિકેટ મેળવી લીધી.

બુમરાહે લાબુશેન-ખ્વાજા વચ્ચેની ૬૫ રનની ભાગીદારી તોડી હતી. પ્રથમ દિવસની રમતને અંતે ઑસ્ટ્રેલિયાનો સ્કોર છ વિકેટે ૩૧૧ રન હતો. ■

# બાબરે ફક્ત ચાર રન બનાવીને પણ વિરાટ-રોહિત જેવો કીર્તિમાન રચી દીધો

## પાકિસ્તાનના ૨૧૧ રન બાદ સાઉથ આફ્રિકાના ૮૨/૩

સેન્ચુરિયનઃ પાકિસ્તાનના ભૂતપૂર્વ કૅપ્ટન બાબર આઝમે અહીં સાઉથ આફ્રિકા સામે શરૂ થયેલી પ્રથમ ટેસ્ટના પહેલા દિવસે પ્રથમ દાવમાં ફક્ત ચાર રન બનાવીને આઉટ થયો હતો એમ છતાં તે ટેસ્ટની રેકૉર્ડ-બુકમાં વિરાટ કોહલી અને રોહિત શર્માની હરોળમાં આવી ગયો હતો. ગુરુવારે બાબરે ત્રીજો રન બનાવ્યો એ સાથે ટેસ્ટમાં તેના ૪,૦૦૦ રન પૂરા થયા હતા. ક્રિકેટના ત્રણેય ફૉર્મેટ (ટેસ્ટ, વન-ડે, ટી-૨૦)માં ૪,૦૦૦ રન બનાવનાર બાબર વિશ્વનો ત્રીજો ખેલાડી બન્યો છે. વિરાટ કોહલી અને રોહિત શર્મા પણ ત્રણેય ફૉર્મેટમાં ૪,૦૦૦ રનનો આંકડો પાર કરી ચૂક્યા છે.

ગુરુવારે પાકિસ્તાનની ટીમ સાઉથ આફ્રિકા સામે પ્રથમ દાવમાં ફક્ત ૨૧૧ રનમાં આઉટ થઈ ગઈ હતી. એમાં કામરાન ગુલામના ૫૪ રન હાઇએસ્ટ હતા.

સાઉથ આફ્રિકાના પેસ બોલર ડેન પૅટરસને સૌથી વધુ પાંચ વિકેટ અને ૩૦ વર્ષની ઉંમરના નવા પેસ બોલર કૉર્બિન બોશ્ચે ચાર વિકેટ લીધી હતી. માર્કો યેનસેનને એક વિકેટ મળી હતી, પરંતુ કૅગિસો રબાડા વિકેટ વિનાનો રહ્યો હતો. સાઉથ આફ્રિકાએ ગુરુવારની રમતના અંત સુધીમાં ૮૨ રનમાં ત્રણ વિકેટ ગુમાવી હતી. ઓપનર માર્કરમ ૪૭ રને રમી રહ્યો હતો. ત્રણમાંથી બે વિકેટ ખુર્રમ શાહઝાદે લીધી હતી. ■

# ગિલને પડતો મૂકવાનું કારણ બહાર આવ્યું

મેલબર્નઃ બોર્ડર-ગાવસકર ટ્રોફીની ચોથી મૅચ (સવારે ૫.૦૦ વાગ્યાથી લાઇવ)માંથી શુભમન ગિલને કેમ પડતો મુકવામાં આવ્યો એનું કારણ બહાર આવ્યું છે અને રોહિત શર્મા કયા નંબર પર બૅટિંગ કરશે એ ગઈ કાલે સવારે જ લગભગ નક્કી થઈ ગયું હતું.

ટીમ ઇન્ડિયાના સહાયક-કોચ અભિષેક નાયરે ગુરુવારે ગિલને ડ્રૉપ કરવાના નિર્ણયના બચાવમાં પત્રકારોને કહ્યું, 'ટીમના હિતમાં જ આ નિર્ણય લેવાયો છે. રોહિત શર્માને બૅટિંગમાં તેનું મૂળ સ્થાન પાછું મળે અને બોલિંગમાં સ્પિન-ઑલરાઉન્ડરના સમાવેશથી ટીમની તાકાત વધે એ માટે આ પગલું લેવામાં આવ્યું છે.'

રોહિત પર્થની પ્રથમ ટેસ્ટમાં નહોતો રમ્યો. આ પ્રવાસમાં તેણે બીજી અને ત્રીજી ટેસ્ટમાં છઠ્ઠા નંબર પર બૅટિંગ કરી હતી. તેને ઓપનિંગના તેના મૂળ સ્થાને પાછો લાવવા અને કે. એલ. રાહુલને વનડાઉનમાં મોકલવાની યોજના બનતાં ગિલને ડ્રૉપ કરવો પડે એમ હતો. નાયરે પત્રકારોને કહ્યું, 'હા, રોહિતને બૅટિંગ-ઑર્ડરમાં ઉપર લાવવાનો પ્લાન છે.

મોટા ભાગે તે ઓપનિંગમાં જ રમશે. અમારે નાછૂટકે ગિલને પડતો મૂકવો પડ્યો છે. તેના જેવા યુવાન ખેલાડીને પડતો મૂકવો પડે એ ગમે તો નહીં, પરંતુ ખુદ ગિલ ટીમની જરૂરિયાત સમજે છે. અમે તેને ડ્રૉપ કર્યો છે એવું હું નહીં કહું. માત્ર તે આ મૅચ માટેની ટીમમાં સ્થાન નથી પામી શક્યો એટલું જ કહીશ.' ■

## દેશ વિદેશ

# નાણાકીય ક્ષેત્રે 'એઆઇના નૈતિક ઉપયોગ' માટે રિઝર્વ બૅન્કે સમિતિ રચી

## આઇઆઇટી બોમ્બેના પ્રોફેસર પેનલનું નેતૃત્વ કરશે

મુંબઈઃ ભારતીય રિઝર્વ બૅન્કે નાણાકીય ક્ષેત્રે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ)ના નૈતિક ઉપયોગ માટે માળખું તૈયાર કરવા આઠ સભ્યની સમિતિ રચવાની ગુરુવારે જાહેરાત કરી હતી.

આઇઆઇટી બોમ્બેના પ્રોફેસર પુષ્પક ભટ્ટાચાર્ય (કમ્પ્યૂટર સાયન્સ અને એન્જિનિયિરિંગ વિભાગ) આ સમિતિની અધ્યક્ષતા કરશે. આ સમિતિ નાણાકીય ક્ષેત્રે દેશમાં અને વૈશ્વિક સ્તરે એઆઇના થઇ રહેલા ઉપયોગની સમીક્ષા કરીને નૈતિક ઉપયોગ માટેનું માળખું તૈયાર કરશે. સમિતિ બૅન્કો, નૉન બૅન્કિંગ ફાઇનાન્શિયલ કંપની, ફિનટેક, પેમેન્ટ સિસ્ટમ ઓપરેટર (પીએસઓ) સહિત વિવિધ ક્ષેત્રે એઆઇના થઇ રહેલા ઉપયોગની સમીક્ષા કર્યા બાદ જરૂરી ભલામણ કરશે.

રિઝર્વ બૅન્કની આ સમિતિમાં પુષ્પક ભટ્ટાચાર્ય ઉપરાંત દેવજાની ઘોષ (સ્વતંત્ર ડિરેક્ટર, રિઝર્વ બૅન્ક ઇનોવેશન હબ), બલરામન રવીન્દ્રન (વાધવાની સ્કૂલ ઑફ ડેટા સાયન્સ ઍન્ડ એઆઇ, આઇઆઇટી મદ્રાસના પ્રોફેસર), અભિષેક સિંહ (ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી તંત્રજ્ઞાન મંત્રાલયના એડિશનલ સેક્રેટરી), રાહુલ માત્થાન (ભાગીદાર, ટ્રાઇલિગલ), અંજની રાઠોડ (એચડીએફસી બૅન્કના ચીફ ડિજિટલ એક્સ્પિરિયન્સ ઑફિસરનાં ગ્રૂપ હેડ અને વડાં), શ્રીહરિ નગરાલુ (માઇક્રોસોફ્ટ ઇન્ડિયાના સિક્યોરિટી એઆઇ રિસર્ચના વડા) તેમ જ સુવેન્દુ પટી (સીજીએમ, ફિનટૅક ડિપાર્ટમેન્ટ, ભારતીય રિઝર્વ બૅન્ક) છે. સમિતિ છ મહિનામાં પોતાનો અહેવાલ સુપરત કરશે. (એજન્સી) ■

# ચૂંટણી પહેલાં નાણાંનું વિતરણ કરતા ભાજપના નેતાઓ સામે આપે ઈડીમાં ફરિયાદ નોંધાવી

નવી દિલ્હી : દિલ્હી વિધાનસભાની ચૂંટણી પૂર્વે લોકોને નાણાં વહેંચી રહેલા ભાજપના બે નેતાઓ સામે આપના રાજ્યસભાના સભ્ય સંજય સિંહે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટમાં ફરિયાદ નોંધાવી હતી.

સંજય સિંહ ભાજપના ભૂતપૂર્વ સંસદસભ્ય પરવેશ વર્મા અને ભૂતપૂર્વ વિધાનસભ્ય માનજિન્દર સિંહ સિરસા સામે ફરિયાદ કરવા ગયા ત્યારે એજન્સીના અધિકારીઓ તેમને મળ્યા નહીં એ બદલ પણ તેમણે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

સંજય સિંહે કહ્યું હતું કે મેં આપ વતી ફરિયાદ નોંધવા ઈ-મેલ દ્વારા ગુરુવારે બપોરે ચાર વાગ્યે અધિકારીઓને મળવાનો સમય માગ્યો હતો, પરંતુ અધિકારીઓ પક્ષના પ્રતિનિધિમંડળને મળ્યા નહોતા.

આપના નેતાઓએ પત્રકારોને કહ્યું હતું કે આપના કન્વીનર અરવિંદ કેજરીવાલના મતદારક્ષેત્રમાં મતદાતાઓને બુધવારે એક હજાર રૂપિયાની લાંચ ખુલ્લેઆમ દેવામાં આવી હતી. જો ઈડી ભૂતપૂર્વ સાંસદ વર્માના ઘરે દરોડા પાડે તો તેમની પાસે કરોડ રૂપિયા મળી આવે.

દિલ્હીના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન કેજરીવાલ ૨૦૧૩થી નવી દિલ્હીની બેઠક પરથી આપના ઉમેદવાર તરીકે ઊભા રહે છે. તેઓ ફેબ્રુઆરીની આગામી ચૂંટણીમાં પણ આ બેઠક પરથી આપના ઉમેદવાર છે. (એજન્સી) ■

# કૉંગ્રેસ મોંઘવારી, ભ્રષ્ટાચાર, બંધારણ પરના 'હુમલા'ને મુદ્દે આંદોલન કરશે

## ગુજરાતમાં ગાંધીજીના જન્મસ્થળે કૉંગ્રેસ મહાસભાનું સત્ર યોજાશે

બેલગાવિ (કર્ણાટક): કૉંગ્રેસે મોંઘવારી, દેશના બંધારણ પરના 'હુમલા', ભ્રષ્ટાચાર જેવા જનહિતના વિવિધ મુદ્દે ૧૩ મહિનાના આંદોલનની રૂપરેખા ગુરુવારે જાહેર કરી હતી.

ગુજરાતમાં આવેલા મહાત્મા ગાંધીજીના જન્મસ્થળે એપ્રિલમાં કૉંગ્રેસ મહાસભાનું સત્ર યોજાશે. કૉંગ્રેસ ૧૩ મહિનાના રાજકીય આંદોલન દરમિયાન પદયાત્રા સહિતના વિવિધ કાર્યક્રમનું આયોજન કરશે.

આ ઉપરાંત, કૉંગ્રેસે પક્ષના સંસ્થાકીય માળખામાં મોટા પાયે ફેરફાર કરવાની યોજના ઘડી છે. કૉંગ્રેસ કારોબારી સમિતિની ગુરુવારની બેઠકમાં બે ઠરાવ પસાર કરાયા હતા, જેમાંનો એક મહાત્મા ગાંધીજીને લગતો હતો, જ્યારે બીજો રાજકીય મુદ્દાને લગતો હતો. કૉંગ્રેસના નેતાઓએ જણાવ્યું હતું કે પક્ષમાં ૨૦૨૫માં ટોચથી બુથ સહિતના દરેક સ્તરે મોટા પાયે ફેરફાર કરાશે.

મહાત્મા ગાંધીજીએ કૉંગ્રેસનું પ્રમુખપદ બેલગામ (હાલના બેલગાવિ) ખાતે સંભાળ્યું, તેની શતાબ્દીની કૉંગ્રેસ દ્વારા ઉજવણી કરાઇ રહી છે. આ નિમિત્તે કૉંગ્રેસના અગ્રણી નેતાઓએ પદયાત્રા સહિતના વિવિધ કાર્યક્રમ યોજ્યા હતા. આ પદયાત્રામાં કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી સહિતના અનેક અગ્રણી નેતા જોડાયા હતા. (એજન્સી) ■

# વર્ષના અંતિમ વલણમાં નિરસ વેપારો વચ્ચે નિફ્ટીમાં સાધારણ બાવીસ પૉઈન્ટનો સુધારો, સેન્સેક્સમાં ટકેલું વલણ

## એફઆઈઆઈની ઈક્વિટીમાં રૂ. ૨૩૭૬.૬૭ કરોડની ચોખ્ખી વેચવાલી સામે સ્થાનિક ફંડોની રૂ. ૩૩૩૬.૧૬ કરોડની લેવાલી



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક તેમ જ આંતરરાષ્ટ્રીય સ્તરે તેજી કે મંદી માટેનાં નક્કર પરિબળોના અભાવ વચ્ચે આજે વર્તમાન વર્ષ ૨૦૨૪ના અંતિમ વલણમાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં પાંખાં કામકાજો વચ્ચે બજાર સાંકડી વધઘટે અથડાઈ ગઈ હતી, જેમાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ સાધારણ ૦.૩૯ પૉઈન્ટના ઘટાડા સાથે બંધ રહ્યો હતો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી સાધારણ ૨૨.૫૫ પૉઈન્ટના સુધારા સાથે બંધ રહ્યો હતો. આજનાં પાંખાં કામકાજોના માહોલમાં પણ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૨૫૬.૩૧ કરોડની ખરીદી સામે રૂ. ૬૬૩૨.૯૮ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૨૩૭૬.૬૭ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. અવિરત વેચવાલી જળવાઈ રહી હતી. જોકે, તેની સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૧,૫૯૨.૪૩ કરોડની ખરીદી સામે રૂ. ૮૨૫૬.૨૭ કરોડની વેચવાલી રહેતાં રૂ. ૩૩૩૬.૧૬ કરોડની ચોખ્ખી ખરીદી રહી હોવાનું એક્સચેન્જની આંકડાકીય માહિતી પરથી જાણવા મળ્યું છે.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગત મંગળવારના ૭૮,૪૭૨.૮૭ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૭૮,૫૫૭.૨૮ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૮,૧૭૩.૩૮ અને ઉપરમાં ૭૮,૮૯૮.૩૭ની રેન્જમાં રહ્યા બાદ અંતે આગલા બંધ સામે સાધારણ ૦.૩૯ પૉઈન્ટ ઘટીને ૭૮,૪૭૨.૪૮ના મથાળે બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે નેશનલ સ્ટોક એક્સચેન્જનો બૅન્ચમાર્ક નિફ્ટી આગલા ૨૩,૭૨૭.૬૫ના બંધ સામે ૨૩,૭૭૫.૮૦ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૨૩,૬૫૩.૬૦ અને ૨૩,૮૫૪.૫૦ની રેન્જમાં અથડાઈને અંતે ૨૨.૫૫ પૉઈન્ટના સુધારા સાથે ૨૩,૭૫૦.૨૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

વર્તમાન કેલેન્ડર વર્ષ ૨૦૨૪ના અંતિમ માસના વલણની એક્સપાયરીમાં આજે સ્થાનિક બજારમાં હોલિડે મૂડ જેવું વાતાવરણ રહ્યું હતું. તેમ જ સ્થાનિક અને વૈશ્વિક તેજી-મંદીલક્ષી પરિબળોના અભાવમાં બજાર સાંકડી વધઘટે અથડાઈ ગઈ હતી. તેમ છતાં આજે ઑટો શૅરમાં ઘટ્યા મથાળેથી સુધારો જોવા મળ્યો હતો. જોકે, એકંદરે એફઆઈઆઈના સતત બાહ્યપ્રવાહ, ડૉલર સામે રૂપિયામાં નરમાઈ અને આગામી વર્ષ ૨૦૨૫માં ટ્રમ્પની વેરા અને વેપારની તથા ફેડરલની નાણાનીતિની ચિંતા સપાટી પર હોવાથી બજાર સ્થગિત જેવી રહી હોવાનું જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિસીસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

આજે બીએસઈ ખાતે ૪૦૭૪ શૅરોમાં કામકાજો થયા હતા. જેમાંથી ૧૬૩૯ શૅરના ભાવ વધીને, ૨૩૨૯ શૅરના ભાવ ઘટીને અને ૧૦૬ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ ૧૫૫ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૮૦ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા. વધુમાં આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૨ શૅરના ભાવ વધીને અને ૧૭ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા, જ્યારે એકમાત્ર ટાટા સ્ટીલમાં ટકેલું વલણ રહ્યું હતું. તે જ પ્રમાણે નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી ૩૧ શૅરના ભાવ વધીને અને ૧૮ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા, જ્યારે એકમાત્ર ઈન્ફોસિસમાં ટકેલું વલણ રહ્યું હતું.

સેન્સેક્સ હેઠળના મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ ૫.૧૯ ટકાનો સુધારો અદાણી પોર્ટસમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૧.૫૭ ટકાનો, મારુતિ સુઝુકી લિ.માં ૧.૪૯ ટકાનો, સન ફાર્મામાં ૧.૩૧ ટકાનો, ભારતી એરટેલમાં ૦.૯૭ ટકાનો અને ટાટા મોટર્સમાં ૦.૬૦ ટકાનો સુધારો આવ્યો હતો. આ સિવાય મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ૧.૦૫ ટકાનો ઘટાડો ટિટાનમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે એશિયન પેઈન્ટ્સમાં એક ટકાનો, નેસ્લેમાં ૦.૭૫ ટકાનો રિલાયન્સ અને ઝોમેટોમાં ૦.૫૬ ટકાનો અને ટેક મહિન્દ્રામાં ૦.૪૪ ટકાનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે બીએસઈ ખાતે સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૨૪ ટકાનો ઘટાડો અને મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૧૧ ટકાનો સુધારો આવ્યો હતો.

બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડાઈસીસમાં આજે સર્વિસીસ ઈન્ડેક્સમાં ૧.૮૦ ટકાનો, ઑટો ઈન્ડેક્સમાં ૦.૮૧ ટકાનો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્ડેક્સમાં ૦.૭૮ ટકાનો, પાવર અને હેલ્થકૅર ઈન્ડેક્સમાં ૦.૪૫ ટકાનો, રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૦.૩૯ ટકાનો અને પીએસયુ ઈન્ડેક્સમાં ૦.૨૮ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે એફએમસી ઈન્ડેક્સમાં ૦.૩૪ ટકા, ટેલિકોમ ઈન્ડેક્સમાં ૦.૧૬ ટકાનો, મેટલ ઈન્ડેક્સમાં ૦.૧૪ ટકાનો, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ડેક્સમાં ૦.૧૨ ટકાનો અને બૅન્કેક્સમાં ૦.૦૪ ટકાનો ઘટાડો આવ્યો હતો.

આજે એશિયાની અન્ય બજારોમાં ટોકિયો અને શાંઘાઈની બજાર સુધારા સાથે બંધ રહી હતી, જ્યારે સિઉલની બજાર નરમાઈના ટોને બંધ રહી હતી. જોકે, ગઈકાલે અમેરિકાની બજાર ક્રિસમસ નિમિત્તે બંધ રહી હતી.

વધુમાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૫૩ ટકા વધીને બેરલદીઠ ૭૩.૯૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ૧૨ પૈસા તૂટીને ૮૫.૨૭ના નવાં તળિયે બંધ રહ્યો હતો.

# વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૪૬૨નો અને ચાંદીમાં ₹ ૫૨૯નો ચમકારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે સત્રના આરંભે સોના અને ચાંદીમાં રાજકીય-ભૌગોલિક ચિંતા વચ્ચે સલામતી માટેની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો વધુ ૧૨ પૈસા ગબડીને નવી નીચી સપાટીએ બંધ રહ્યો હોવાથી આયાત પડતરો વધવાને કારણે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૬૦થી ૪૬૨નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૫૨૯નો ચમકારો આવ્યો હતો.

આજે વૈશ્વિક ચાંદીમાં ધીમો સુધારો આગળ ધપ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સ્થાનિકમાં રૂપિયો નબળો પડ્યો હોવાથી આયાત પડતર વધવા ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં ભાવ કિલોદીઠ રૂ. ૫૨૯ વધીને રૂ. ૮૮,૦૪૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પાંખી રહી હતી. વધુમાં આજે સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત આયાત પડતર વધવાને કારણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૬૦ વધીને રૂ. ૭૬,૦૩૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૬૨ વધીને રૂ. ૭૬,૩૩૬ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સ્ટોકિસ્ટો, રોકાણકારો અને જ્વેલરી ઉત્પાદકોની નવી લેવાલીનો અભાવ હતો અને માત્ર રિટેલ સ્તરની છૂટીછવાઈ માગ જોવા મળી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ઈઝરાયલ અને હમાસ બન્નેએ તાજેતરમાં એકબીજા પર શાંતિ કરારને અંતિમ ઓપ આપવામાં વિલંબ કરી રહ્યાના આક્ષેપો કરતાં મધ્ય પૂર્વના દેશોમાં તણાવ યથાવત્ રહે તેવી ભીતિ હેઠળ આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં સલામતી માટેની માગને ટેકે હાજરમાં ભાવ આગલા બંધ સામે ૦.૫ ટકા વધીને ૨૬૨૭.૬૨ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૩ ટકા વધીને ૨૬૪૨.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વર્ષ ૨૦૨૪માં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં વર્ષ ૨૦૧૦ પછીનો સૌથી મોટો ૨૭ ટકાનો વધારો નોંધાયો છે. વધુમાં આજે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૦.૧ ટકા વધીને ઔંસદીઠ ૨૯.૬૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

તાજેતરમાં સોનામાં રાજકીય-ભૌગોલિક તણાવને ધ્યાનમાં લેતા સલામતી માટેની માગને ટેકે ભાવમાં સુધારો જોવા મળ્યો છે. તેમ જ સત્ર દરમિયાન ડૉલર ઈન્ડેક્સ તથા અમેરિકી ટ્રેઝરીની યિલ્ડની વધઘટ અનુસાર સોનામાં પણ વધઘટ જોવા મળી શકે છે, એમ આઈજી માર્કેટના સ્ટ્રેટેજિસ્ટ યીપ જૂન રૉન્ગે જણાવ્યું હતું. તે જ પ્રમાણે સિંગાપોર સ્થિત ગોલ્ડ સિલ્વર સેન્ટ્રલના મેનેજિંગ ડિરેક્ટર બ્રિઆન લાને જણાવ્યું હતું કે મધ્ય પૂર્વના દેશોમાં હાલ રાજકીય-ભૌગોલિક અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે અને જો તણાવમાં વધારો થશે તો સોનામાં સુધારો આગળ ધપી શકે છે, અન્યથા આ વર્ષના અંત સુધી ભાવ હાલના મથાળા આસપાસ જ અથડાતા રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

જોકે, હવે રોકાણકારોની નજર અમેરિકી ભાવી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની વેપાર અને વેરાની નીતિઓ અને ફેડરલ રિઝર્વની નીતિ પર સ્થિર થઈ છે. વધુમાં આજે ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલેન્ડ અને યુરો ઝોનની બજારો બોક્સિંગ ડેની જાહેર રજા નિમિત્તે બંધ રહ્યાના અહેવાલ હતા.

# મથકો પાછળ સિંગતેલમાં રૂ. ૨૦નો ચમકારો, આયાતી તેલમાં આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના માર્ચ વાયદામાં ૧૨ રિંગિટનો ઘટાડો આવ્યાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં આયાતી તેલમાં અને મથકો પાછળ દેશી તેલના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું, જેમાં ૧૦ કિલોદીઠ કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૪૦, સોયા રિફાઈન્ડમાં રૂ. ૩૦, સિંગતેલ અને સરસવમાં રૂ. ૨૦ અને આરબીડી પામોલિન તથા સન રિફાઈન્ડમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા.

આજે સ્થાનિકમાં મોડી સાંજે આરબીડી પામોલિનના ડાયરેક્ટ ડિલિવરી ધોરણે ૧૦ કિલોદીઠ ભાવમાં રૂચીના રૂ. ૧૩૫૦, ઈમામીના રૂ. ૧૩૪૦, ગોલ્ડન એગ્રીના રૂ. ૧૩૫૫ અને રિલાયન્સ રિટેલના રૂ. ૧૩૬૮ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૫૦, સિંગતેલના રૂ. ૧૪૯૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫ અને સરસવના રૂ. ૧૩૯૫ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૨૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૫૦ના મથાળે થયા હતા.

વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાસીડની અંદાજે ૧.૨૫ લાખ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૦૦થી ૪૪૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૩૨૫થી ૪૪૨૫માં થયા હતા. આ સિવાય આજે રાજસ્થાનના મથકો પર સરસવની અંદાજે ૭૫,૦૦૦ ગૂણીની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૪૨૫થી ૬૪૫૦માં, સરસવ એક્સપેલરના ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૨૨માં, કચ્ચી ઘાણીના રૂ. ૧૩૩૨માં અને સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૪૫૫થી ૨૪૬૦માં થયાના અહેવાલ હતા.

# ખાંડમાં ખપપૂરતા કામકાજે ટકેલું વલણ

## જાન્યુઆરીમાં મુક્ત વેચાણ માટે ૨૨.૫૦ લાખ ટન ખાંડ છૂટી કરાઈ




(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે વર્ષ ૨૦૨૪ના આખરના દિવસોમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત રિટેલ સ્તરની માગ ખપપૂરતી જળવાઈ રહેતાં હાજરમાં તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું. વધુમાં આજે મથકો પર પણ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં ટકેલું વલણ રહ્યું હોવાના અહેવાલ હતા.

દરમિયાન આજે ખાદ્યાન્ન અને જાહેર વિતરણ વિભાગે આગામી જાન્યુઆરી મહિનામાં મુક્ત વેચાણ માટે ૨૨.૫૦ લાખ ટન ખાંડનો ક્વૉટા જાહેર કર્યો હોવાના અહેવાલ હતા. જોકે, જાહેર કરવામાં આવેલ ક્વૉટા સ્થાનિક વપરાશી માગ માટે પર્યાપ્ત હોવાથી આગામી મહિનામાં ખાંડના ભાવમાં માગ અનુસાર વધઘટ જોવા મળે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે એકંદરે માગ જળવાઈ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૩૦થી ૩૬૨૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૦૨થી ૩૮૧૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૪૬૦થી ૩૫૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૩૦થી ૩૬૦૦માં ગુણત્તાનુસાર ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ચોક્કસ ધાતુઓમાં સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શાંઘાઈ ફ્યુચર એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં કોપરની અમુક વેરાઈટીઓ, લીડ ઈન્ગોટ્સ તથા ટીનમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો ધીમો સુધારો આગળ ધપ્યો હતો. જોકે, આજે માત્ર નિકલ, ઝિન્ક સ્લેબ અને બ્રાસ શીટ કટિંગ્સમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ અનુક્રમે રૂ. પાંચ, રૂ. એક અને રૂ. બેનો ઘટાડો આવ્યો હતો. તથા અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનના સત્તાવાળાઓ અર્થતંત્રને વેગ આપવા માટે આગામી વર્ષ ૨૦૨૫માં સ્પેશિયલ ટ્રેઝરી બૉન્ડ મારફતે ત્રણ ટ્રિલિયન (૪૧૧ અબજ ડૉલર)નાં પૅકેજની વિચારણા કરી રહ્યા હોવાના રોઈટર્સના અહેવાલો ઉપરાંત ડૉલર ઈન્ડેક્સમાં સાધારણ નરમાઈ રહેતાં આજે શાંઘાઈ ફ્યુચર એક્સચેન્જ ખાતે કોપરના જાન્યુઆરી વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને ટનદીઠ ૭૪,૨૨૦ યુઆન પ્રતિ ટન ક્વૉટ થઈ રહ્યા હતા.

આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ચોક્કસ ધતુઓમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું, જેમાં લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૧૮૩, કોપર કેબલ સ્ક્રેપ, કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ટીનના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૭૮૨, રૂ. ૭૭૧, રૂ. ૭૨૦ અને રૂ. ૨૫૫૦ અને કોપર સ્ક્રેપ હેવી તથા કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૭૭૫ અને રૂ. ૮૧૫ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સ્ટોકિસ્ટોની વેચવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૧૩૫૦, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૫૬૦ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૨૮૫ના મથાળે રહ્યા હતા. આ સિવાયની અન્ય તમામ ધાતુઓ જેમ કે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે રૂ. ૫૧૦, રૂ. ૧૯૩ અને રૂ. ૨૪૬ના મથાળે ટકેલા રહ્યા હતા.

# 300 મેગા વૉટ હાઈબ્રિડ પ્રોજેક્ટ માટે એકમે સોલાર હોલ્ડિંગને રૂ. ૧૯૮૮ કરોડની લોન

નવી દિલ્હીઃ એકમે સોલાર હોલ્ડિંગ્સે આજે જણાવ્યું હતું કે કંપનીને એસઈસીઆઈ લિલામ મારફતે મળેલા ૩૦૦ મેગા વૉટના હાઈબ્રિડ પ્રોજેક્ટ માટે જાહેર ક્ષેત્રની પબ્લિક ફાઈનાન્સ કોર્પોરેશન (પીએફસી) પાસેથી રૂ. ૧૯૮૮ કરોડની લોન મળી છે.

આ પ્રોજેક્ટ કુદરતી સ્રોતની ઊંચી ક્ષમતા ધરાવતા રાજસ્થાનના બિકાનેર ખાતે સોલાર ક્ષમતા વિકસાવવા માટે અને ગુજરાના ભૂજ ખાતેના વિન્ડ સાઈટનો સમાવેશ થતો હોવાનું કંપનીએ યાદીમાં ઉમેર્યું હતું.

નોંધનીય બાબત એ છે કે એકમે સોલાર હોલ્ડિંગની સબસિડિયરી એકમે રિન્યુટેક પ્રા. લિ.ને સફળતાપૂર્વક પબ્લિક ફાઈનાન્સ કોર્પોરેશન તરફથી રૂ. ૧૯૮૮ કરોડની લોન મળી છે. જેનો ઉપયોગ ૩૦૦ મેગા વૉટ સોલાર-વિન્ડ હાઈબ્રિડ એનર્જી પ્રોજેક્ટના વિકાસ અને બાંધકામ માટે થશે.

વધુમાં કંપનીએ જણાવ્યું હતું કે પ્રોજેક્ટમાં ગ્રીડ કનેક્ટિવિટી માટે એનટીપીસી સાથે પાવર પર્ચેઝ એગ્રીમેન્ટ અગાઉ જ કરવામાં આવ્યા છે. તેમ જ સોલાર ક્ષમતા માટે જમીનની પ્રાપ્તિ પણ થઈ ગઈ હોવાનું કંપનીએ યાદીમાં ઉમેર્યું હતું.

# વર્ષ ૨૦૨૪માં દેશનાં સાત શહેરોમાં ઘરના વેચાણના મૂલ્યમાં ૧૬ ટકાનો વધારો, પ્રમાણમાં ચાર ટકાનો ઘટાડો

નવી દિલ્હીઃ વર્તમાન કૅલેન્ડર વર્ષ ૨૦૨૪માં દેશનાં સાત પ્રમુખ શહેરોમાં ઘરના વેચાણના પ્રમાણમાં ચાર ટકાનો ઘટાડો થયો છે અને ૪.૬ લાખ ઘરનું વેચાણ થયું છે, પરંતુ મૂલ્યની દૃષ્ટિએ વેચાણ ૧૬ ટકા વધીને રૂ. ૫.૬૮ લાખ કરોડની સપાટીએ રહ્યું હોવાનું એનારોકે એક અહેવાલમાં જણાવ્યું છે.

એકંદરે વર્ષ ૨૦૨૪માં દેશનાં સાત શહેરોમાં ઘરના વેચાણ ભાવમાં ખાસ કરીને જમીન, શ્રમિકોના વેતન અને બાંધકામના કાચા માલના ભાવમાં વધારો થવાને કારણે સરેરાશ ૨૧ ટકાની વૃદ્ધિ જોવા મળી છે. દેશની અગ્રણી બ્રોકરેજ ફર્મ એનારોકના મતાનુસાર આ વર્ષે ઘરોના વેચાણની સંખ્યામાં ઘટાડો થવાના મુખ્ય કારણમાં લોકસભાની ચૂંટણી અને નિયમનકારી મંજૂરીઓ મેળવવામાં વિલંબ થવાથી નવાં પ્રોજેક્ટો વિલંબનો સમાવેશ થાય છે. તેમ છતાં ઘરના ભાવમાં વધારો થવાને કારણે મૂલ્યની દૃષ્ટિએ વેચાણમાં વૃદ્ધિ જોવા મળી છે.

એનારોક દ્વારા આજે જાહેર કરવામાં આવેલી હાઉસિંગ માર્કેટની આંકડાકીય માહિતી અનુસાર દેશનાં સાત મુખ્ય શહેરોમાં ઘરના વેચાણની સંખ્યા વર્ષ ૨૦૨૩ના ૪,૭૬,૫૩૦ યુનિટ સામે ચાર ટકા ઘટીને ૪,૫૯,૬૫૦ યુનિટના સ્તરે રહી છે. જોકે, તેનું વેચાણ મૂલ્ય વર્ષ ૨૦૨૩ના રૂ. ૪.૮૮ લાખ કરોડ સામે ૧૬ ટકા વધીને રૂ. ૫.૬૮ લાખ કરોડના સ્તરે રહ્યું છે. તેમ જ નવી હાઉસિંગ પ્રોપર્ટીની સંખ્યા પણ ગત વર્ષ ૨૦૨૩ના ૪,૪૫,૭૭૦ યુનિટ સામે સાત ટકા ઘટીને ૪,૧૨,૫૨૦ યુનિટના સ્તરે રહી હતી.

ઉક્ત આંકડાનું વિશ્લેષણ કરતાં કંપનીના ચેરમેન અનુજ પુરીએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૪ ભારતીય હાઉસિંગ ક્ષેત્ર માટે મિશ્ર પુરવાર થયું હતું. ખાસ કરીને લોકસભાની ચૂંટણીને કારણે પ્રોજેક્ટોની મંજૂરીઓમાં વિલંબ થતાં એકંદરે તેની માઠી અસર ઘરની પુરવઠા સ્થિતિ પર પડી હતી. જોકે, પ્રમાણની દૃષ્ટિએ જોવા મળેલો ચાર ટકાનો ઘટાડો ઘરના સરેરાશ ભાવ વધી આવતા મૂલ્યની દૃષ્ટિએ જોવા મળેલા ૧૬ ટકાના ઘટાડાએ સરભર થયો હોવાનું તેમણે ઉમેર્યું હતું. નોંધનીય બાબત એ છે કે વર્ષ ૨૦૨૪માં દેશનાં સાત શહેરોમાં ઘરના મૂલ્યમાં સરેરાશ ૨૧ ટકા જેટલો વધારો થયો છે.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર વર્ષ ૨૦૨૪માં દિલ્હી-એનસીઆર ખાતે ઘરના વેચાણની સંખ્યા છ ટકા ઘટીને ૬૧,૯૦૦ યુનિટ (૬૫,૬૨૫ યુનિટ), મુંબઈ મેટ્રોપોલિટિયન રિજિયનમાં સંખ્યા સાધારણ એક ટકો વધીને ૧,૫૫,૩૩૫ યુનિટ (૧,૫૩,૮૭૦ યુનિટ), બેંગાલુરુ ખાતે વેચાણની સંખ્યા બે ટકા વધીને ૬૫,૨૩૦ યુનિટ (૬૩,૯૮૦ યુનિટ), પુણે ખાતે વેચાણની સંખ્યા છ ટકા ઘટીને ૮૧,૦૯૦ યુનિટ (૮૬,૬૮૦ યુનિટ), હૈદરાબાદ ખાતે વેચાણની સંખ્યા પાંચ ટકા ઘટીને ૫૮,૫૪૦ યુનિટ (૬૧,૭૧૫ યુનિટ), ચેન્નાઈ ખાતે વેચાણની સંખ્યા ૧૧ ટકા ઘટીને ૧૯,૨૨૦ યુનિટ (૨૧,૬૩૦ યુનિટ) અને કોલકાતા ખાતે ઘરના વેચાણની સંખ્યા ૨૦ ટકાના ઘટાડા સાથે ૧૮,૩૩૫ યુનિટ (૨૩,૦૩૦ યુનિટ)ની સપાટીએ રહી હોવાનું યાદીમાં ઉમેર્યું છે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અંજારની ટપ્પર ડેમ સાઈટ આસપાસના વિસ્તારમાંથી વાનરના દોઢ કરોડ વર્ષથી જૂના જીવાશ્મિ મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના અંજાર તાલુકાના ટપ્પર પાસે આવેલા ટપ્પર બંધ આસપાસના વિસ્તારમાંથી દોઢ કરોડ વર્ષથી જૂના વાનરના જીવાશ્મિ મળતાં હવે સમગ્ર કચ્છને જિયોલોજિકલ હેરિટેજ તરીકે જાહેર કરવો જરૂરી બન્યું છે તેમ એક બિનનિવાસી કચ્છી સંશોધક ડૉ. હિરજી ભુડિયાએ જણાવ્યું હતું. આ અશ્મિની ખોજ પણ ડૉ. ભુડિયાએ કરી હોવાનું જાણવા મળે છે.



(તસવીરઃ ઉત્સવ વૈદ્ય)

ડૉ. ભુડિયાના જણાવ્યા પ્રમાણે આ અશ્મિમાં થાપા, ખભા, હાથ અને પગનાં હાડકાંનો સમાવેશ થાય છે. આ વાનર જીવાશ્મિ 'માયોસિન' યુગના શિવાલિક પિથેક્સ એટલે ગ્રીક ભાષામાં તેનો અર્થ થાય છે વાનર તરીકે ઓળખવામાં આવે છે.

૧૯મી સદીમાં સૌપ્રથમ હિમાલયન પર્વતમાળામાંથી વાનરના અશ્મિ મળ્યા હતા.

ડૉ. ભુડિયાના જણાવ્યા પ્રમાણે આજથી અગિયાર વર્ષ પહેલાં આજ ટપ્પર ડેમની આસપાસના વિસ્તારમાંથી વાનરના દાંતનો જીવાશ્મિ મળ્યો હતો. આ જીવાશ્મિ જોયા બાદ તેમણે ટપ્પર રેન્જમાં જઈને વધુ શોધખોળ કરવા નક્કી કર્યું હતું અને લાંબી મહેનત બાદ આ જીવાશ્મિ શોધવામાં તેમને સફળતા મળી છે અને આ સંદર્ભે તેઓ વધુ સંશોધન કરી રહ્યા છે.

દરમ્યાન, કરોડો વર્ષ જૂનાં વાનરોના જીવાશ્મિ અંગે વિશ્વના પેલિઓન્ટોલોજીસ્ટમાં પ્રવર્તતી જુદી-જુદી થિયરી અંગે ડૉ. ભુડિયાએ જણાવ્યું હતું કે, ઉત્ક્રાંતિ પ્રમાણે વાનરોની પ્રજાતિમાંથી માનવ સર્જાયેલો છે. જોકે, આ વાનરો માનવોના પૂર્વજ વાનરોથી થોડા અલગ હતા. અન્ય કેટલાક પેલિઓન્ટોલોજીસ્ટ શિવાલીક પીથેકસને વર્તમાન ઊરાંગ ઊટાંગ અને ગોરિલાના પૂર્વજ માને છે.

થોડા સમય અગાઉ પ્રસિદ્ધ માતાના મઢ પાસે જીએમડીસીની ખાણ પાસેથી મળેલા વિષ્ણુ પુરાણમાં જેનો ઉલ્લેખ છે એ વાસુકિ નાગના અશ્મિઓએ પણ દુનિયાભરમાં ખૂબ ચર્ચા જગાવી હતી.

મૂળ માધાપરના અને લંડનમાં સ્થાયી થયેલા ડૉ.ભુડિયા વર્ષો પહેલાં ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલમાં સુપરિન્ટેન્ડેન્ટ તરીકે સેવા આપી ચૂકેલા છે. ■



**રાજકોટમાં ધુમ્મસ છવાઈ જતાં વાદળિયું વાતાવરણ સર્જાયુંઃ** ગુજરાતમાં વાતાવરણમાં પલટો આવવાથી અનેક વિસ્તારોમાં ધુમ્મસ છવાઈ ગયું હતું. રાજકોટમાં પણ વહેલી સવારથી ધુમ્મસ છવાઈ જતાં વાદળિયું વાતાવરણ સર્જાયું હતું. ધુમ્મસને કારણે વિઝિબિલિટી ઘટી જતાં વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. હાલમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ જળવાઈ રહ્યું છે, જેથી આગામી બેથી ત્રણ દિવસ દરમિયાન ઠંડીનું જોર ઓછું રહેશે. (તસવીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

# કચ્છમાં શીતલહેરથી લોકો ઠૂંઠવાયાઃ નલિયા ૮.૨ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે રાજયનું સૌથી ઠંડું મથક બન્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ૨૦૨૪ની વિદાયના કાઉન્ટડાઉન વચ્ચે સમગ્ર રાજ્યની સાથે કચ્છમાં માવઠાની વકી વચ્ચે વધી ગયેલા ઠારથી જનજીવન પ્રભાવિત થઇ રહ્યું છે. નલિયા ગુરુવારે ૮.૩ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે રાજ્યમાં પ્રથમ નંબરનું સૌથી ઠંડું મથક બન્યું હતું. કચ્છ જાણે હિમાચલ પ્રદેશ બન્યું હોય તેમ દિવસભર ધુમ્મ્સનું આવરણ જોવા મળ્યું હતું.

ઠંડીના વધી રહેલા પ્રમાણનું કારણ સતત ઘટી રહેલું તાપમાન હોવાનું જાણવા મળે છે. દિલ્હીની જેમ કચ્છમાં પણ રેકોર્ડ બ્રેક ઠંડી ભરબપોરે અનુભવાઈ રહી છે. ગુરુવારે દિવસ દરમ્યાન લગભગ નલિયાની સમકક્ષ ૧૦ ડિગ્રી સાથે ઠરેલા ભુજ શહેર ખાતે વધુમાં વધુ તાપમાન ૨૪ ડિગ્રી સે.જેટલું ઓછું રહેવા પામ્યું હતું જે સામાન્ય કરતાં પાંચ ડિગ્રી જેટલું નીચું હતું. તેનો અર્થ એ થયો કે ભરબપોરે ભુજનું મહત્તમ તાપમાન જો સામાન્ય હોય તો ૩૦ ડિગ્રી સે.જેટલું રહેવા પામે. તેને બદલે તે માત્ર ૨૪ ડિગ્રી સે.જેટલું નોંધાતાં ઠંડીએ સપાટો બોલાવી દીધો હતો.

કચ્છમાં છેલ્લા ચાર દિવસથી મહત્તમ તાપમાન પણ ડિગ્રી સે.થી ૨૨થી ૨૫ ડિગ્રી સે.જેટલું નોંધાઈ રહ્યું છે જે એક રેકોર્ડ બ્રેક બાબત છે. મહત્તમ તાપમાન નીચું રહેતાં કચ્છમાં આખો દિવસ ઠંડી પડે છે અને ભરબપોરે પણ હાથ મોજાં સહિતનાં ગરમ વસ્ત્રોમાં લોકોને લપેટાઈ રહેવું પડી રહ્યું છે.

આ વર્ષે મોડી આવેલી ઠંડી એટલી તીવ્ર બની રહી છે કે, કચ્છનાં શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં ફેરિયાઓ ધાબળા-સ્વેટર, ટોપી અને મફલર જેવાં ગરમ વસ્ત્રોના વેચાણ કરી રહ્યા છે. ફૂટપાટ પર આવા સમયે સામાન્ય રીતે પતંગની દોરને માંજો પિવડાવવાવાળા ફેરિયાઓ દેખાતા હોય છે, પણ તેને બદલે આ વર્ષે ગરમ વસ્ત્રોના ઢગલા જોવા મળી રહ્યા છે. ■

# નાતાલની રજાઓમાં કચ્છનાં જોવાલાયક સ્થળો પર પ્રવાસીઓનું ઘોડાપૂરઃ મોટા ભાગની હોટલો હાઉસફૂલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ હાડ થીજવતી ઠંડી વચ્ચે કચ્છમાં નાતાલ અને થર્ટી ફર્સ્ટ મનાવવા માટે દેશ-વિદેશના પ્રવાસીઓ ધોરડોના શ્વેત રણમાં ચાલી રહેલા રણોત્સવ સહિતનાં જોવાલાયક પર્યટનસ્થળો પર મોટી સંખ્યામાં ઊમટી પડ્યા છે. મોટા ભાગની હોટલ, રિસોર્ટ, ટેન્ટ્સ હાઉસફુલ થઈ ગયાં છે.જગપ્રસિદ્ધ વૈશ્વિક વિરાસત ધોળાવીરામાં પણ ટેન્ટસિટી સહિતની વ્યવસ્થાના કારણે પ્રવાસનની આખી સર્કિટ ઊભી થઈ ગઈ છે.



(તસવીરઃ ઉત્સવ વૈદ્ય)

દર વખતે નાતાલ પર્વની રજાઓમાં સહેલાણીઓ ઊમટી પડે છે અને નવા વર્ષની ઉજવણી કચ્છનાં રણમાં કરવા સાથે ઉત્તરાયણ સુધી પ્રવાસનની પીક રહે છે. પ્રવાસીઓના ભારે ધસારાને પગલે ટ્રેન, વિમાન અને બસ સેવામાં પણ બુકિંગ ફૂલ થયું છે. આ સાથે ટેક્સી સંચાલકોની બીજી વાર દિવાળી આવી છે. રણોત્સવને લઈને અંદાજિત ૧.૨૮ લાખ પરમિટ ઇસ્યૂ કરનારા તંત્રને પણ એક કરોડથી વધુની આવક થઈ છે. અલબત્ત વિદેશી પ્રવાસીઓની સંખ્યા નોંધપાત્ર ઘટી છે અને માત્ર ૨૬૪ જેટલા વિદેશી પર્યટક નોંધાયા છે.

કચ્છમાં જોવાલાયક સ્થળોએ તેમ જ જાહેર માર્ગો પર પણ પ્રવાસીઓનાં ટોળાં અને ટુરિસ્ટ બસોની દોડધામ જોવા મળી રહી છે. હેન્ડીક્રાફ્ટની દુકાનો,કચ્છની પરંપરાગત મીઠાઈ વહેચતી દુકાનો પર પર્યટકો છૂટથી ખરીદી કરતાં જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત કચ્છી ભાણાં બનાવતી હોટલ-રેસ્ટોરન્ટો પણ ફૂલ જોવા મળી રહી છે. ભુજમાં કમોસમી માવઠાંની આગાહી વચ્ચે લઘુતમ તાપમાન ૧૦ ડીગ્રી સે.થઇ ગયું હોવા છતાં વહેલી સવારથી જ પર્યટકો ભુજના જુદા જુદા વિસ્તારોમાં ઘૂમતા જોવા મળ્યા હતા અને જ્યાં કચ્છનો દરબાર ભરાતો તે દરબારગઢમાં આવેલા પ્રાગમહેલ સંકુલમાં દિવસભર પર્યટકોનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. ■

# ભાવનગરમાં ઝીરો વિઝિબિલિટીના કારણે પુનાથી આવેલી ફ્લાઈટ લૅન્ડ નહીં થતાં અમદાવાદ ડાયવર્ટ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગરમાં ગુરૂવારે સવારે ગાઢ ધુમ્મસ છવાયું હતું અને લગભગ બપોર સુધી આ પરિસ્થિતિ રહી હતી. તેના કારણે હાઇવે પર વાહન ચાલકોને હેડ લાઈટ ચાલુ રાખી વાહન ચલાવવાની ફરજ પડી હતી. ભાવનગર ઍરપૉર્ટ પર વિમાનીસેવામાં વિક્ષેપ સર્જાયો હતો. પુનાથી ભાવનગર આવેલી ફ્લાઈટ ઝીરો વિઝિબિલિટીના કારણે ભાવનગર ઍરપૉર્ટ પર ઊતરી શકી ન હતી.

પાઇલટ દ્વારા ફ્લાઈટને હોલ્ટ પર રાખી ભાવનગરના આકાશમાં ચક્કર લગાવવામાં આવ્યા હતા. જો વાતાવરણ સુધરે તો ફ્લાઇટને લૅન્ડ કરાવી શકાય, પરંતુ વાતાવરણમાં યોગ્ય સુધારો નહિ જણાતાં ભાવનગરમાં પ્લેનનું લૅન્ડિંગ જોખમી જણાતાં આખરે અમદાવાદ ઍરપૉર્ટ પર ફ્લાઈટ ડાયવર્ટ કરાઈ હતી. આ કારણે ભાવનગરથી મુંબઈની સવારની ફ્લાઈટ રદ રહી હતી.

પુનાથી ભાવનગર માટે સ્પાઈસ જેટનું ૮૦ સીટર પ્લેને તેના નિયત સમયે ભાવનગર આવવા ઉડાન ભરી હતી. ગુરૂવારે સવારે ૮:૫૫ કલાકે ફ્લાઇટનો લેન્ડિંગ ટાઈમ હતો, પરંતુ ભાવનગરના આકાશમાં સવારના સુમારે ગાઢ ધુમ્મસ છવાયેલ હોવાથી પાઇલટને ફ્લાઈટના લૅન્ડિંગમાં વિઝિબિલિટીની સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. આ કારણે હોલ્ટ કરવા માટે ફ્લાઈટને ઍરપૉર્ટ પર જ આકાશમાં થોડી વાર માટે ચક્કર લગાવવામાં આવ્યા હતા, પરંતુ સ્થિતિમાં ખાસ કોઈ સુધારો નહીં જણાતાં આખરે અમદાવાદ ઍરપૉર્ટ પર ફ્લાઈટ ડાયવર્ટ કરાઈ હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

પુનાની ફ્લાઈટ ભાવનગર લૅન્ડ નહિ થઈ શકતાં ભાવનગર મુંબઈની ફ્લાઈટ પણ રદ થઈ હોવાનું જાણવા મળ્યું હતું. પુનાથી ભાવનગર આવેલી ફ્લાઇટ અમદાવાદ ડાયવર્ટ કરાઇ હતી અને ભાવનગરથી મુંબઈની સવારની ફ્લાઈટે હજુ સુધી ઉડાન ભરી નહોતી, આ કારણે પુનાથી ભાવનગર આવવા નીકળેલા હવાઈયાત્રીઓને અમદાવાદ ઊતરવું પડ્યું હતું. ■

# ભચાઉના આધોઇ અને લાકડિયા નજીક સર્જાયેલા માર્ગ અકસ્માતના બે બનાવોમાં બે યુવાનોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પૂર્વ કચ્છમાં માર્ગ અકસ્માતના બનેલા બે બનાવોમાં બે યુવાનોનાં અકાળે મોત નીપજતાં પંથકમાં ગમગીની પ્રસરી જવા પામી હતી.

ભચાઉના આધોઇ નજીક બનેલા હિટ એન્ડ રનના બનાવમાં રવિ મનસુખ નૈયા નામના મોટરસાઇકલ ચાલકનું મોત થયું હતું, જયારે ભચાઉ-લાકડિયા માર્ગ પરની આર.ટી.ઓ. ચેકપોસ્ટ નજીક મોટરસાઇકલ સ્લીપ થતાં વિક્રમ રામા કોળી નામના યુવાને જીવ ખોયો હતો.

પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, આધોઇ સેક્ટર-૪ ખાતે રહેનાર રવિ નામનો યુવાન ગત સવારે તેના મોટરસાઇકલ પર સામખિયાળી જઇ રહ્યો હતો તે દરમ્યાન આધોઇના બૈરાપરબ નજીક કોઈ અજાણ્યા વાહને તેના દ્વિચક્રીને હડફેટમાં લેતાં રવિનું ગંભીર પ્રકારની ઇજાઓ પહોંચતાં બનાવ સ્થળે કમકમાટીભર્યું મોત થયું હતું. હિટ એન્ડ રનના આ બનાવ અંગે મનસુખ મેરાભાઇ નૈયાએ અજ્ઞાત વાહન ચાલક વિરુદ્ધ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. બીજી તરફ, લાકડિયામાં રહેનાર વિક્રમ કોળી અને કમલેશ નામના યુવાનો ભચાઉથી પરત આવી રહ્યા હતા, ત્યારે આર.ટી.ઓ. ચેકપોસ્ટ નજીક રસ્તાની વચ્ચે આવી ગયેલા શ્વાનને બચાવવા જતાં મોટરસાઇકલ બેકાબૂ બની હતી. આ દરમ્યાન રસ્તા પર પટકાયેલા વિક્રમ પરથી પાછળથી આવતી અજાણી ટ્રક ફરી વળતાં તેનું કચડાઈ જવાથી તત્કાળ મોત નીપજ્યું હતું. ઘટના અંગે ભરત રામા કોળીએ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ■

# ભાવનગર નજીક કપાસના પાકની આડમાં છુપાપેલ વિદેશી દારૂ સાથે એક શખસ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાના પરવડી ગામની સીમમાં આવેલ વાડીમાં દરોડો પાડી એલસીબી પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની મોટી ૩૭૨ બોટલ સાથે એક શખસની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.



(તસવીરઃ વિપુલ હિરાણી, ભાવનગર)

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ ગારીયાધાર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, પરવડી ગામની સીમમાં આવેલ બાબુભાઈ મકાભાઈ ખેનીની વાડીમાં ભાગીયા તરીકે કામ કરતા બે ઈસમો વિદેશી દારૂનો જથ્થો ઉતારી તેનું વેચાણ કરે છે. આ બાતમીના આધારે એલસીબી પોલીસે વાડીમાં દરોડો પાડી કપાસના પાકમાં છુપાવેલ ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની મોટી ૩૭૨ બોટલ, કિં.રૂ.૪૩,૯૨૦/- સાથે દિનેશ ડૂભીલને ઝડપી લીધો હતો. વિદેશી દારૂ સાથે ઝડપાયેલા ઇસમની પૂછપરછ કરતાં વિદેશી દારૂનો આ જથ્થો રેમત કેમાભાઈ ડૂભીલે મગાવેલો હોવાનું જણાવતાં એલસીબી પોલીસે બંને ઇસમો વિરુદ્ધ ગારીયાધાર પોલીસ મથકમાં પ્રોહિબિશનની કલમ હેઠળ ગુનો દાખલ કરાવી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. ■

# ભાવનગર નજીક ત્રાપજ અકસ્માતમાં ઈજાગ્રસ્ત વધુ એક બાળકીનું મોત થતાં મૃત્યુઆંક વધીને સાત થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગર નજીક ત્રાપજ ગામના ઓવરબ્રિજ પાસે એક અઠવાડિયા પહેલાં રોડ પર પાર્ક થયેલા ડમ્પર સાથે લક્ઝરી બસ અથડાતાં જે તે સમયે છ પ્રવાસીઓનાં મોત થયાં હતાં. જ્યારે ૧૭થી વધુ લોકોને ઇજા પહોંચી હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલી છ વર્ષની બાળકી રીના બારૈયાનું સારવાર દરમિયાન મોત થયું હતું. આમ ત્રાપજના ગમખ્વાર અકસ્માતમાં મૃત્યુઆંક સાત થયો હતો.

ભાવનગર નજીક ત્રાપજ ગામના ઓવર બ્રિજ પાસે રેતી ભરેલું ડમ્પર બંધ થઈ જતાં તેના ડ્રાઇવરે ડમ્પર રોડ પર જ પાર્ક કરી દીધું હતું અને તે ઘરે જતો રહ્યો હતો જ્યારે સવારે છ વાગે સુરતથી ઉના તરફ જઇ રહેલી એપલ ટ્રાવેલ્સની લક્ઝરી આ બંધ ડમ્પર સાથે અથડાતાં બસમાં મુસાફરી કરી રહેલા છ પ્રવાસીઓનાં મોત થયાં હતાં.

ઈજાગ્રસ્તોને સારવાર માટે સર ટી હૉસ્પિટલમાં દાખલ કરાયેલા જેમાં ગંભીર રીતે ઘવાયેલી રીના બારૈયા નામની છ વર્ષની માસૂમ બાળકીની છેલ્લા છ દિવસથી સારવાર ચાલી રહી હતી. તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. આ અકસ્માતમાં મૃત્યુ આંક વધીને સાત થયો છે. ■

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં નાગરિકોની રજૂઆતો સાંભળી તેનું નિરાકરણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર ખાતે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ રાજ્ય સ્વાગત ઑનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમમાં નાગરિકોની રજૂઆતો પ્રત્યક્ષ સાંભળીને તેનું સ્થળ પર નિવારણ લાવ્યા હતા.

રાજ્ય સ્વાગતમાં વિવિધ વિભાગોની ૭૩ જેટલી રજૂઆતો આવી હતી તેમાંથી ૬૦ રજૂઆતો વિભાગોના વરિષ્ઠ અધિકારીઓએ સાંભળીને નિવારણની દિશામાં યોગ્ય કાર્યવાહી હાથ ધરી હતી. જે ૧૩ રજૂઆતો મુખ્ય પ્રધાન સમક્ષ આવી હતી તેમાં પણ સંબંધિત વિભાગના વરિષ્ઠ સચિવો, ખાતાના વડાઓ, જિલ્લા અને તાલુકાના વહીવટી તંત્રના અધિકારીઓ સાથે વીડિયો કૉન્ફરન્સ દ્વારા ચર્ચા પરામર્શ કરીને આ રજૂઆતોનું નિવારણ લાવવામાં આવ્યું હતું.

દર મહિનાના ચોથા ગુરુવારે યોજવામાં આવતા સ્વાગત ઑનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત આ ગુરુવાર તા. ૨૬ ડિસેમ્બરે મુખ્ય પ્રધાન સમક્ષ જે રજૂઆતો આવી હતી તેમાં મહેસૂલ, પંચાયત, પોલીસ, શહેરી વિકાસ, શિક્ષણ, સહકાર જેવા વિભાગોનો સમાવેશ થયો હતો. પ્રજાજનોની સમસ્યા કે રજૂઆતોને તાત્કાલિક ધ્યાને લઈ તેના નિવારણ માટે પ્રો-એક્ટિવ એપ્રોચ અપનાવવા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સૂચન કર્યું હતું.

તેમણે રાજકોટ-અમદાવાદ સિક્સ લેન યોજનાની સમીક્ષા પણ કરી હતી અને મહેસૂલ, માર્ગમકાન તથા ગૃહ વિભાગને બાકીની કામગીરી ત્વરાએ પૂર્ણ કરવાના નિર્દેશ આપ્યા હતા. ■

# મુંદરામાં કાતિલ ઠંડીમાં સક્રિય થયેલા તસ્કરોએ ત્રણ બંધ મકાનોમાંથી ત્રણ લાખની મતાની ચોરી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં પડી રહેલી કાતિલ ઠંડી વચ્ચે સક્રિય બનેલા તસ્કરોએ બંદરીય મુંદરા શહેર પર જાણે સામૂહિક આક્રમણ કર્યું હોય તેમ અલગ-અલગ વિસ્તારોમાં આવેલાં ત્રણ મકાનોમાંથી કુલ ૩,૧૧,૩૩૭ની માલમતાની ચોરી કરી જતાં રહેવાસીઓમાં ભય ફેલાયો હતો.

યોગેશ્વરનગર ખાતે આવેલા મકાન નં.૩૧માં થયેલી ઘરફોડ અંગે મૂળ જૂનાગઢના હાલે અહીં રહેતા રોહિત કેશવ વાઘેલાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત ૨૧થી ૨૩મી ડિસેમ્બર દરમિયાન બંધ રહેલા તેમના ઘરમાં પ્રવેશ કરનારા તસ્કરોએ લોકરમાં રહેલું સોનાનું પેંડલ, વીંટી, ચેઈન, લક્કી વીંટી તેમ જ રોકડા રૂપિયા ૨૫ હજાર અને ગલ્લામાંથી ૫ હજારની પરચૂરણ મળી ૧,૮૫,૮૩૭ની મતા ચોરી હતી. પરિવાર આવ્યો ત્યારે ઘરમાં સામાન વેરવિખેર જોઈ ચોંકી ઊઠ્યો હતો અને ગણતરી કર્યા બાદ ફરિયાદ દાખલ કરી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

બીજી તરફ, મુંદરાના ઉમિયા નગરમાં રહેતા સુરેશ દેવા પટેલે અત્રેના પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ ગત ૨૧-૨૨ તારીખ સુધી તેમના મકાન તેમ જ પાડોશની સુંદરમ સોસાયટીમાં આવેલાં મકાનોનાં તાળાં તોડનારા તસ્કરોએ ૬૫૦૦૦ રૂપિયાની ૨૦૦ ગ્રામ સોનાની એક મગમાળા તથા રોકડ રૂ. ૮૦૦૦ અને પડોશીના ઘરમાંથી ચાંદીના ઘરેણાં અને બે મોબાઈલ ફોન સહિત બન્ને ઘરોમાંથી કુલ રૂ.૮૭,૫૦૦ની મતાની ચોરી થઇ હતી.

મુંદરા પોલીસે અજાણ્યા તસ્કરોનું પગેરું મેળવવા કવાયત હાથ ધરી છે. ઘરફોડ ચોરીના મોટા ભાગના ગુનામાં આરોપીઓ પકડાતા નથી. જે રીતે જિલ્લામાં ચોરીના બનાવો વધી રહ્યા છે તે જોતાં અનડિટેકટ ચોરીના ગુના શોધવા માટે સ્પેશિયલ ડ્રાઈવ યોજવાની તાતી જરૂરિયાત હોવાનું નાગરિકો જણાવી રહ્યા છે. ■

# જૂનાગઢમાં પતિના આપઘાતના ૪૮ કલાકમાં જ પત્નીએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢમાં પતિ-પત્ની વચ્ચે થયેલી માથાકૂટ બાદ પતિને લાગી આવતાં આપઘાત કર્યો હતો. પતિની ઉત્તરક્રિયા અને સગાઈની એનિવર્સરીના દિવસે જ પત્નીએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી દેતાં પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા.

પ્રાપ્ત વિગત પ્રમાણે, જૂનાગઢમાં રહેતા એક પુરુષનાં લગ્ન ૧૮ વર્ષ પહેલાં થયાં હતાં. તેને સંતાનમાં ૧૬ વર્ષની દીકરી અને ૧૧ વર્ષનો દીકરો છે.

દંપતીમાં નાની નાની વાતોમાં ઝઘડો થતો હતો. ૨૩ ડિસેમ્બરે પતિએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી દીધું હતું. બે દિવસ બાદ તેની ઉત્તરક્રિયાના દિવસે જ પત્નીએ પણ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. મૃતકના પરિવારજનોએ કહ્યું, ઘરકંકાસમાં એક હસતોરમતો પરિવાર વિખેરાઈ જતાં બે બાળકો નોંધારાં બન્યાં હતાં. ■